પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક સ્વ. આચાર્યદેવ ૧૦૦૮.



શ્રીમાન્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા ગ્રંથાંક ૫૬

શાસનપ્રભાવક, પ્રતિભાશાલી આચાર્ય શ્રી,

# વિજયમોહનસૂરીશ્વરજી-

# जीवन सौरभ

[ આ પુસ્તિકામાં અન્યત્ર પ્રગટ થયેલી જીવન અને કવન અંગેની નોંધોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ]

-: આર્થિક ઉપદેશક અને પ્રેરક :-

પરમપૂજ્ય વિદ્વદ્વર્ય આચાર્ય મહારાજ શ્રી **વિજય-પ્રતાપસૂરીશ્વરજી**ના શિષ્ય રત્ન શાન્તમૂર્તિ પૂજ્ય પંન્યાસજી શ્રીમાન્ **માણેકવિજયજી** ગણિ.

: પ્રકાશક :

**શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા.**
રાવપુરા. મહાજન ગલી. **વડોદરા.**

વિ. સં. ૨૦૧૨ ] આવૃત્તિ ૧ લી [ નકલ ૧૦૦૦

મુદ્રક :— કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ—પાલીતાણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## :: સ * મ * ર્પ * ણ ::

પૂજ્યપાદ્ શાંતતપોમૂર્તિ શાસ્ત્રવિશારદ શાસનદીપક, સચ્ચારિત્ર ચૂડામણિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રતાપસૂરી-શ્વરજી** મહારાજ શ્રીની પવિત્ર સેવામાં.

**આપશ્રીએ** સંયમ રત્નનું પ્રદાન કરી મારા ઉપર **જે** મહદ્ ઉપકાર કર્યો છે, એથી આપશ્રીના કર કમલમાં આ નાનીશી પુસ્તિકા સવિનય વંદનાપૂર્વક સમર્પણ કરૂં છું.

: સેવક :

**માણેકવિજય**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્ય પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્
વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર.



:: સચ્ચારિત્રચૂડામણિ ::

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## :: આભાર દર્શન ::

પૂજ્ય પ્રાતઃસ્મરણીય શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર સચ્ચારિત્ર ચૂડામણી પૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજય**પ્રતાપસૂરીશ્વરજી** મહારાજના શિષ્ય શાંતમૂર્તિ પંન્યાસ શ્રી **માણેકવિજયજી** ગણિવરના સદ્ઉપદેશથી નીચેના સદ્ગૃહસ્થો તરફથી આ પુસ્તકમાં મદદ મળી છે.

| | |
|---|---|
| ૧૨૫–૦–૦ | જાવાલ ( મારવાડ ) જૈન સંઘ |
| ૧૦૧–૦–૦ | શાહ પીતાંમ્બરદાસ દેવચંદ ( ભાલકવાલા ) સોલાપુર — |
| ૫૧–૦–૦ | નરસીંગપુર ( સી. પી. ) જૈન સંઘ |
| ૫૧–૦–૦ | સોલાપુર ( દક્ષિણ ) જૈન સંઘ |
| ૫૧–૦–૦ | રાયસાહેબ લક્ષ્મીચંદજી સુચન્તિ પાવાપુરી તીર્થના મેનેજર બિહાર સરીફ ( પટના ) |
| ૪૧–૦–૦ | બાબુસાહેબ કેસરીચંદજી સુચન્તિ બિહાર સરીફ ( પટના ) |
| ૨૧–૦–૦ | ભાલકવાળા શાહ બબલદાસ ફતેહચંદના પુન્યાર્થે તેમના સુપુત્ર શાહ અંબાલાલ બબલદાસ (મામલતદાર) વાઘોડીઆ (વડોદરા) |

આ પુસ્તકમાં દ્રવ્ય સહાય કરવા બદલ દરેકના અમે આભારી છીએ.

:: પ્રકાશક ::

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# : ટૂંક નિવેદન :

**સં**સાર એ વાસ્તવિક અસાર છે, પણ સંસારમાં ગળાડૂબ આત્માઓને સંસાર અસાર લાગવો, એ માનીએ એટલું સહેલું અને સહજ નથી. જે મહાપુરૂષો સંસારનાં પ્રલોભનોને ત્યજી તપ અને શ્રધ્ધા-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ તત્ત્વત્રયીની આરાધનામાં સજાગ રહી પોતાના જીવનને ધન્ય બનાવી ગયા છે એ જ મહાપુરૂષો સંસારસાગરનો પાર પામી ગયા છે.

**સં**સારસાગરનો પાર પામવા માટે મહોપકારી મહાપુરૂષોએ ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરવાનો રાહદારી માર્ગ બતાવ્યો છે. જૈનશાસનમાં આજ લગીમાં અનેક પુણ્યવાન આત્માઓએ સંયમ અંગીકાર કર્યો છે, અને પોતાના જીવનને પવિત્ર બનાવવા સાથે પરનાં કલ્યાણ માટે જીવી ગયા છે.

**આ** નાનીશી પુસ્તિકામાં પૂજ્યપાદ શાસનપ્રભાવક **પૂ૦ આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ**શ્રીની જીવનરૂપરેખા અને ઉત્સવાદિકના છુટાછવાયા પ્રસંગો આલેખવામાં આવ્યા છે. તેમના જીવનમાં રહેલા અનેક સદ્દગુણો અને તેમની શુભપ્રેરણાથી થયેલા શુભકાર્યો એટલા બધા છે કે, તે બધાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયપ્રતાપ-
સૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન



: સમર્થ વ્યાખ્યાનકાર :

પૂ૦ આચાર્ય શ્રીમદ્ વિજય**ધર્મસૂરીશ્વર**જી મહારાજ

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

ન્યાય આપવા જતાં એક મોટો એવો ગ્રંથ બને એમ છે, પણ હાલ તો સમય, સંજોગ અને સાધનને અનુલક્ષી આ નાનીશી પુસ્તિકા જ પ્રગટ કરીએ **છીએ.**

**પૂ૦** ગુરુદેવનો જન્મ સુપ્રસિધ્ધ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતળ છાયામાં આવેલ **પાલીતાણા** શહેરમાં થયો હતો. માત-પિતા સંસ્કારી, સુશીલ અને ધર્મનિષ્ઠ હોવાથી શ્રી મોતી-ચંદભાઇને નાની વયમાં ધાર્મિક સંસ્કારો અને ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત થયું હતું. જ્યારે-જ્યારે મહાપુરૂષોનો સુયોગ પ્રાપ્ત થતો હતો ત્યારે-ત્યારે તેમના સહવાસમાં રહી જીવનને સુસંસ્કારોથી મઘમઘતું બનાવવાની કોશીષ કર્યે જતા હતા.

**થો**ડો વખત પાલીતાણા શહેરની જૈન પાઠશાળામાં ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા હતા, અને સુંદર કામગીરી બજાવી હતી. તેમનું મન સંયમપ્રતિ દિન-પ્રતિદિન વધુ ખેંચાયે જતું હતું. એવામાં પૂજ્યપાદ શાંતતપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય-કમલસૂરીશ્વરજી** મહારાજનો સદુપદેશ મળતાં મહેસાણાખાતે શ્રી મોતીચંદભાઇએ દીક્ષા અંગીકાર કરી.

**મ**હાપુરૂષોનું જીવન સંસારના પ્રાણીઓને આદર્શરૂપ હોય છે. મહાપુરૂષોના જીવનની ખુશ્બો જગત પર પ્રસરતાં સંસારના તાપથી સંતપ્ત આત્માઓને શીતળતા અર્પે છે. મહાપુરૂષોના ગુણની સ્તવનાથી સંસારી જીવોને જીવનમાં આશ્વાસન અને

શાંત્વન મળે છે. આ બધું પરોપકારી મહાપુરૂષોના જીવનમાંથી આપણને મળી રહે છે.

પૂ૦ આચાર્યશ્રીની સ્મરણશક્તિ ગજબની હતી. એક જ દિવસમાં **ભક્તામર** સ્તોત્ર કંઠે કર્યું હતું. વ્યાખ્યાનશક્તિ એવી જાદુભરી હતી કે વ્યાખ્યાનના સમય પહેલાં સેંકડો સ્ત્રી-પુરૂષો રસપૂર્વક સાંભળવા માટે હાજર થઈ જતાં. એમના સ્વર્ગવાસ પછી આવેલા પત્રમાં એક વિચારશીલ વિદ્વાને લખેલું કે, 'તેમની વ્યાખ્યાનશૈલી અને કહેવાની છટા વર્તમાનમાં સહુથી અનોખી જ હતી. તેમના જવાથી એ વિશિષ્ટ શૈલી પણ અસ્ત થઈ છે.' ગુરુદેવનું શાસ્ત્રીયજ્ઞાન અજોડ અને અદ્‌ભૂત હતું. જૈનસિદ્ધાંતો અને પરંપરાની માન્યતાઓના પરમશ્રદ્ધાળુ ને હિમાયતી હતા, સાહિત્યપ્રેમ, ક્રિયારૂચિ, નિખાલસતા, ગુણ-ગ્રાહકતા, સમયસૂચકતા, ગંભીરતા આદિ અનેક ગુણો ખાસ કરીને તેમના જીવનમાં ઓતપ્રોત હતા.

સૂરિદેવે જૈનસમાજના અભ્યુદય માટે અને જૈનધર્મની પ્રભાવના કાજે ઘણી જહેમત ઉઠાવી છે, અને એ અંગેનું આ પુસ્તિકામાંથી અવગાહન કરતાં દરેક મુમુક્ષુજનોને જણાઈ આવશે. સંતપુરૂષોનું જીવન પરોપકાર માટે હોય છે. સંસારની રંગભૂમિ પર અથડાતા, કુટાતા, રીબાતા, અને મૂંઝાતા પ્રાણીઓને સાચી સમજ, સાચી સલાહ અને સાચું માર્ગદર્શન આપનાર જો કોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તો તે ત્યાગી–વૈરાગી સાધુ–મહાપુરૂષો જ છે.

પૂ૦ આચાર્યશ્રીની શુભપ્રેરણાથી અને સદ્‌પદેશથી સંઘયાત્રા, અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉજમણાં, ઉપધાનો, જીર્ણોધ્ધાર. દીક્ષા–વડીદીક્ષાઓ વગેરે શાસનપ્રભાવનાનાં શુભકાર્યો અનેક ગામોમાં થયાં છે, અને મહોત્સવો ખૂબ ધામધૂમથી ઉજવાયા છે.

પૂ૦ ગુરુદેવની જીવનપ્રભાને હાથમાં લેતાં સ્વર્ગીય સૂરિદેવનો દેહ જાણે નજર સમક્ષ તરી આવે છે. મહોપકારી મહાપુરૂષ પોતાનું જીવન જીવી ગયા છે, અને બીજા અનેકને જીવતાં શીખવાડી ગયા છે. પોતાની પાછળ વિદ્વાન સારો એવો શિષ્ય–પ્રશિષ્યાદિ સમુદાય તૈયાર કરતા ગયા છે. પરમપૂજ્ય આ૦ શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મહારાજ, પૂ૦ આ૦ શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ, પૂ૦ પં૦ શ્રી **માણેકવિજયજી** ગણિવર, પૂ૦ મુનિપ્રવર **યશોવિજયજી** મહારાજ અને પૂ૦ મુનિરાજ **શ્રી જયાનંદવિજયજી** મહારાજ આદિ મુનિવરો આજે પણ શાસનની અનુપમ સેવા બજાવી રહ્યા છે.

**સ્વ૦** આચાર્યદેવ જૈનસમાજમાં એક અજોડ પ્રતિભાશાળી સૂરિવર હતા. તેમના જીવનની અહિં તો ફક્ત ઝાંખી કરાવાઈ છે. બાકી અવસરે વ્યવસ્થિત સવિસ્તર યશગાથા આલેખાવી છપાવવા ભાવના છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીયુત્ સોમચંદ ડી. શાહે રસ લઇને આ પુસ્તિકા પ્રગટ કરવામાં જે સહાનુભૂતિ બતાવી છે, તેને પણ યાદ કરવી રહી.

આ પુસ્તિકામાં થએલ ખર્ચ શાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ શ્રીમાન્ માણેકવિજયજી મહારાજના ઉપદેશથી જેઓ તરફથી મળેલ છે તેઓનો અત્ર આભાર માનીએ છીએ.

આ પુસ્તિકામાં જે કાંઈ સ્ખલના થવા પામી હોય તેની ક્ષમા પ્રાર્થવા સાથે વાંચકગણ અમારૂં તે પ્રતિ લક્ષ્ય ખેંચશે એવી આશા વ્યક્ત કરીએ છીએ.

સૂરિદેવના જીવનચરિત્રને સૌ કોઇ વાંચકો વાંચી-વિચારી મહાકર્તવ્યના પંથે આગળ વધો, અને આત્મધનને પ્રાપ્ત કરવા તત્પર બનો, એ જ અમારી અંતરની મનીષા છે.

અમર રહો સાધુશિરોમણિ આચાર્યદેવ!


: નિવેદક :

શ્રી મોહનપ્રતાપીનન્દ ચરણોપાસક

**લાલચંદ**


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યપાદ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રતાપ-
સૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન




પૂ૦ પંન્યાસજી શ્રી માણેકવિજયજી ગણિવર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust




P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

॥ महाप्रभावक—श्रीशंखेश्वर—पार्श्वनाथस्वामिने नमोनमः ॥
॥ अनन्तलब्धिनिधानाय श्रीमते गौतमगणधरेन्द्राय नमोनमः ॥

# પુન્યનામધેય સૂરીશ્વરજીનો

## સંક્ષિપ્ત

## જીવનપટ

અનાદિકાલથી અખિલવિશ્વમાં જન્મ-મરણનો અનંત પ્રવાહ ચાલુ છે, જન્મ અને મૃત્યુ એ સંસારી જીવો માટે તત્વદૃષ્ટિએ કાંઇ આશ્ચર્યકારક ઘટના નથી. આત્મા અનાદિ છે, આત્મા અને કર્મનો સંયોગ પણ અનાદિ છે, અને કર્મના સંયોગજન્ય આત્માની જન્મ—મરણની પરંપરા પણ અનાદિકાલની છે, અનાદિથી ભાનભૂલેલો આત્મા પોતાના વિપરીત આચરણના પ્રતાપે ક્ષણે ક્ષણે નવાં નવાં કર્મો ગ્રહણ કરે છે. એજ આત્મા જ્યારે મનુષ્યભવની પ્રાપ્તિ સાથે કોઇ સાચા સંતના સમાગમને પામી, તે સંતના ઉપદેશામૃતનું પાન કરી પોતાના વાસ્ત-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિક સ્વરૂપને સમજે છે ત્યારે અનાદિથી ચાલતી કર્મબંધની પરંપરામાં એકદમ પલટો આવે છે, એટલું જ નહિં પણ અમુક સમય પછી સમ્યક્શ્રદ્ધાન, નિર્મળબોધ અને સ્વભાવરમણતાદિ મોક્ષસાધક યોગોની આરાધનાના પ્રભાવે આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ( મોક્ષ ) પ્રાપ્ત કરે છે.

## સદ્‌ગુરુનું સ્વરૂપઃ

**માનવજીવન** જેવા સર્વોત્તમ જીવનને પ્રાપ્ત કર્યા બાદ તેની સંપૂર્ણ સફળતાનો આધાર આત્માનું સાચું સ્વરૂપ જાણવામાં અને જાણ્યા બાદ તે સ્વરૂપને પ્રગટ કરી આત્મિક સામ્રાજ્ય પ્રાપ્ત કરવામાં રહેલો છે. જે મનુષ્યો પ્રારબ્ધયોગે મલિન અને પાશવી સર્વ વૃત્તિઓને તિલાંજલિ આપવા સાથે એ આત્મિક સામ્રાજ્યની પ્રાપ્તિના પુનિત પંથે પ્રયાણ કરે છે અને કેવલ પ્રભુભક્તિ, તત્ત્વચિંતન વગેરે પવિત્ર વિચારશ્રેણિમાં જ મગ્ન બનેલા હોય છે, તે પુનિત આત્માઓ આ વિશ્વમાં સાચા સંત-સદ્‌ગુરુ તરીકે પૂજાય છે, એ સાચા સંતો સ્વયં સત્કારસન્માનથી પ્રાયઃ નિઃસ્પૃહવૃત્તિવાળા હોવા છતાં તેઓના આત્મિકગુણવૈભવ–પ્રતિ ખેંચાયેલા રાજા–મહારાજા, કોટિધ્વજો અને લક્ષાધિપતિઓથી રંકસુધીના સમગ્રગુણગ્રાહી માનવો તે સંતના ચરણારવિંદમાં પોતાનાં શિર ઝુકાવે છે. એ સંતપુરુષો સ્વ–કલ્યાણની સાધનામાં તો મસ્ત હોય છે, સાથે સાથે કલ્યાણાભિલાષી અન્ય સંખ્યાબંધ આત્માઓને કલ્યાણમાર્ગની સાધનાનો સંદેશો સુણાવતા રહે છે ' સદ્‌ગુરુ ' જેવા પવિત્ર હોદ્દાના અધિકારી કોણ હોઈ શકે ? તે બાબત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રી યોગ-શાસ્ત્રમાં એ જ વિષયનો નિર્દેશ આ પ્રમાણે કર્યો છે.

महाव्रतधरा धीरा, भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मो-पदेशका गुरवो मताः ॥ १ ॥

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષાદિ પ્રતિજ્ઞાને ધારણ કરનારા, ગમે તેવી અનુકૂળ પ્રતિકૂળ આપત્તિના પ્રસંગમાં પણ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ ન થતાં ધીરતાને ધારણ કરનારા, માધુકરી–ગોચરી વૃત્તિથી જ ઉદરનિર્વાહમાં સંતોષ માનનારા, સર્વદા રાગદ્વેષની પરિણતિ ઓછી કરી સમભાવમાં રહેનારા અને દેવાધિદેવના શુદ્ધ ધર્મનો સંદેશ જગત્‌ને સુણાવનારા સદ્‌ગુરુઓ કહેવાય છે.

## આચાર્યશ્રીની જન્મભૂમિ–માતા પિતા વિગેરે.

ઉપર જણાવેલા પવિત્ર ગુણોથી વિભૂષિત સ્વપરકલ્યાણ સાધનામાં પરાયણ સમર્થ ઉપદેશક પુન્યનામધેય સદ્‌ગુણગરિષ્ટ પ્રાતઃસ્મરણીય જૈનશાસનના સ્થંભ સમાન સંવિજ્ઞપાક્ષિક તપાગચ્છીય જે જૈનાચાર્યનું પવિત્ર જીવન સંક્ષિપ્તપણે અહિં રજુ કરવામાં આવે છે, તે પૂજ્યપ્રવર સદ્‌ગત આચાર્ય ૧૦૦૮ શ્રીમાન **વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ** વર્તમાન યુગના આગેવાન જૈનાચાર્યોમાંના એક હતા. ધર્મશ્રદ્ધા તેઓશ્રીના અસંખ્ય આત્મપ્રદેશોમાં અસ્થિમજ્જા સમાન ઓતપ્રોત બની હતી અને તેઓ સ્વકલ્યાણ સાથે લોકકલ્યાણની સાધનામાં જીવન સમર્પણ કરનાર ધન્ય પુરૂષ હતા.

તેઓશ્રીનો પવિત્ર જન્મ તીર્થાધિરાજ શ્રી **શત્રુંજય** ગિરિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજની પાવનકારી છાયામાં આવેલા **પાલીતાણા** શહેરમાં શ્રી ગોડીપાર્શ્વનાથજી મહારાજના ભવ્ય જિનાલય સામે ગાંધી શેરીમાં ગાંધી કુટુંબના આગેવાન શ્રેષ્ઠિવર્ય **મૂલચંદભાઈનાં** ધર્મપત્ની સુશીલ માતા **જડાવબાઇની** કુક્ષિથી વિ. સં. ૧૯૩૩ ના વૈશાખ શુદિ ૧૩ ના દિવસે થયો હતો. સમર્થ ધર્મોપદેશક સદ્ગત શ્રીયુત્ વીરચંદ રાઘવજી બેરીસ્ટર અને આપણા આચાર્યશ્રી એક જ કુલના બે-ત્રણ પેઢી જેટલા નજીકના બંધુરૂપે સંબંધીઓ હતા, એક વ્યક્તિએ ગૃહસ્થપણામાં રહીને અમેરિકા-યૂરોપ વગેરે પાશ્ચાત્ય પ્રદેશોમાં સનાતન સિદ્ધાંતો અને પવિત્ર સંદેશાઓ જનતાના ચરણે ધર્યા જ્યારે બીજી વ્યક્તિએ ત્યાગમાર્ગનો પુનિતપંથ સ્વીકારી હિંદના ઘણાખરા વિભાગોમાં પાદવિહારથી વિચરી આત્મકલ્યાણના અનુપમ આદર્શો રજુ કર્યા હતા.

## બાલ્યવયમાં જ્ઞાનાભ્યાસ:

**બાલ્યવયમાં** જ વ્યાવહારિક શિક્ષણના અભ્યાસ સાથે તપાગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મહારાજના ન્યાયનિષ્ણાત સમર્થ વિદ્વાન પંજાબી શ્રીમાન્ દાનવિજયજી મહારાજ, પૂ૦ બાલબ્રહ્મચારી પરમકારુણિક સૂરિસમ્રાટ આચાર્યદેવ શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાદિ ત્યાગી અને પવિત્ર મુનિવરોનો સહવાસ, તેઓશ્રીની નિર્મલ છાયામાં જ્ઞાનાભ્યાસની સુંદર પ્રવૃત્તિ, **એક જ દિવસમાં ભક્તામર સ્તોત્ર કંઠે કરી આપવાની અદ્ભૂત શક્તિ** વગેરે સાધનોદ્વારા તેઓશ્રીએ આત્મવિકાસમાં સુંદર પ્રગતિ કરી. આવશ્યક **સૂત્રોનો** અર્થસહિત અભ્યાસ કરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરાંત જીવવિચાર, નવતત્ત્વાદિ પ્રકરણો, કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ, તત્ત્વાર્થસૂત્ર, લોકપ્રકાશ વગેરે મૌલિક ગ્રંથોના સદ્‌બોધમાં તો પ્રવીણતા પ્રાપ્ત કરી. પરંતુ ન્યાય, વ્યાકરણ અને સાહિત્ય જેવા વિષયોમાં પણ તેઓશ્રી ખૂબ જ આગળ વધ્યા, અને એ બધાય કરતાં તીર્થાધિરાજની યાત્રાર્થે પધારતા પવિત્ર મુનિવરોના સંસર્ગે તેઓશ્રીના આત્મમંદિરમાં પ્રભુશાસનની અપૂર્વ શ્રધ્ધા સાથે ત્યાગ-વૈરાગ્યના સંસ્કારો વિશેષ દીપ્તિમાન બનાવ્યા.

## પાલીતાણા પાઠશાળામાં ધાર્મિક શિક્ષકઃ

પરિણામે પવિત્ર ભૂમિ પાલીતાણામાં બાબુ બુદ્ધિસિંહજી જૈન પાઠશાળાના પ્રધાન ધાર્મિક અને સંસ્કૃત શિક્ષક તરીકે તેઓશ્રીની વરણી થઈ, ધાર્મિક અભ્યાસ માટે તેમની પાસે આવનાર અનેક સાધુ-સાધ્વીઓનો પરિચય વધવા લાગ્યો. શાંત તપોમૂર્તિ-બાલબ્રહ્મચારી આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ અને ગચ્છાધિપતિ ૧૦૦૮ શ્રીમાન્ મૂલચંદજી (મુક્તિવિજયજી ગણી) મહારાજના પવિત્ર હસ્તથી દીક્ષિત થયેલ પ્રવર્તિની સાધ્વીજી શ્રી ગુલાબશ્રીજીના સંસર્ગમાં આપણા સદ્‌ગત આચાર્યશ્રી વધુ પ્રમાણમાં આવતાં ત્યાગ-વૈરાગ્યના રંગો વિશેષ ઓજસ્વી બન્યા. હજુ એ રંગો મૂર્ત્ત સ્વરૂપમાં આવે તે અગાઉ પાદરા-ડભોઇ વગેરે સ્થળોએ શાંતમૂર્તિ મુનિ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજના શિષ્યવર્ય પં૦ શ્રીમાન્ સંપતવિજયજી વગેરેને અધ્યયન કરાવવા નિમિત્તે પણ તેઓશ્રીએ થોડો કાળ નિર્ગમન કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સંયમધર્મનો સ્વીકાર અને સુંદર સ્વાધ્યાયઃ

**અંતરની** ભાવના જુદા જ પ્રકારની છતાં કુટુંબીઓના આગ્રહની આધીનતાએ આપણા ચરિત્રનાયક શ્રી **મોતીચંદભાઇ** પાલીતાણાથી દશ ગાઉ ઉપર આવેલ રંઘોળા ગામના રહીશ શેઠ શ્રી બહેચરદાસના સુપુત્રી **અચરત**બેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. પરંતુ મોતીચંદભાઇએ બરાબર મક્કમતા કેળવી અને ટૂંક સમયમાં જ પોતાના અંતરમાં રમી રહેલ વૈરાગ્યના આદર્શને સિદ્ધ કર્યો. અવસર મેળવી મ્હેસાણા બિરાજમાન પૂ૦ બાલબ્રહ્મચારી આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ પાસે તેઓશ્રી પહોંચ્યા, સંયમની તીવ્ર ભાવના પૂ૦ ગુરુદેવ પાસે જાહેર કરી. ધર્મશ્રધ્ધાળુ સદ્‌ગત શેઠ વેણીચંદ સુરચંદના કાકા કસ્તુરચંદભાઇનો સંપૂર્ણ સહકાર મળ્યો, અને એ મોતીચંદભાઇ પાલીતાણા–પાઠશાલાના શિક્ષક મટીને થોડા જ વખતમાં આત્માના શિક્ષક તરીકે મુનિવર્ય **શ્રી મોહનવિજયજી** બન્યા. અને તેઓના સંસારી ધર્મપત્ની શ્રી અચરતબેને પણ સં. ૧૯૫૭ ના અસાડ શુદિ ૧૧ ના દિવસે વિજાપુર (ઊ. ગૂ.) ખાતે તપગચ્છાધિપતિ શ્રી મુક્તિવિજયજી ગણિના ( શ્રી મુલચંદજી ) આજ્ઞાવર્તી સાધ્વી શ્રી ગુલાબશ્રીના શિષ્યા તરીકે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી, જેઓનું નામ **શણગારશ્રીજી** રાખવામાં આવ્યું. હાલ પણ સંયમની આરાધના કરી રહ્યાં છે. જેઓની ઉંમર ૭૫ વર્ષ લગભગની છે. ચરિત્ર-નાયક ને ગૃહસ્થપણાના જ્ઞાનાભ્યાસે સંયમમાં ખૂબ જ સાથ આપ્યો. દિવસ અને રાત્રિના મળી ચૌદ ચૌદ કલાક પર્યંત સ્વાધ્યાય કરવાના અભિગ્રહો લેવાયા, કાયાની પરવા કર્યા સિવાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનવિકાસ અને સંયમવિશુદ્ધિમાં આપણા ચરિત્રનાયકે ખૂબ ઝંપલાવ્યું. રીતસરનો જ્ઞાનાભ્યાસ તો ગૃહસ્થપર્યાયથી હતો જ.

સુસ્વર નામકર્મોદયથી કંઠનું માધુર્ય પણ કોઇ અનુપમ હતું, અને જન્માન્તરીય કુદરતી બક્ષીસ તરીકે વક્તૃત્વ શક્તિએ એ મહાત્માના કંઠમાં વરમાળનું આરોપણ કર્યું હતું. સાંભળ્યું છે કે, દીક્ષા લઇને પ્રથમ ચાતુર્માસ વીજાપુર-ગુજરાતમાં કરેલું, તે વખતે પણ આયંબિલની ઓળી પ્રસંગે શ્રીપાલરાજાનો રાસ વાંચતા ત્યારે જૈન-જૈનેતરો સેંકડોની સંખ્યામાં એ કંઠમાધુર્યને શ્રવણ કરવા માટે કલાકો સુધી સ્થિર થઈ જતા. જ્ઞાનાભ્યાસ માટેની રૂચિ એ મહાત્માની ગજબ કોટીની હતી, જીવનની છેલ્લી અવસ્થા સુધી જ્યારે જુઓ ત્યારે ઉત્તમ શાસ્ત્રોનું અવલોકન એકધારૂં ચાલુ જ હોય, કોઈ વાત કરવા માટે આવે તો પણ ખાસ ધાર્મિક પ્રસંગ સિવાય વાત કરવાની તેઓશ્રીની અભિલાષા ન દેખાય, પોતાના અને અન્ય સમુદાયના સાધુઓને શાસ્ત્રોનું અધ્યયન કરાવે અને વિહાર દરમ્યાન ચાલુ રસ્તામાં પણ બૃહત્સંગ્રહણી, કર્મગ્રંથ વગેરે પ્રકરણોની ગાથાઓના અર્થ સમજાવે, સાંજનું પ્રતિક્રમણ થયા બાદ શિષ્યાદિ વર્ગને પોતાની પાસે બોલાવી સંયમની સુંદર આરાધના માટે શાંત સદ્બોધ આપે, અભ્યાસ માટે તપાસ કરે અને પ્રમાદ ન આવે તે માટે સારણા–વારણા–ચોયણા–પડિચોયણા કરવામાં પણ સાવધ રહે.

એ બધાય પ્રસંગો આચાર્યશ્રીની સ્વાધ્યાયરૂચિની તીવ્રતાના અજોડ પૂરાવાઓ છે. આવી સુંદર સ્વાધ્યાયરૂચિના પરિણામે શાસ્ત્રીય બોધમાં તેઓશ્રી ખૂબ જ આગળ વધ્યા અને જૈન

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

સમાજમાં વિદ્વાન તરીકે ગણાતા મુનિવરોમાં તેઓશ્રીની પણ ગણના થવા લાગી. તેઓશ્રીની અપૂર્વ વિદ્વત્તા તેમજ અધ્યયન અધ્યાપનના પ્રેમને અંગે અન્ય સમુદાયના આચાર્યો પણ પોતાના શિષ્યોને ભણાવવા માટે આપણા ચરિત્રનાયક પાસે અમુક સમય પર્યંત સોંપતા અને આચાર્યશ્રી પણ કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય સ્વશિષ્યો કરતાં પણ વધુ લાગણીથી તે સાધુઓને ભણાવવામાં તત્પર રહેતા. પૂ૦ પરમકૃપાળુ ગુરુદેવ આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તો આપણા ચરિત્રનાયકને 'પંડિતજી' એવા ઉપનામથી જ બહુધા સંબોધતા હતા.

## સૂરીશ્વરજીનો સાહિત્યપ્રેમ:

**સા**હિત્યજ્ઞાનના સંરક્ષણ તેમજ પ્રચાર માટે પણ સ્વર્ગસ્થ આચાર્યશ્રીના અંતઃકરણમાં અથાગ પ્રેમ હતો. દીક્ષિત થયા પછી લગભગ બે-ત્રણ વર્ષો બાદ અમુક વર્ષો પર્યંત કાયમ બબે-ત્રણ ત્રણ કે ચાર લહિયાઓ પોતાની સાથે તેઓશ્રી રાખતા, પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી પ્રત્યંતર (નકલ) લખાવતા. જેટલું લખાણ થયું હોય તેને સાંજે તપાસી લેતા. પાલીતાણા-વડોદરામાં રહેલા આચાર્યશ્રીના જ્ઞાનભંડારોમાં હજારોની સંખ્યામાં હસ્તલિખિત પ્રતિઓ સુંદર સ્વરૂપે આજે જે મળી આવે છે તે ઉપર જણાવ્યા મુજબના પરિશ્રમનું જ ફળ છે. સાહિત્યનાં સંરક્ષણ માટેની તેઓશ્રીની કાળજી ઘણી પ્રશંસનીય હતી. ધ્રાંગધ્રા, વડોદરા અને છેલ્લા છેલ્લા પાલીતાણા જેવા સ્થળોમાં **જ્ઞાનમંદિર-સાહિત્યમંદિરો**રૂપી જે ભવ્ય કીર્તિસ્તંભો ઉભા છે તે જ તે બાબતની સાક્ષી આપી રહ્યા છે. મુદ્રિત સાહિત્યના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રચાર માટે પણ આચાર્યશ્રીના દિલમાં સુંદર ધગશ હતી. **શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા** નામની ગ્રંથપ્રકાશન સંસ્થા અને તેમાંથી પ્રગટ થયેલાં લગભગ પચાસ ઉપરાંત જૈન સમાજના કલ્યાણ માટે અતિ ઉપયોગી ગ્રંથપ્રકાશનો એ સદ્દગત આચાર્યશ્રીના સાહિત્યપ્રચાર સંબંધી સચોટ ઉપદેશનું જ પરિણામ છે.

## સદ્દગત આચાર્યશ્રીની અદ્દભૂત વ્યાખ્યાનશક્તિઃ

**સ્વ૦** આચાર્યશ્રીમાં વિવિધ પ્રકારની સ્વ-પરકલ્યાણસાધક અનેક શક્તિઓ જો કે હતી, પરંતુ એ શક્તિઓમાં તેઓશ્રીની અસાધારણ વ્યાખ્યાનશક્તિએ જૈન-જૈનેતર જનતાનું ખૂબ જ આકર્ષણ કર્યું હતું. સ્વ૦ ધ્રાંગધ્રા મહારાજા નામદાર રાજસાહેબ, પાલીતાણા ઠાકોર સાહેબ, ગોંડલ મહારાજા સર ભગવતસિંહજી, સાયલા ઠાકોર સાહેબ, વીરપુર ઠાકોર સાહેબ, રાજકોટ દિવાન સાહેબ સ્વ૦ વીરાવાળા તથા વિશ્વનાથસિંહજી, ભીલોડીયા દરબાર સાહેબ વગેરે સંખ્યાબંધ રાજકીય પુરૂષો તેમજ હજારો જૈન-જૈનેતરો તેઓશ્રીનાં પ્રભાવશાલી વ્યાખ્યાનોનાં શ્રવણ માટે પડાપડી કરતા હતા. મુંબઇ-અમદાવાદના ચોમાસા દરમ્યાન વ્યાખ્યાનની શરૂઆત કરવાના ટાઈમ પછી પાંચ મીનીટ બાદ તેઓશ્રીના વ્યાખ્યાનમાં જનારને જગ્યાના અભાવે નિરાશ વદને પાછું ફરવું પડતું હતું. પૂ૦ ગુરુદેવ શ્રી વિજયકમલ-સૂરીશ્વરજી મહારાજને અનેક વિદ્વાન શિષ્યોનો સુયોગ છતાં વ્યાખ્યાન માટે આપણા ચરિત્રનાયકની જ શ્રોતાઓ તરફથી ઘણા-ભાગે પસંદગી કરવામાં આવતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મશ્રદ્ધાળુ સંઘપતિ શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્ માણેકલાલ મનસુખભાઇ તેમજ સંઘપતિ ઉદારચરિત શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્ પોપટલાલ ધારશી-ભાઈના છ,રી પાળવા સાથેના મહાન સંઘોમાં 'વ્યાખ્યાનકાર' તરીકે બહુધા સદ્દગત આચાર્યશ્રીની વરણી થતી હતી, અને તેથી જ **અજોડ વ્યાખ્યાનકાર** તરીકે જાહેર પ્રજાએ તેઓશ્રીને સંબોધ્યા હતા. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ત્રણેય અનુયોગની સમ્મીલિત વ્યાખ્યાન કરવાની અનુપમ શૈલી તેઓશ્રીને જ વરી હતી. બાલવર્ગને બાલવર્ગ લાયક, ક્રિયારુચિવર્ગને ક્રિયારુચિ લાયક અને તત્ત્વજિજ્ઞાસુઓને તાત્ત્વિક ભાવોભરી વાતો તેઓશ્રીના વ્યાખ્યાનોમાંથી મળી આવતી. ત્યાગ અને વૈરાગ્યના ઝરણાંઓ તો તેઓશ્રીના અમીવચનોમાંથી વારં-વાર નીકળી આવતાં. શ્રાવકવર્ગની સુધારણા માટે તેઓશ્રીનાં વ્યાખ્યાનો પ્રથમ નંબરે પંકાતાં. તે ઉપરાંત સંયમધર્મોપદેશની સુંદરતાને શ્રવણ કરનારા અનેક આત્માઓ ત્યાગમાર્ગના પુનિત-પંથે પ્રયાણ કરી એ ગુરુદેવના વ્યાખ્યાનો માટે પ્રશંસાનાં પુષ્પો વેરતા હતા. મુંબઈમાં મગનભાઈની ટોળીનો મોટો ભાગ જે આજે ત્યાગમાર્ગમાં જોડાયો છે, દીક્ષિત થયો છે. તે સર્વને ત્યાગમાર્ગની પ્રાથમિક શ્રદ્ધા કરાવનાર અને ચારિત્ર લેવા માટે અભિગ્રહો આપનાર આપણા આચાર્યશ્રી હતા. તેઓશ્રીના ઉપ-દેશથી વૈરાગ્ય પામી તેમની પાસે તેમજ અન્ય સમુદાયમાં ચારિત્ર ગ્રહણ કરનારની સંખ્યાનો એકંદર જો સરવાળો કરવામાં આવે તો લગભગ સો-સવાસોની સંખ્યા થવા સંભવ છે. અન્યાન્ય સમુદાયમાં રહેલા કેટલાક તે કૃતજ્ઞ મુનિવરો આજે પણ ચારિત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રહણ કરવામાં તેઓશ્રીનો ઉપકાર માની ઉપરની બાબત માટે પ્રતીતિ કરાવી રહ્યા છે. ટૂંકમાં–વર્તમાન સાધુ સમુદાયમાં " સમર્થ વ્યાખ્યાનકાર " તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરવાનો સુયશ સદ્‌ગત આચાર્યશ્રીને વર્યો હતો.

## શુદ્ધ પ્રરૂપક તરીકે સૂરિજીની પ્રસિદ્ધિઃ

શ્રી જૈનસંઘમાં સદ્‌ગત આચાર્યશ્રી, **શુદ્ધપ્રરૂપક** તરીકે ખૂબ જ પંકાયા હતા. દેવદ્રવ્ય, દીક્ષા, લાલન–શિવજી–પૂજા પ્રકરણ વિગેરે અનેક પ્રસંગોમાં તેઓશ્રીએ પોતાની સર્વ શક્તિઓનો ભોગ આપ્યો હતો. દરેક શાસનની રક્ષાના પ્રસંગમાં તેઓશ્રીએ પ્રભુશાસનની વફાદારી જીવનની અન્તિમ પળ સુધી સાચવી હતી. વ્યાખ્યાનના પ્રસંગોમાં શાસ્ત્રવિરુદ્ધ બાબતોના રદીયાઓ, શાસ્ત્રીય પાઠો સાથે આપવામાં તેઓશ્રી એક્કા હતા, અને તેમ કરતાં વિરોધીઓ તરફથી તેમના ઉપર અયોગ્ય આક્રમણો કરવામાં આવતા હતા, તોપણ તેની જરાય પરવા કર્યા સિવાય શુદ્ધ માર્ગની દેશના આપવાનું તેઓશ્રીએ એક સરખા જુસ્સાથી ચાલુ રાખ્યું હતું. સમર્થવ્યાખ્યાનકાર તરીકેની શક્તિ સાથે શુદ્ધ પ્રરૂપક તરીકેના ગુણથી જૈનસંઘના મહાન આચાર્યો તેમજ આગેવાન શ્રાવકો તરફનો ખૂબ જ સદ્‌ભાવ તેઓશ્રીએ પ્રાપ્ત કર્યો હતો.

## સૂરીશ્વરજીનો ધર્મયૌવનકાલઃ

**તે**ઓશ્રીનો ચારિત્રપર્યાય લગભગ ૪૪–૪૫ વર્ષનો હતો એ સર્વકાળમાં એક સરખી રીતે જ પ્રાયઃ તેઓએ સ્વ–પરકલ્યાણની સાધનામાં આત્મિક શક્તિઓ ખર્ચી હતી. તો પણ વિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સં. ૧૯૬૩ થી ૧૯૮૫ સુધીનો સમય એ મહાપુરૂષ માટે ધાર્મિક પ્રગતિની દૃષ્ટિએ યૌવનકાળ હતો. વિ. સં. ૧૯૭૨–૭૩ ની સાલમાં અમદાવાદ (ઉજમ ફઈની ધર્મશાલામાં) થયેલ ચાતુર્માસ, સં. ૧૯૭૭ માં થયેલ મુંબઇનું ચાતુર્માસ, ૧૯૭૮–૭૯ નું સુરત–અમદાવાદનું ક્રમશઃ ચાતુર્માસ, સં. ૧૯૮૧–૮૨ માં થયેલ ખંભાત તથા તલાજાનું ચોમાસું, ૧૯૮૬ માં થયેલ પાલીતાણાનું ચાતુર્માસ ખૂબ જ જાહોજલાલીભર્યાં થયાં હતાં. દરેક સ્થળે વ્યાખ્યાનોમાં જુઓ તો હજારોની માનવમેદની, સ્થળે સ્થળે થયેલ ભવ્ય બાદશાહી સ્વાગતો, ઉપધાન ઉજમણાં, પ્રતિષ્ઠા, પાઠશાળા વગેરે શાસનપ્રભાવનાનાં મહાન કાર્યો અને સર્વવિરતિ–દેશવિરતિ ધર્મનો બહોળો પ્રચાર સદ્‌ગત આચાર્યશ્રીએ ખૂબ જોરશોરથી ચાલુ રાખ્યો હતો.

લોકોત્તર જૈનશાસનની અનુપમ પ્રભાવના એ આચાર્યશ્રીના જીવનનું મુખ્ય ધ્યેયબિંદુ હતું. તેઓશ્રીની અધ્યક્ષતામાં પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉપધાન, ઉજમણાં, દીક્ષા, વડીદીક્ષા, ધ્વજદંડારોપણ વગેરે શુભ પ્રસંગોએ સ્થળે સ્થળે થયેલા ભવ્ય મહોત્સવો, અદ્‌ભૂત તીર્થરચનાઓનાં દશ્યો, રથયાત્રા, જલયાત્રા વગેરે મહાન દબદબાભર્યા વરઘોડાઓ ઇત્યાદિ સત્કાર્યોથી જૈન–જૈનેતર સમાજમાં જૈનધર્મની ખૂબ જ અનુમોદના થતી હતી. અંજનશલાકા જેવો સર્વોત્તમ પ્રસંગ પણ વેરાવળમાં તેઓશ્રીની અધ્યક્ષતામાં ભવ્ય સમારોહથી ઉજવાયો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સર્વ ક્ષેત્રોનાં પોષણ માટે સૂરિજીનો સચોટ ઉપદેશ પ્રવાહઃ

**શા**સનપ્રભાવના, અને તે નિમિત્તેના ભવ્ય મહોત્સવો, વરઘોડાઓ વગેરે ઉપર આચાર્યશ્રીને જો કે ખૂબ પ્રેમ હતો તોપણ કેવલ મહોત્સવોના મહિમામાં જ તેઓશ્રીએ આત્મસંતોષ માન્યો ન હતો. પ્રાથમિક ધાર્મિક વિદ્યાભ્યાસ માટે સ્થળે સ્થળે પાઠશાળાઓની સ્થાપના તેઓશ્રીએ કરાવી હતી. વિદ્યાભ્યાસમાં ઉચ્ચ કક્ષાએ પહોંચેલા તેમજ પહોંચવા માટે પ્રયત્નશીલ વિદ્યાર્થીઓને સ્કોલરશીપો તથા ગુપ્ત મદદની યોજનાનાં દ્વાર તેઓશ્રીએ ખુલ્લાં રાખ્યાં હતાં. અંતરાયના ઉદયે સાધારણ સ્થિતિએ પહોંચેલા જૈનકુટુંબોને કોઈ અન્ય વ્યક્તિઓ ન જાણે તે પ્રમાણે સહાય કરાવવા માટે આચાર્યશ્રીએ પોતાના ચિરપરિચીત શ્રીમંત ભક્તોદ્વારા સેંકડો–હજારોની રકમો મદદ તરીકે અપાવેલ હતી. સંપત્તિનો સદ્દુપયોગ કરવા માટે તેઓશ્રીનો ઉપદેશ એકદેશીય નહિં પણ સર્વદેશીય હતો. દાનગુણની મહત્તા વર્ણવવાની શક્તિ તેઓશ્રીએ અજબ રીતિએ ખીલવી હતી. મુંબઇનાં ચાતુર્માસ દરમ્યાન ભાયખાલાની જમીન સંરક્ષણના પ્રસંગો અંગે થયેલા પૂજ્યશ્રીના એક જ વ્યાખ્યાનમાં ૩૦ થી ૪૦ લાખની રકમ ખર્ચવા માટે એક જ ભાગ્યવાન આત્મા તૈયાર થઈ ગયા હતા. ખંભાત શ્રી સ્થંભન પાર્શ્વનાથજીના જીર્ણોધ્ધાર માટે હજારોની રકમનો ફાળો ખંભાતમાંથી જ કરાવી આપનાર આપણા એ આચાર્યશ્રીનો ઉપદેશ હતો.

## સૂરીશ્વરજીના સદ્દગુણોઃ

ક્ષમા અને સહિષ્ણુતા, ઔદાર્ય અને ગાંભીર્ય, સુશીલતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને સરલતા ઇત્યાદિ અનેક સદ્‌ગુણો તો આચાર્યશ્રીનાં જીવનસૂત્રો જેવા હતા. ગમે તેવી સંસારના ત્રિવિધ સંતાપથી સંતપ્ત થયેલ વ્યક્તિ તેઓશ્રી પાસે જાય એટલે તેઓશ્રીના શાંત સ્વભાવ અને ગંભીર મુદ્રા જોઇ સ્વયં પણ ઉપશાંત અવસ્થામાં આવી સંસારના સંતાપને ભૂલી જતી હતી. આવનાર વ્યક્તિની સાથે વાત કરવાની શક્તિ તેઓશ્રીમાં ઘણી જ સુંદર રીતે ખીલી હતી. કોઈ મહાશય વ્યાખ્યાન પ્રસંગે અથવા ગમે તે ટાઇમે ધાર્મિક ચર્ચા કરવા માટે આવે તો તેની સાથે બહુ જ શાંતિથી ચર્ચા કરી શાસ્ત્રીય પૂરાવાઓ તેમજ યુક્તિઓ દ્વારા સમાધાન આપવા માટે તેઓશ્રી તૈયાર રહેતા. પૂછનાર વ્યક્તિ પરીક્ષા કરવાની બુદ્ધિથી પૂછે છે તે વસ્તુ પણ તેઓશ્રી તૂર્ત જ પારખી લઈ વ્યક્તિને લાયક જવાબો આપતા. યોગ્ય ધાર્મિકચર્ચા કરવામાં તેઓશ્રીમાં જરા પણ કંટાળો ન હતો. ચર્ચામાં રાત્રિના બાર વાગે તો પણ અવિશ્રાંતપણે પ્રશ્ન કરનાર મહાશયને સંતોષ આપવા માટે આચાર્યશ્રી હંમેશા પરાયણ રહેતા હતા. નાસ્તિક જેવા આત્માઓને પણ મીઠાશથી અપનાવવાની ગજબ શક્તિ તેઓશ્રી ધરાવતા હતા.

આચાર્યશ્રીનું માનસિક ગાંભીર્ય તો ખૂબ જ પ્રશંસનીય હતું. કોઈ પણ નાની-મોટી વાતને હૃદયમાં પચાવવાની શક્તિ તેઓશ્રીમાં સુંદર હતી. તેઓશ્રીનો ઓજસ્વી અને કદાવર પડછંદ-કાય પુષ્ટ દેહ તેમજ પ્રશાંત મુખમુદ્રા જ તેઓના ગાંભીર્ય ગુણ માટે સાક્ષી આપનાર હતાં. પ્રશંસક અને નિંદક બંન્નેના આત્માઓ તેઓશ્રીની દૃષ્ટિએ સમાન હતા, કોઇવાર તો પ્રશંસક કરતાં પણ નિંદક વ્યક્તિને કર્મનિર્જરામાં સહાયક માની વિશેષ આવકારતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિષ્યાદિ સાધુસમુદાયમાં તેમજ શ્રાવકવર્ગમાં કોઈ ને કોઈ વખતે કાંઇ પણ હિતબુદ્ધિથી મીઠું કે કડવું કહેવામાં આવતું તો પણ તે વ્યક્તિના હૃદયમાં જરાય શલ્ય ન રહી જાય તે માટે ક્ષમાપનાના અણમોલ સૂત્રને તેઓશ્રી હંમેશાં અગ્રપદે રાખતા હતા. સદ્દગત આચાર્યશ્રી જ્યાં જ્યાં વિહાર કરીને પધારતા ત્યાં ત્યાં સંઘના સંગઠ્ઠન તેમજ સંઘની અભિવૃદ્ધિ માટે ખૂબ પ્રયાસ કરતા હતા. આચાર્યશ્રીનો વિહાર પ્રદેશ વિશેષે સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઇ ઈલાકો હતો, એ પૂજ્યમહર્ષિએ જ્યાં જ્યાં વિહાર કરી જે જે ક્ષેત્રોને પાવન કરેલ છે, તે તે ક્ષેત્રોનાં શ્રાવકો આજે પણ આચાર્યશ્રીનાં ગુણકીર્તન કરી તેઓશ્રીના પુનિત આત્માને ભાવવંદન કરી કૃતાર્થ બને છે.

## સૂરીશ્વરજીનું શાસ્ત્રીય જ્ઞાનઃ

તેઓશ્રીનું શાસ્ત્રીય જ્ઞાન ઘણું જ વિશાળ અને ઉચ્ચકક્ષાનું હતું. આગમ વગેરે શાસ્ત્રીય ગ્રન્થોના સતત પરિશીલનનો પ્રભાવ એજ એમાં મુખ્ય કારણ હતું. સૂત્રોનાં પઠન–પાઠન માટે તો આચાર્યશ્રીનો ખૂબ પ્રેમ હતો જ, તે સાથે શાસ્ત્રકાર ભગવાન હરિભદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ–ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી તેમજ વાચકશેખર પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે રચેલા ગ્રન્થો વાંચવા તરફ તેઓશ્રીને વિશેષ રૂચિ હોવાથી એકથી વધુ વખત એ મહાપુરુષોના ગ્રન્થોનું વાંચન, મનન અને નિદિધ્યાસન તેઓશ્રીએ કર્યું હતું. યોગશાસ્ત્ર, અષ્ટકજી, જ્ઞાનસાર વિગેરે અમુક અમુક ગ્રન્થો તો આચાર્યશ્રીને કંઠસ્થ હતા. વ્યાખ્યાનના પ્રસંગમાં ઉપર જણાવેલા સમર્થ આચાર્યોના ગ્રન્થોની સાક્ષિઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓશ્રીના મુખારવિંદમાંથી વારંવાર શ્રવણ થતી હતી. પોતાના શિષ્ય–પ્રશિષ્યાદિ સાધુવર્ગને તેમજ યોગ્ય શ્રાવક વગેરેને યથા–યોગ્ય–આગમો તેમજ તત્ત્વાર્થ, લોકપ્રકાશ વગેરે શાસ્ત્રગ્રન્થોનું અધ્યયન બનતા સુધી પોતે જ કરાવવાની કાળજી રાખતા હતા.

આચાર્યશ્રીના વર્તમાન શિષ્ય–પ્રશિષ્યો આચાર્યશ્રી વિજય–પ્રતાપસૂરીશ્વરજી મહારાજ, આચાર્ય શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, મુનિપ્રવર શ્રીમાન્ યશોવિજયજી મહારાજ તેમજ પંડિત મુનિવર શ્રી જયાનંદવિજયજી મહારાજ વગેરે આજે જે વિશાલ શાસ્ત્રીય બોધ ધરાવે છે તેમાં સદ્‌ગત આચાર્યશ્રીની સ્વયં અધ્યાપન કરાવવાની રૂચિ એ જ પ્રધાન કારણ છે. સદ્‌ગત વકીલ નંદલાલ લલ્લુભાઈ અને વડોદરાના લોકજ્ઞ નાયબ દિવાન વકીલ શ્રીયુત છોટાલાલ ઝવેરભાઇ સુતરીયા (જેઓ જન્મે પાટીદાર કોમના છે. આચાર્યશ્રીની પાસે ૩૫ વર્ષની યુવાનવયે જેમણે બ્રહ્મચર્યનો સ્વીકાર કરેલ છે) તથા શ્રીયુત તારાચંદભાઇ (એ. જી. જી. ના મુખ્ય સેક્રેટરી) વગેરે અનેક ઉત્તમ આત્મા-ઓએ આચાર્યશ્રી પાસે જ શ્રી તત્ત્વાર્થાદિ સૂત્રોનું અધ્યયન કરેલ છે.

આચાર્યશ્રીના વિશાલ શાસ્ત્રીય બોધની વિશેષ પ્રસિદ્ધિ હોવાના કારણે–સાધુ સમુદાય તેમજ શ્રાવક વર્ગ પૈકી અનેક વ્યક્તિઓ તરફથી રૂબરૂ તેમજ પત્રોદ્વારા તેઓશ્રીને અનેક પ્રશ્નો પૂછવામાં આવતા હતા. અને આપણા ચરિત્રનાયક એ સેંકડો પ્રશ્નોના ઉત્તરો પણ શાસ્ત્રીય પુરાવા સાથે યુક્તિઓ સહિત સચોટપણે આપવા હંમેશા તૈયાર રહેતા. વિદ્વદ્વર્ય પં. શ્રીમાન્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાન્તિવિજયજી ગણિવરે મુંબઈના ચાતુર્માસ દરમ્યાન ઉદ્ભવેલી શંકાઓ અંગે સંખ્યાબંધ પ્રશ્નો પૂછેલા અને આચાર્યશ્રી તરફથી તેના સુયોગ્ય જવાબો અપાયેલા,જેને અંગે શ્રી ખાન્તિવિજયજીને ખૂબ જ સંતોષ થતાં એમણે એકવાર એ શબ્દો લખ્યા હતા કે "મ્હારા આટલા વર્ષોના ચારિત્રપર્યાયમાં શાસ્ત્રાધારે સચોટ ખુલાસાઓ મને કયાંઇથી પણ પ્રાપ્ત થયા હોય તો આપશ્રીની પાસેથી જ પ્રાપ્ત થયા છે."

## આચાર્યપદ પ્રતિષ્ઠાનો અનુપમ પ્રસંગ :

વર્તમાન જૈનશાસનના અધિપતિ પ્રૌઢપ્રભાવશાલી બાલબ્રહ્મચારી સૂરિસમ્રાટ્ પૂજ્યપ્રવર શ્રીમાન્ **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજા જેવા સમર્થ મહાપુરુષનાં વરદ હસ્તે સદ્ગત આચાર્યશ્રીને સૂરિપદાર્પણનો વાસક્ષેપ પ્રાપ્ત થયો હતો અને એ મહાપુરુષના વાસક્ષેપને સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ આચાર્ય તરીકેની પોતાની ફરજો અદા કરી જીવનની અંતિમ ઘડી પર્યંત યથાયોગ્ય સફલ કર્યો હતો. તેઓશ્રીનો સૂરિપદાર્પણ મહોત્સવનો ભવ્ય પ્રસંગ વિ. સં. ૧૯૮૦ ની સાલમાં રાજનગરના આંગણે નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઇ વિગેરે હજારોની માનવમેદિની સમક્ષ બાદશાહી ઠાઠથી ઉજવાયો હતો, મુંબઈના સુપ્રસિધ્ધ શેઠ દેવકરણ મુલજી, શેઠ મોતીલાલ મૂલજી, શેઠ નરોત્તમ ભાણજી, શેઠ રણછોડભાઈ રાયચંદ, શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદ, શેઠ ભાઇચંદ નગીન–ચંદ મંછુભાઇ વિગેરે નાગરિક આગેવાનો ઉપરાંત સુરત–વડોદરા–પાલીતાણા–બારડોલી–બુહારી વિગેરે અનેક સ્થલોએથી સેંકડો શ્રીમંતો પધાર્યા હતા. લગભગ ઘણા વર્ષે અમદાવાદને આંગણે આવો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભવ્ય આચાર્યપદાર્પણ મહોત્સવ અને તે નિમિત્તે શેઠ ભગુભાઈ–ના વંડામાં અષ્ટાપદજી–મેરૂપર્વત–પાવાપુરી–સમવસરણ અને તાલધ્વજગિરિ એમ પાંચ તીર્થોની રચનાના ખૂબ જ સુંદર દશ્યો તેમજ તે તીર્થરચનાના દર્શન માટે હંમેશા આવતી હજારોની માનવમેદિની એ બધાં બાહ્ય–અભ્યંતર સંભારણાં આજે પણ રાજનગરની પ્રજા અવસરે અવસરે યાદ કરે છે.

તપાગચ્છાધિપતિ–સુવિહિતાગ્રણી શ્રીમાન્ મુક્તિવિજયજી (મૂલચંદજી) મહારાજ અને તેઓશ્રીના પટ્ટપ્રભાવક બાલબ્રહ્મચારી આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં યદ્યપિ અનેક પ્રસિદ્ધ મુનિવરો વિદ્યમાન છે, છતાં એ પૂજ્ય વડિલો અને ગચ્છ–સમુદાયમાં ગૌરવ લઈ શકાય તેવી વિશિષ્ટ વ્યક્તિ તરીકે તો આપણા આચાર્યશ્રી અને તેમના સમુદાયની જ સૌથી આગળ ગણના કરવામાં આવે છે.

## પૂ૦ સૂરિસમ્રાટ્‌નો ચરિત્રનાયક પ્રતિ સદ્‌ભાવ:

**સદ્‌ગત** આચાર્યશ્રીના દીક્ષાગુરુ જો કે પૂજ્યપ્રવર વિજયકમલસૂરીશ્વરજી મહારાજ હતા, પરંતુ તેઓના સ્વર્ગગમન બાદ અને તે પહેલાં પણ સૂરિસમ્રાટ્‌ પૂ૦ નેમિસૂરીશ્વરજી મહારાજ સાથે આપણા ચરિત્રનાયકને ઘનિષ્ટ ધર્મસંબંધ હતો. આચાર્યપદાર્પણ થયા બાદ તો શિષ્યગુરૂ જેવો સંબંધ થઈ ગયો હતો. અને તે કારણે કોઈ કોઇવાર, આપણા આચાર્યશ્રી સૂરિસમ્રાટની છત્રછાયામાં રહેતા હતા, પોતાની અમુક શક્તિઓ ઘણી સુંદર છતાં વડિલોની છાયામાં રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થવા માટે તેઓ એક જાતનો અપૂર્વ આનંદ અનુભવતા. એક વખતે પૂ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂરિસમ્રાટ્ના શ્રીમુખેથી એ શબ્દો નીકલ્યા હતા કે-"મ્હારા સર્વ શિષ્યોમાં ઉદયસૂરિજી-નંદનસૂરિજીને કદાચ બાજુમાં રાખીએ તો તમારામાં જેવું વિનય-વિવેક અને ભક્તિમાં એકાગ્રપણું જોવાય છે, તેવું બીજે કયાંઇ જોવામાં આવ્યું નથી. વિનયી, વિવેકી અને ભક્તિપ્રધાન શિષ્યોની સંપત્તિ તો તમને જ વરેલી છે." આજે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમ્પ્રદાયના વિદ્યમાન સાધુ સમુદાય તથા શ્રાવક સંઘમાં સદ્દગત આચાર્યશ્રી-ના પટ્ટધર શ્રીમાન વિજયપ્રતાપસૂરિજી, તેમના પટ્ટધર આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ તેમના પટ્ટધર મુનિપ્રવર શ્રીમાન્ યશોવિજયજી, અને તેમના પટ્ટધર મુનિરત્ન શ્રી જયાનંદવિજયજીના વિનય-વિવેક અને ભક્તિપ્રધાનતાના ગુણો લગભગ સર્વત્ર પ્રસિદ્ધ છે.

## આચાર્યશ્રીનો વિહારપ્રદેશ :

**આ**ગળ કરેલા ઉલ્લેખ પ્રમાણે આચાર્યશ્રીનો વિહાર પ્રદેશ વિશેષે ગુજરાત-કાઠિયાવાડ હતો અને તેમાં પણ કાઠિયાવાડના વિહારપ્રદેશમાં સ્થાનકવાસી સંપ્રદાય સાથે ઘણીવાર તેઓશ્રીને સંઘર્ષણનો પ્રસંગ આવતો હતો. પ્રભુમૂર્તિની સ્થાપનાના વિષયોમાં આચાર્યશ્રીના વ્યાખ્યાનો પ્રથમ નંબરે પંકાતા અને તેથી ઘણીવાર સ્થાનકવાસી વિદ્વાનો સાથે મૂર્તિવિષયક ચર્ચાના પ્રસંગો પણ ઉભા થયા હતા. પરંતુ આચાર્યશ્રીનો વિશાલ શાસ્ત્રીયબોધ, યુક્તિ-યુક્ત દલિલો સાથે ચર્ચા કરવાની સુંદર શક્તિ અને અપૂર્વ ચારિત્રપ્રભાવ વિગેરે કારણે ચર્ચાના પ્રસંગમાં તેમની સામે કોઈ ટકી શકતું નહિં. રાજકોટ-ગોંડળ-જેતપુર-ધ્રાંગધ્રા જુનાગઢ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દામનગર વિગેરે સ્થલો કે જ્યાં સેંકડો અને હજારો સ્થાનકવાસી જૈનોની વસ્તી છે ત્યાં તેમના જ ઉપાશ્રયોમાં અથવા ધર્મશાલાઓમાં આચાર્યશ્રીના પ્રભાવશાલી વ્યાખ્યાનો થતાં અને અન્ય સંપ્રદાયોની જેમ સ્થાનકવાસી સંપ્રદાયના ભાઇઓ પણ સેંકડો-હજારોની સંખ્યામાં વ્યાખ્યાનશ્રવણનો લાભ ઉઠાવતા હતા.

## અન્યાન્ય નામાંકિત આચાર્યો સાથે સંબંધ :

આગમોદ્ધારક અસાધારણ વિદ્વાન્ પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ પ્રતિ તેઓશ્રીની વિદ્વત્તા અને અનુપમ શાસનસેવા માટે આપણા ચરિત્રનાયકને જેવો પૂજ્યભાવ હતો તે જ પ્રમાણે પૂ. સાગરાનન્દસૂરિજી મહારાજનો પણ સદ્ગત આચાર્યશ્રીના શાસનપ્રેમ અને શુધ્ધપ્રરૂપકપણું વિગેરે ગુણો માટે સારો સદ્ભાવ હતો. તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ અને આપણા આચાર્યશ્રી એ બન્નેને પણ પરસ્પર સારો ધર્મસ્નેહ સંબંધ હતો. જેની જેની સાથે સદ્ગત આચાર્યશ્રીએ સંબંધ રાખ્યો હતો, તે સંબંધને તેઓશ્રીએ ઠેઠ સુધી સાચવી રાખ્યો હતો. આચાર્યશ્રીની જીભાનમાં એવું વશીકરણ હતું કે પ્રાયઃ તેમના સમ્પર્કમાં આવનાર સર્વ કોઇ તેઓશ્રી સાથે યથાયોગ્ય સમ્બન્ધ રાખતા હતા.

## આચાર્યશ્રીનો દીર્ઘ દીક્ષાપર્યાય અને પરિવાર :

સદ્ગત આચાર્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૨ વૈશાખ શુ. ૧૩ પાલીતાણામાં, દીક્ષા સં. ૧૯૫૭ માઘ વદિ ૧૦ મહેસાણામાં, (વડીદીક્ષા-વિજાપુરમાં) ગણી પંન્યાસપદ વિ. સં. ૧૯૭૩ માઘ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



—: સૂરિદેવનો શિષ્ય સમુદાય :—

શુદિ ૬ અમદાવાદમાં, શ્રી આચાર્યપદ ૧૯૮૦ માઘ વદિ ૧૦ અમદાવાદમાં અને તેઓશ્રીનો સ્વર્ગવાસ વિ. સં. ૨૦૦૧ પોષ શુદિ ૯ (અગ્નિસંસ્કાર પોષ શુદિ ૧૦) દર્ભાવતી-ડભોઈમાં થયો હતો. લગભગ ૬૮ વર્ષની ઉંમરમાં જીવનનો બે તૃતીયાંશ ભાગ તો તેઓશ્રીએ સ્વ-પર કલ્યાણની સાધનાવાળા સંયમમાર્ગમાં જ પસાર કરેલ છે. લગભગ પચાસ જેટલા આત્મકલ્યાણાભિલાષી ભાઈઓ અને લગભગ તેટલી જ પુણ્યવંતી બ્હેનો તેઓશ્રીના વૈરાગ્યમય ઉપદેશને શ્રવણ કરી સંયમમાર્ગનો સ્વીકાર કરવા માટે ભાગ્યશાળી બન્યા છે. આજે પણ આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ વગેરે લગભગ ૩૦-૩૨ સાધુઓ અને પ્રવર્ત્તિની કલ્યાણશ્રીજી વગેરે લગભગ ૭૫ સાધ્વીઓ સદ્‌ગત આચાર્યશ્રીના આજ્ઞાવર્તી સમુદાય તરીકે વિદ્યમાન છે. પૂજ્ય આચાર્યશ્રીની પવિત્ર દેશનાને શ્રવણ કરી સમ્યક્‌ત્વ મૂલ બાર વ્રતને ગ્રહણ કરનાર, ચતુર્થ બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનાર અને મહામંગલકારી શ્રી ઉપધાન જેવા ઉત્તમ વ્રતને આચરનાર શ્રાવક-શ્રાવિકાઓની સંખ્યાને ગણવામાં આવે તો હજારોની થવા સંભવ છે. પ્રાયઃ કોઇ વર્ષ એવું ન હોય કે જે વર્ષમાં દીક્ષા-વડીદીક્ષા-વ્રતોચ્ચારણ તથા ઉપધાન વગેરે નિમિત્તે ઓછામાં ઓછી પાંચ-સાત વખત નાણ માંડવામાં ન આવી હોય.

વિરતિમય જીવન તરફ આચાર્યશ્રીને જેમ ખૂબ પ્રેમ હતો તે પ્રમાણે જ્ઞાનોદ્યોત અને દર્શનોદ્યોતના સાધનોમાં પણ તેઓશ્રીને ખૂબ જ રૂચિ હતી. અગાઉ જણાવી ગયા તે મુજબ સ્વયં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વાધ્યાયમાં તલ્લીન રહેવા સાથે સાધુઓને પઠનપાઠન કરાવવાની કાળજી, નાના–મોટા ગામોમાં ધાર્મિકશિક્ષણના પ્રચાર માટે પાઠશાળાઓની સ્થાપના અને પ્રાચીન–અર્વાચીન જ્ઞાન–સાહિત્યના સંરક્ષણ તેમજ વિકાસ માટે જ્ઞાનમંદિર–સાહિત્યમંદિર અને અને ગ્રંથમાલાઓની યોજના માટે તેઓએ સતત ઉપદેશ ચાલુ રાખ્યો હતો. દર્શનોદ્યોતના સાધન તરીકે તેઓ ધાર્મિક મહોત્સવમાં પણ ખૂબ માનવાવાળા હતા. અને તેથી જ પ્રાયઃ પ્રતિ–વર્ષે તેમની નિશ્રામાં શાસનપ્રભાવક ભવ્ય મહોત્સવો ઉજવાતા. પ્રાયઃ કોઇ વર્ષ તેવું ન હોય કે જે વર્ષમાં એક–બે. કે તેથી વધુ વખત તેઓશ્રીની અધ્યક્ષતામાં અષ્ટોત્તરી સ્નાત્ર–શાંતિસ્નાત્ર વગેરે સાથે મહોત્સવો ન ઉજવાયા હોય. એકંદર શાસન-પ્રભાવક આચાર્યોની નામાવલીમાં તેમનો નંબર પ્રથમ પંક્તિમાં આવતો હતો.

## પાલીતાણામાં ઉજવાએલો જૈન સાહિત્ય મંદિરનો
## મહોત્સવ
### આમંત્રિત ગૃહસ્થો અને પાલીતાણા નરેશની હાજરીમાં થએલો મેળાવડો

❀

### પ્રમુખપદેથી જૈનાચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજીનું
### – પ્રવચન –

❀

જે રાજા પ્રજાના ધાર્મિક કાર્યોમાં મદદ કરે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**પુણ્યનો છઠ્ઠો હીસ્સો, અને નડતર કરે તે પાપનો છઠ્ઠો હીસ્સો મેળવે છે.**

❀

## વરઘોડો, શાંતિસ્નાત્રની ક્રિયાઓ, નવકારશીનું જમણ, બબ્બેવાર પાલીતાણાનરેશ અને રાજમંડળનું આગમન

❀

શુભેચ્છા ઇચ્છતા આવેલા સંખ્યાબંધ તારો.

**પાલીતાણા** તા. ૩૦ મી એપ્રીલ

**સુપ્રસિધ્ધ** મહાન્ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી હજારોને ખર્ચે તૈયાર થએલી ભવ્ય અને આલીશાન જૈન સાહિત્ય મંદિરની બિલ્ડીંગની ઉદ્દઘાટન ક્રિયાનો મહોત્સવ ભારે ધામધુમથી અહીં પાલીતાણા ખાતે ઉજવવામાં આવ્યો હતો. ગયું આખુંએ અઠવાડિયું પાલીતાણા માટે અપૂર્વ આનંદ અને ઉત્સાહમય બન્યું હતું. અને તમામ વિધિઓ ફત્તેહમંદ રીતે સાંગોપાંગ પાર ઉતરી ગઇ હતી.

### ઉત્સવાર્થે ભવ્ય શણગારઃ

**આ** મહોત્સવ પ્રસંગે પંચરંગી આમંત્રણ પત્રિકાઓ નક્કી થયેલા કાર્યક્રમ મુજબ ભારતભરમાં રવાના કરવામાં આવી હતી. તે મુજબ વૈશાખ સુદિ એકમથી મહોત્સવ શરૂ થનાર હોવાથી તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. બીજી બાજુ મુકામનું બહારનું કાર્ય પણ ધમધોકારથી છેલ્લા અઠવાડિયામાં લેવામાં આવ્યું હતું. ઘણી ઉતાવળને અંતે ચૈત્ર વદ ચૌદસે તમામ કાર્ય બંધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી નાંખવામાં આવ્યું. અમાસના ફાજલ દિવસે તમામ કાર્ય અને જગ્યા સુવ્યવસ્થિત થતાં મુકામ આગળના જાહેર રસ્તાઓ, બિલ્ડિંગના વિભાગોને ધ્વજા-પતાકા તેમજ સોનેરી સ્વાગત બોર્ડોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યા. બિલ્ડિંગની કમાનોને પણ શણગારવામાં આવી.

તેમજ મહોત્સવ જે હોલમાં થનાર હતો તેમાં તો અઠવાડિયાથી કામની શરૂઆત થઇ ચૂકી હતી. તે માટે એક અલગ મંડપ કરી નાખવામાં આવ્યો હતો. નાટકશાળાની પધ્ધતિથી રેશમી કમાનો વડે, હજારોની કિંમતના જરીયાન ચંદરવા છોડોથી ખૂબ જ શણગારવામાં આવ્યો હતો, તેમાં એક બાજુ **ગીરનાર** પર્વતની, બીજી બાજુ **શ્રી સમેતશિખર** પર્વતની, વચમાં **ત્રિગડાગઢ**ની અને તેની બંન્ને બાજુ સુંદર જ્ઞાનસ્થાપના અને તેની બંન્ને બાજુએ એક તરફ **ઈલાયચીકુમાર**નું વૈરાગ્યના રંગો દર્શાવતું સ્ટેચ્યુ-દ્રષ્ટાંત, તેવી જ રીતે સંસારની અસારતા દર્શાવતું **મધુબિન્દુ**નું દ્રષ્ટાંત વગેરે કલાત્મક દ્રષ્ટિએ ઘણા જ આકર્ષક બનાવવામાં આવ્યા હતા.

## વ્યાખ્યાન હોલનો શણગારઃ

**વ્યા**ખ્યાન હોલને બોધક બોર્ડો, શ્લોકો, કીંમતી ફોટાઓ, તકતાઓ, હારતોરાઓ, ધ્વજાઓ, હાંડી-ઝુમરો વગેરેથી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો.

આ બધી વિવિધ તૈયારીઓ સંપૂર્ણ થતાં વૈશાખ સુદિ એકમે પોતાના વિશાળ કુટુંબ સાથે આવેલા **શેઠ સુંદરજી**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**હરચંદે** વાજતે ગાજતે રથમાં પ્રભુજી આવતાં તૈયાર થયેલ રચનાઓ ઉપર સ્થાપન કર્યા હતા. આમ આનંદ અને ઉત્સાહ વચ્ચે ઉત્સવારંભ થયો.

## ખડું થતું સ્વર્ગીય દ્રશ્યઃ

હંમેશાં વિવિધ પૂજાઓ, ભવ્ય અંગરચનાઓ થતી હતી. રાત્રિના સમયે જૈન સાહિત્ય મંદિરનું આલીશાન મુકામ સેંકડો ઇલેક્ટ્રીક રોશનીની વચ્ચે સ્વર્ગીય દ્રશ્ય ખડું કરતું હતું. મુકામના ભાવવાહી અવનવા દ્રશ્યો હરેક પ્રેક્ષકને આનંદમાં તરબોળ કરી કંઇ નવીન જ પ્રેરણા આપતા હતા. ઝુલતા છત્રને ઉપાડી લઈ જતા બે ભવ્ય હાથીઓનો લાક્ષણિક દેખાવ કંઈ નવીન જ ચેતન દાખવતો હતો.

## હજારો માણસોનો દરોડોઃ

હંમેશાં હજારો માણસોનો દરોડો પડવો શરૂ થયો. તેમાં ખાસ કરીને નવીન પદ્ધતિનો ઈલાયચીકુમારનો સૌંદર્યભર્યો દેખાવ પ્રત્યેક જનતાને વધુ આકર્ષણ કરતો હતો.

## દબદબાભર્યો વરઘોડોઃ

**પાંચમના** દિવસે વડીદીક્ષાનો વિધિ તેમજ કુંભસ્થાપનનો વિધિ થયો હતો. છઠની વહેલી સવારે રથયાત્રા તેમજ શ્રી જ્ઞાન–પ્રવેશ નિમિત્તે એક દબદબાભર્યો ભવ્ય વરઘોડો અમદાવાદવાળા **શેઠ જેસંગભાઇ** વાડીવાળા તરફથી ચઢાવવામાં આવ્યો હતો. વરઘોડો જૈનસાહિત્યમંદિરેથી સવારના નવ વાગે ચઢી શહેરના તમામ લતાઓમાં ફરી અગીયાર વાગે ઉતર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વરઘોડાની વિવિધ સામગ્રી:

વરઘોડામાં જૈનશાસનનો વિજય ડંકો ગજાવતા ડંકો નિશાન, ત્યારબાદ જૈનધર્મનો વિજયધ્વજ ફરકાવતી અમર પતાકાઓથી શોભતો ઇન્દ્રધ્વજ, બાદ શહેરીઓનો સંદેશો પહોંચાડતી શરણાઇઓ, ત્યારબાદ રંગબેરંગી વસ્ત્રોથી શોભતા કુમાર–કુમારીઓનાં વિકટોરીયા તથા મોટરોનાં સાંબેલાઓ, ત્યારબાદ વિજય વરમાળાથી થનગની રહેલી ઘોડેસ્વારોની ટુકડી તેમજ પાયદળ ટુકડી, જૈન બાલાશ્રમનો કિશોર વિદ્યાર્થી વર્ગ, ત્યારબાદ શહેરના વિશાળ રસ્તાઓને પોતાના મધુર સ્વરોથી ગજવતું સ્ટેટ બેન્ડ, ત્યારબાદ સાજનની મોખરે ગંભીર અને સસ્મિતવદને શોભતા પ્રખર જૈનાચાર્ય **શ્રી વિજય–મોહનસૂરીશ્વરજી** પોતાના પટ્ટધર જૈનાચાર્ય **શ્રી વિજયપ્રતાપ-સૂરિજી તથા પં. ધર્મવિજયજી તથા મુ. શ્રી યશોવિજયજી** આદિ અન્ય સંખ્યાબંધ મુનિરાજોની સાથે ગજરાજ ગતિએ ગમન કરતા સહુ કોઈનાં વંદન–નમન સત્કારને ઝીલતા ચાલતા હતા. તેમનો યશસ્વી પુણ્ય દેહ, અને અજબ તેજભરી દૃષ્ટિ સહુ કોઇને આંજી નાખતી હતી. તે સાધુમંડળની મોખરે રાજહંસગતિથી ચાલતા હસમુખા બાલમુનિ **શ્રી જયાનંદવિજયજી** તથા અન્ય બાલમુનિઓ સૌનું ધ્યાન ખેંચતા હતા. સાધુવિભાગની પાછળ સોરઠી, કંઠાળ, ગુજરાતી, કાઠિયાવાડી, કચ્છી, મારવાડી, મેવાડી પંજાબી વગેરે દેશોની શોભતી પાઘડીઓથી શોભતો ગંભીર પગલાં પાડતો શ્રીમંત વર્ગ, ત્યારબાદ આબાલગોપાલ વર્ગ, ત્યારબાદ રૂમઝુમના પડઘા પાડતો ભવ્ય ચાંદીનો રથ, ત્યારબાદ સ્ત્રીસમાજનું આદર્શભૂત ગણાતું સાધ્વીમંડળ અને તેમની પાછળ કોકિલ કંઠે ગવાતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મધુર અને મંગળ ગાણાંઓથી શહેરના રસ્તાઓને ગજાવતું નવ-રંગી પોષાકમાં સજ્જ થયેલું વિશાળ મહિલામંડળ ચાલતું હતું.

આવી રીતે અનેક પ્રકારની વિવિધ સામગ્રીથી શોભતું સર-ઘસ સહુ કોઈનું ધ્યાન ખેંચી રહ્યું હતું. ઠેર ઠેર જયનાદોની પ્રચણ્ડ ઘોષણાથી ગાજતું ભવ્ય સરઘસ શાંતિથી સમાપ્ત થયું હતું.

## ધામધુમથી ઉદ્‌ઘાટનઃ

જે દિવસ પાછળ આટલી બધી પૂર્વ તૈયારીઓ અને ધામ-ધુમ ચાલી રહી હતી, તે દિવસ વૈશાખ સુદિ સાતમનો આવી પહોંચ્યો હતો. સહુનો હર્ષ વૃદ્ધિગત થઈ રહ્યો હતો. સાતમની વહેલી સવારથી જ સહુ કોઈનાં પગલાં જૈન સાહિત્યમંદિરના દ્વારે પડી રહ્યાં હતાં. આઠ વાગતાં લગભગ વિશાળ સમૂહ વચ્ચે વિધિપૂર્વક દ્વારોદ્‌ઘાટની ક્રિયા એક ગુજરાતી શ્રીમંત સદ્‌ગૃહસ્થ **શેઠ ભગુભાઈ સુતરીયાના** હસ્તે થયા બાદ મકાનમાં દાખલ થઈ સહુ કોઈએ બુલંદ જયનાદો વચ્ચે પોતપોતાનું સ્થાન લીધા બાદ પૂજ્ય આચાર્ય શ્રી આદિ વ્યાખ્યાનપીઠ ઉપર બીરાજ્યા, બાદ બોલી બોલતાં રૂા. ૨૦૧ માં શેઠ સુંદરજી હરચંદ પ્રભાસ-પાટણવાળાએ વિશાળ કબાટમાં પોતાની ધર્મપત્ની સાથે શ્રી **ભગવતીસૂત્રની** ઘંટા અને થાળીઓનાં ઝણઝણાટ વચ્ચે અને જનતાના જયનાદો સાથે **સ્થાપના** કરી; જેની મુખ્યતા હતી તે જ્ઞાનપ્રવેશ-સ્થાપના આનંદભેર થઈ ગઈ. બાદ ઘડીઆળનો કાંટો આઠના પોઈન્ટથી ખસીને સાડાઆઠના આંકડા ઉપર ધસીને જઈ રહ્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પાલીતાણા નરેશનું આગમનઃ

સાડાઆઠ વાગ્યા કે પાલીતાણાના રાજવી **શ્રી બહાદુરસિંહજી** પોતાના એ. ડી. સી. સાથે આવી પહોંચતાં સ્ટેટ બેન્ડે સલામી આપી હતી. બાદ વ્યાખ્યાન સભામાં પધારતાં તેઓએ પોતાનું સ્થાન મહારાજ શ્રી મોહનસૂરીશ્વરજી સાહેબ સન્મુખ સંભાળી લીધું. તે અગાઉ રાજકીય તમામ અમલદારો, અને જાણીતા તમામ સદ્‌ગૃહસ્થો અને આદપુરના ના૦ કુમારશ્રીએ પણ હાજરી આપી દીધી હતી. સભામાં નિરવ શાંતિ પથરાઇ ગઇ.

## જુદા જુદા વક્તાઓનાં ભાષણોઃ

બાદ શ્રાવિકાશ્રમની બાળાઓએ સાહિત્યમંદિર અંગેનું સુંદર સંગીત ગાયું. બાલમુનિ શ્રી જયાનંદવિજયજીએ પવિત્ર શ્લોકોચ્ચાર કર્યો. માસ્તર કુંવરજીભાઇએ ઉદ્દેશ જણાવી પૂજ્ય આચાર્યશ્રીની સુંદર પીછાણ આપી પચીશ વર્ષની અમારી અરજ અને મહારાજશ્રીની ભાવના આજે મૂર્તસ્વરૂપમાં જોતાં જૈનકોમે લેવી જોઈતી મગરૂરી માટે ભાર મૂક્યો હતો. બાદ વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજે જૈન, બૌદ્ધ અને વૈદિકસંસ્કૃતિએ ગુજરાત–સૌરાષ્ટ્રમાં કેવો ભાગ ભજવ્યો છે, તેમજ પ્રાચીન પ્રતિઓનું કેવું સુંદર સંરક્ષણ જૈનસમાજના આગેવાનોએ કર્યું છે, તે દર્શાવી જૈન જ નહિ પણ ભારતવર્ષને તે મગરૂરી લેવા જેવું છે.

## શ્રી મોહનસૂરીશ્વરજીનું પ્રવચનઃ

ત્યારબાદ જૈનાચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજે

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

પોતાની વિદ્વત્તાભરી ગંભીર અને લાક્ષણિક શૈલીથી નવથી સાડા નવ સુધી પ્રવચન કર્યું હતું. રાજવી ભારે ખુશી થયા હતા. તેમનું અસરકારક પ્રવચન એકચિત્તે સાંભળ્યું હતું. તેમનાં પ્રવચનનો મુખ્ય વિષય જ્ઞાન ઉપર અને આવી સંસ્થાઓની જરૂરીયાતના હેતુઓ ઉપર હતો. તેમણે જણાવ્યું હતું કે “ જ્ઞાન એ જગતને કલ્યાણને માર્ગે ઘસડી જવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે પણ જગતમાં જ્ઞાનની કિંમત વધુ જોવાય છે. એ જ્ઞાનનું સંરક્ષણ કરવું રાજર્ષિ કે મહર્ષિ સહુનું કર્તવ્ય છે. ગુજરાત–પાટણની પ્રસિદ્ધ ભૂમિ ઉપર રાજર્ષિ તેમ જ મહર્ષિઓએ અથાગ શ્રમથી સ્થાપેલા જ્ઞાનભંડારોની–તૈયાર કરેલા પુસ્તકસંગ્રહની વિગતો તપાસો. એ સઘળું શું બતાવે છે કે પ્રાચીન સાહિત્યના સંરક્ષણ માટે જરીયે દુર્લક્ષ કરી શકાય તેમ નથી.

વધુમાં આગળ ચાલતાં જણાવ્યુ હતું કે “ ઘણા વખતની મારી ઇચ્છા શ્રીમંતોના સહકારથી અમલી બની છે. તેમાં વળી આ પવિત્ર ભૂમિ ઉપર જ્યાં આર્ય–હિંદુ રાજવીઓ શાસનકર્તા છે, ત્યાં થઇ છે, એટલે જો રાજાઓ પોતાની ભૂમિ ઉપર થતાં ધાર્મિક કાર્યોમાં મદદગાર નીવડશે તો આર્ય ઉકિત મુજબ તેના પૂણ્યનો છઠ્ઠો હિસ્સો તે રાજવીને ફાળે જશે અને જે રાજવીઓ નડતરકર્તા બનશે તેનો પાપનો છઠ્ઠો હિસ્સો પણ તે રાજવીને ખોળે જઈ પડશે.”

આ વખતે સભામાં ભારે હસાહસ થઈ હતી. મહારાજાશ્રી પણ આવું નગ્નસત્ય કહેનાર મહારાજશ્રીના શબ્દોથી હસી પડયા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાદ **ડૉ રતિભાઇએ** સુંદર શબ્દોમાં સભાને રંજિત કરી સહુનો આભાર માન્યો હતો. મહારાજશ્રીએ રાજવીના શીયલગુણની પ્રશંસા કરી તેનું અનુકરણ કરવા તમામ અમલદારોને ચેતવણી આપી હતી. ત્યારબાદ એક કલાકને અંતે વ્યાખ્યાન સમાપ્ત થયું હતું.

ત્યારબાદ પાલીતાણા નરેશ આદિ રચનામંડપનું બારીકાઈથી નિરીક્ષણ કરીને ભારે સંતોષ પામ્યા હતા.

## વિદાયગિરીનું સન્માનઃ

ત્યારબાદ સમગ્ર રાજમંડળ વ્યાખ્યાન હૉલમાંથી વિદાય લઇ જૈનસાહિત્યમંદિરને જોવા ઉપર ગયું હતું. ત્યાં આગળ બેઠક રાખવામાં આવી હતી, જ્યાં રાજવી વગેરે વર્ગનો હારતોરાથી સત્કારાદિક વિધિ થયો હતો. દશ વાગતાં સર્વ સમાપ્ત થતાં શ્રી બહાદુરસિંહજી નીચે ઉતરી પુનઃ મહારાજશ્રીને સસ્મિત મુખે વંદન કરી વિદાય થતા હતા ત્યારે રાજવી–મહારાજશ્રી સાથે ઉભા રહેવાની સાથે જ કેમેરામેનોએ ઝડપી ફોટા ખેંચી લીધા હતા. બાદ બેન્ડની સલામી સાથે તેઓ પોતાની મોટર હંકારી ગયા હતા. જનતા આનંદ અને ઉત્સાહભેર અપૂર્વ હર્ષ સાથે વિખરાઈ હતી.

## જનતામાં ફેલાયેલું આશ્ચર્યઃ

પાલીતાણા રાજવીનું જૈનાચાર્યના પ્રવચનમાં સહર્ષ અને ખુશીની સાથે આવવું, એક કલાક સુધી પ્રવચન સાંભળવું અને જૈનમહોત્સવના દર્શનાર્થે લાંબો સમય રોકાવું ખરેખર પ્રાથમિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ હતું, જેથી જનતામાં ભારે આશ્ચર્ય સાથે નવાઈ ઉપજી હતી. પાલીતાણા રાજવીને જૈન સાહિત્યમંદિર ઉપર કેટલો ઉંડો હર્ષ અને પ્રેમ ઉદ્‌ભવ્યો છે તેની આ બધી નિશાનીઓ હતી.

## શાંતિસ્નાત્રનો પ્રારંભ.

બપોરના શાંતિસ્નાત્ર મોટી ધામધુમથી રાજકોટવાળા **પટણી શેઠ છોટાલાલ હેમચંદ** તરફથી ભણાવવામાં આવ્યું હતું. હજારો માણસોનો ભારે દરોડો પડયો હતો. વિશાળ જગ્યાઓ પણ આજે નાની પડી ગઈ હતી. બાલમુનિશ્રીના મધુર સ્વરથી ભણાતી પૂજાઓ પણ જનતાને ભારે પ્રેરણાત્મક બનતી હતી. તે પ્રસંગે જીવદયાની ટીપ કરવામાં આવી હતી. તે વખતે જામનગર વાસી **શેઠ પોપટલાલ ધારસી, શેઠ ભગુભાઇ સુતરીયા શેઠ ભુરજીભાઇ ધ્રાંગધ્રાવાળા** વગેરે હાજર હતા.

## રાજવીનું શાંતિસ્નાત્રમાં આગમન.

બરાબર સાડાચાર વાગતાં બીજી વાર **પાલીતાણા નરેશ** આનંદપૂર્વક શાંતિસ્નાત્રમાં પધારતાં આખીયે સભાએ જૈનશાસનની પ્રચંડઘોષણાઓ વચ્ચે વધાવી લીધા હતા. તે આવ્યા ત્યારે છેલ્લી પૂજા શરૂ થવાની તૈયારી હતી. શેઠ પોપટભાઇએ મહારાજાશ્રીના હાથમાં તુર્ત જ છેલ્લીપૂજાનો જાતે લાભ અપાવવા રાજવીના હાથમાં શ્રીફળ, રૂપિયા, પાન સહિત થાળ આપ્યો હતો. બાદ છેલ્લી પૂજા આખીયે સભાએ દશ મિનિટ સુધી ભણાવી હતી ત્યાં સુધી પોતે સ્થિર ઉભા રહ્યા હતા.

આ વખતનો ભવ્ય દેખાવ કએ રાજવીની આવી ઉદાત્ત અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશાળતા ભરી ભવ્ય ભાવનાને જોઇને સારીયે સભા આશ્ચર્યમગ્ન બની હતી. જનતાના ઉત્સાહમાં પણ હર્ષનાં પૂર ઉભરાણાં. પૂજા પૂરી થતાં રાજવીજીએ જાતે શ્રીફળ પ્રભુ સમક્ષ જઈ પધરાવ્યું હતું.

**આવો પ્રસંગ અને લ્હાવો લેવાની સુંદર તક પાલીતાણા નરેશના જીવનમાં જેવી પ્રાથમિક હતી તેમ જૈન કોમ ઉપર આટલો સદ્ભાવ અને મહારાજ શ્રી અને સાહિત્યમંદિર તરફની ભલી લાગણી બતાવવાનો પ્રસંગ પણ પ્રથમ જ હતો.**

બબ્બે વાર તેઓ આવે, બપોરની સખ્ત ગરમીમાં હજારો માણસોની પ્રચંડ ગીરદીમાં ટાઇમસર આવે એ અત્યારના યુગમાં ઘણુંજ આશ્ચર્યજનક હતું. હજુ પણ આર્યરાજાઓ જીવંત જાગ્રત છે તેવી આમજનતામાં વધુ ખાત્રી થઈ હતી. આ બધી વ્યવસ્થા જાળવવા પાછળ **શેઠ પાનાચંદભાઇ, શેઠ ભવાનભાઈ** તથા **ડો. રતિલાલભાઇ**ની મહેનત જરૂર પ્રસંશનીય હતી.

## નવકારશીનું જમણ.

સાંજના શેઠ સુંદરજી હરચંદ તરફથી **નવકારશીનું** જમણ હતું, જેનો હજારો માણસોએ લાભ લીધો હતો.

## રાણી સાહેબ વિગેરે મહિલા વર્ગ દર્શનાર્થે.

રાતના પાલીતાણાના **રાણી સાહેબ** તથા **રાજકુમારી-મંડળ** તથા અન્ય રાજમહિલાવર્ગ ખાસ દર્શનાર્થે આવેલા હતા. તેમનાં આગમન અગાઉ હજારો બૈરાંઓનો એટલો જંગી દરોડો પડયો હતો કે તેઓને એવી સખત ગીરદી અને ગરમીમાં જવું

આવવું ભારે મુશ્કેલી વચ્ચે પસાર કરવું પડયું હતું. અર્ધા કલાક સુધી ઘણી મુશ્કેલી છતાં સભાસ્થાનમાં બેસી સંગીત સાંભળી વિદાયગીરી લીધી હતી. આમ ભારે આનંદ અને અપૂર્વ ઉત્સાહ વચ્ચે નિર્વિઘ્નપણે શાંતિથી ઉદ્ઘાટનનો દિવસ પસાર કર્યો હતો.

મહોત્સવ દશમ સુધી ચાલી ગઇકાલે જ સમાપ્તિને પામ્યો હતો.

આ પ્રસંગે આઠે દિવસ ભારે પૂજા અને રચનાઓ થતી હતી. તે માટે ખાસ ડભોઇના પ્રસિધ્ધ **સંગીતકાર મુળજી-ભાઇ** આવેલ હતા.

## શુભેચ્છાના તારો તથા સંદેશાઓઃ

આ પ્રસંગની શુભેચ્છા ઇચ્છતા સંખ્યાબંધ તાર અને ટપાલના સંદેશાઓ સાહિત્યમંદિર ઉપર આવ્યા હતા. આમાં ખાસ પ્રસિદ્ધ તરીકે શેર દલાલ શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદ ધારસી, શેઠ મનસુખલાલ સુખલાલ તારવાળા, શેઠ લાલચંદ નંદલાલ વકીલ, કોઠીપોળ જૈનસંઘ, શેઠ ધોળીદાસ ડુંગરશી, શેઠ મોહનલાલ હેમચંદ, શેઠ જીવતલાલ પ્રતાપસિંહ, અજીમગંજથી મહારાજ ચંદ્રકુમારસિંહ આદિ, રાજકોટથી વકીલ ઉજમસીભાઈ તેમજ દેશપરદેશના અન્ય ઘણા શહેરોમાંથી તારો આવ્યા હતા. ટપાલમાં સંદેશાઓ જથ્થાબંધ હતા. આમંત્રિત સદ્‌ગૃહસ્થો મોટી સંખ્યામાં હતા. રાજકોટથી પચાસ માણસ ખાસ આવ્યું હતું.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઈનામી મેળાવડો:

છેલ્લે દિવસે મોટો ઈનામી મેળાવડો થયો હતો. નાનાં મોટાં સંખ્યાબંધ ઈનામો આપવામાં આવ્યાં હતાં.

વડોદરાના રાજ્યાભિષેકને અંગે જેઓ ખાસ રોકાઇ ગયા હતા તેમણે તારદ્વારા પોતાની સહાનુભૂતિના સંદેશાઓ પાઠવ્યા હતા.

( ઉદ્‌ઘાટન મહોત્સવનો બીજો હેવાલ )

## પાલીતાણામાં જૈન સાહિત્ય મંદિર ઉદ્‌ઘાટન ક્રિયાનો થયેલો ભવ્ય સમારંભ:

પાલીતાણા તા. ૨૮. **જૈનાચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ**ના આદેશને માન આપીને હજારોને ખરચે બાંધવામાં આવેલા જૈન સાહિત્યમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા કરવામાં આવી છે.

## ધાર્મિક સમારંભ:

છેલ્લા સાત દિવસ થયા આ મંગળ સમારંભને માટે મોટા પાયા પર તૈયારીઓ થઇ રહી હતી. અને ધાર્મિક વિધિથી સમારંભ યોજવામાં આવ્યો હતો. હજારોની સંખ્યામાં યાત્રાળુઓની માનવમેદની મંદિરના દર્શનાર્થે ઉલટી હતી.

સાહિત્યમંદિરની ભવ્યતામાં વિજળીક રોશનીએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. **વૈશાખ શુદિ સપ્તમીને** દિવસે ધાર્મિક ક્રિયાઓ કર્યા બાદ સાહિત્યમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા કરવામાં આવી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ધનિકોનો સહકાર:**

ગુજરાતના જાણીતા જૈન આગેવાનો અને ધનિકોએ સમારંભમાં ખાસ હાજરી આપી હતી. જેમાં **શેઠ પોપટલાલ ધારસી, શેઠ સુંદરજી હરચંદ, શેઠ ભગુભાઇ સુતરીઆ, શેઠ ભૂરજીભાઇ ધ્રાંગધ્રાવાળા,** શેઠ કાંતિલાલ ઇશ્વરભાઇ, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ મોહનલાલ હેમચંદ વિગેરે વિગેરેની હાજરી જણાઈ આવતી હતી.

**સંદેશાઓ:**

શેઠ અમૃતલાલ કાળીદાસે શુભેચ્છા વ્યક્ત કરતો તારનો સંદેશો મોકલ્યો હતો અને અજીમગંજ સ્ટેટ સંસ્થાન તેમ જ વડોદરા કોઠીપોળ સંઘ તરફથી પણ આશીર્વાદ મળ્યા હતા.

પાલીતાણા નામદાર ઠાકોર સાહેબે પણ સાહિત્ય સમિતિના આમંત્રણને માન આપી સમારંભમાં હાજરી આપી હતી અને આચાર્ય મહારાજ શ્રી વિજયમોહનસૂરીશ્વરજીનું વ્યાખ્યાન અડધા કલાક સુધી શાંતિપૂર્વક શ્રવણ કર્યું હતું.

ત્યારબાદ મીઠાઇ વહેંચવામાં આવી હતી અને મહેમાનોનું હારતોરાથી સ્વાગત કર્યા બાદ સમારંભ પૂરો થયો હતો.

પાલીતાણા **નામદાર ઠાકોર સાહેબે** પૂજાવિધિમાં સક્રિય ભાગ લીધો હતો અને રાતનાં **નાં. મહારાણા** પણ મંદિરનાં દર્શને પધાર્યા હતાં.

[ જન્મભૂમિ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[ ઉદ્દઘાટન મહોત્સવનો ત્રીજો હેવાલ. ]

આ અઠવાડીયું પાલીતાણા માટે ઘણું યાદગાર હતું. આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજીની ભારે જહેમત અને સદુપદેશથી તૈયાર થયેલ જૈન સાહિત્યમંદિરના આલિશાન અને કલાત્મક મુકામના ઉદ્દઘાટનનો મહોત્સવ ભારે ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો.

## સાહિત્યમંદિરનો જાહેર શણગારઃ

તે પ્રસંગે સાહિત્યમંદિરના રસ્તાઓ તથા બિલ્ડીંગ ધ્વજા–પતાકા સ્વાગત બોર્ડોથી શણગારવામાં આવેલ, તેમ જ સાહિત્ય-મંદિરનો તૈયાર થઇ ગયેલ નીચેનો હોલ જ્યાં ઉત્સવ થયો હતો તે હોલને પણ રેશમી ધ્વજાઓ, ઉપદેશક બોર્ડો, તથા ધર્મગુરુ-ઓનાં વિવિધ પ્રકારના આલિશાન ફોટાઓ તથા આરીસાઓ વગેરેથી ખૂબ શણગારવામાં આવ્યો હતો.

## રચના વિભાગનાં અવનવા દૃશ્યોઃ

શ્રી **સમેતશિખર** તથા શ્રી **ગિરનાર** પર્વતની ભવ્ય રચનાઓવાળા ભાગને જરીયાન કિંમતી છોડો વગેરેથી શણ–ગારવામાં આવેલો.

વધુ ધ્યાન ખેંચે તેવી બીના **ઇલાયચીકુમાર** તથા **મધુ-બિંદુ**ના કલાત્મક દશ્યોની હતી. આ જાતનો દેખાવ આ બાજુ પ્રથમ જ હતો અને આકર્ષક દશ્યોના પરિચયનાં સાઇનબોર્ડો રાખવામાં આવ્યા હતા. એ કાર્ય ઘણું જ આવકારદાયક અને પ્રશંસનીય હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જ્ઞાનની સ્થાપના** આરસનો ત્રિગડો રચી ઝીણામાં ઝીણી કારીગરીવાળા સુખડના તેમજ ચાંદીના વિશાળ સાપડાઓ ઉપર જરીયાન ચંદરવા પાથરી સુંદર ઢબથી કરવામાં આવી હતી.

સાહિત્ય મંદિરના અંદર તેમજ બહારના ભાગમાં સેંકડો ઇલેક્ટ્રીક દીવાઓ નાખવામાં આવ્યા હતા.

## મહોત્સવારંભઃ

વૈ. શુ. એકમના દિવસે શુભ મુહૂર્તે ઉત્સવનો આરંભ કરતાં વાજતેગાજતે રથમાં પ્રભુજીને લાવવામાં આવતાં તેમને સાહિત્ય-મંદિરમાં રૂ. ૨૬ હજારનું દાન કરનાર **શેઠ સુંદરજી હરચંદ** કે જે પોતાના વિશાળ કુટુંબ સાથે આવેલા છે તેમણે ધામધુમથી પધરાવ્યા હતા.

હમેશાં વિવિધ પૂજાઓ, ભવ્ય અંગરચનાઓ અને ઇલેક્ટ્રીક રોશની વચ્ચેનો દેખાવ એક સ્વર્ગીય દ્રશ્ય ખડું કરતો હતો.

## હજારો પ્રેક્ષકોનો દરોડોઃ

એકમના જ દિવસથી હંમેશ યાત્રિકો અને સ્થાનિક વતનીઓનો શતના ભારે દરોડો પડવો શરૂ થયો હતો. સંગીત-મંડળીઓ પણ દાંડિયારાસ અને ગાયનોથી હંમેશાં ખૂબ જમાવટ કરતી.

આ પ્રસંગે ડભોઈના પ્રસિદ્ધ સંગીતકાર **ભાઇ મુળજીભાઇને** બોલાવેલ હતા.

સાહિત્યમંદિરના આ પ્રસંગે આવનારા સદ્ગૃહસ્થોનું આગમન બીજથી જ શરૂ થઇ ચૂક્યું હતું. જાણીતી વ્યક્તિઓમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શેઠ સુંદરજી હરચંદ, શેઠ ચકુભાઈ વખતચંદ રાજકોટ, વકીલ લાલચંદ નંદલાલ વડોદરા, શેઠ હંસરાજ ખુશાલ પ્રભાસપાટણ, શેઠ ભૂરજીભાઈ ધ્રાંગધ્રા, શાહ નેમિદાસ અભેચંદ મુંબઈ, શેઠ જેસંગભાઇ અમદાવાદ, શેઠ પોપટલાલ ધારશીભાઇ જામનગર, શેઠ જગુભાઇ અમરચંદ, શેઠ ગુલાબચંદ આણંદજી, શેઠ દેવચંદ દામજી તથા આત્માનંદ સભાના સેક્રેટરી શાહ વલ્લભદાસ ત્રિભુવનદાસ ભાવનગર, શેઠ મનસુખલાલ તારવાળા ચુડા, શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધી શેઠ ભગુભાઇ સુતરીયા તે સિવાય નવસારી, ડભોઇ, સુરત, મુંબઇ, વડોદરા, વગેરે સ્થળેથી અન્ય સદ્‌ગૃહસ્થો આવેલા હતા.

## દબદબાભર્યો વરઘોડો.

પાંચમના દિવસે વડી દીક્ષાઓની ક્રિયાઓ પૂજ્ય આચાર્યશ્રીજીએ કરાવી હતી. છઠ્ઠના દિવસે જૈન સાહિત્યમંદિરના ઉત્સવનો જ્ઞાન તથા જલયાત્રાનો ભવ્ય વરઘોડો હોવાથી સવારના જૈન સાહિત્યમંદિરથી વરઘોડો ચઢયો હતો, જે શહેરના તમામ લત્તાઓમાં ફરી જયનાદોથી ગાજતો પાછો જૈન સાહિત્યમંદિરે ઉતર્યો હતો.

વરઘોડામાં ડંકા નિશાન, ઇન્દ્રધ્વજની ગાડી, હાથી તથા ગામના બેન્ડો તેમ જ મોટરો અને બબ્બે ઘોડાઓની વિકટોરીયા શણગારેલાં સાંબેલાઓ ને જ્ઞાનની ગાડી દરબારી બેન્ડના સાજ સામગ્રી સાથે ગુજરાત, કાઠીઆવાડ, કંઠાળ, કચ્છ, મારવાડ વગેરે દેશોની પાઘડીઓથી શોભતો હતો.

જૈનાચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી આ. શ્રી પ્રતાપસૂરિજી, પંન્યાસ શ્રી ધર્મવિજયજી આદિ જુદા જુદા સાધુઓના મોટા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્યમંદિર




ઉદ્ઘાટનની પૂર્ણાહૂતિ બાદ સહર્ષ વિદાયગિરી લેતા પાલીતાણાના ના. દરબાર શ્રી બહાદૂરસિંહજી
કે. સી. એસ. આઇ., કે. સી. આઇ. ઇ. તથા પૂજ્ય આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી

સમૂહે તેમાં હાજરી આપી હતી. બપોરના નવગ્રહાદિકનું પૂજન થયું હતું.

## સાહિત્યમંદિરનું દ્વારોદ્દઘાટનઃ

વૈશાખ સુદિ ૭ના સાહિત્યમંદિર ખુલ્લું મૂકવાનું હોઇને સવારના સાડાસાત વાગતાં જાણીતા જૈન આગેવાનો, આમંત્રિત સદ્દગૃહસ્થો અને પૂજ્ય આચાર્યાદિ મુનિમંડળ ચતુર્વિધ સંઘ સાથે વાજતે ગાજતે શ્રી પવિત્ર ભગવતીજીસૂત્ર લઇને ચંપાનિવાસથી નીકળી સાહિત્યમંદિરને દ્વારે આવી પહોંચતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ સુતરીયા **શેઠ ભગુભાઇ ચુનિલાલ** ના શુભ હસ્તે દ્વારોદ્દઘાટન કરાવવામાં આવ્યું હતું. બાદ કેટલીક ધાર્મિક વિધિ થયા પછી આઠ વાગતાં રૂા. ૨૫૧) નો ચડાવો બોલી **શેઠ સુંદરજી હરચંદ** પ્રભાસપાટણવાળાએ શ્રી ભગવતીસૂત્રને સુંદર તૈયાર થયેલા વિશાળ કબાટમાં ચાંદીના સાપડા ઉપર જરીયાન છોડો સાથે જયનાદો વચ્ચે પધરાવ્યું હતું. જે વખતે સંખ્યાબંધ ફોટાઓ ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ રાજકોટવાળા **શેઠ ચકુભાઈ વખતચંદે** જ્ઞાનની પ્રથમ પૂજા કરી હતી.

## પાલીતાણા નરેશનું આવાગમનઃ

ત્યાં સાડાઆઠ વાગતાં રાજ્યના તમામ અમલદારો, જૈન જૈનેતર વર્ગના જાણીતા સદ્દગૃસ્થો, સન્નારીઓ અને પાલીતાણાના **રાજવી નામદાર બહાદુરસિંહજી** પોતાના એ. ડી. સી. સાથે આવી પહોંચતાં સ્ટેટ બેન્ડે સલામી આપી હતી. તેમ જ **આદપુરદરબારશ્રી** પણ પધાર્યા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારબાદ જૈન શ્રાવિકાશ્રમની બાળાઓએ મંગલાચરણ કર્યા બાદ બાલમુનિ શ્રી **જયાનંદવિજયજીએ** મંગલ શ્લોક કહ્યા પછી માસ્તર કુંવરજીભાઇએ ઉદ્દેશ સમજાવી પૂજ્ય આચાર્યશ્રીનો જન્મ આ જ પવિત્ર ભૂમિમાં થયેલ છે અને એ જ ભૂમિમાં પચ્ચીશ પચ્ચીશ વર્ષોની સહુની ભાવનાનું ફળ આ સાહિત્ય–જ્ઞાનમંદિર રૂપે થયું છે વગેરે પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ વિદ્વદ્વર્ય પં. **શ્રી ધર્મવિજયજી** મહારાજે આર્યભૂમિની મહત્તા શ્રમણ, વૈદિક અને બૌદ્ધ સંસ્કૃતિ સાથે સૌરાષ્ટ્રભૂમિનો નિકટ સંબંધ દર્શાવી જ્ઞાનસંરક્ષણ કેમ થઇ શકે? કોણ કરી શકે ? ઇત્યાદિ વિષયોનો સંક્ષિપ્ત રીતે સુંદર પરિચય આપ્યો હતો.

બાદ **આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજીએ** પ્રવચન કરતાં જ્ઞાનનો મહિમા વર્ણવતાં જ્ઞાનથી જ પ્રત્યેક આત્મા હેય, જ્ઞેય, ઉપાદેય પદાર્થોને સમજી ઉચ્ચ કોટીએ કેવી રીતે વધી શકે છે તે સમજાવીને આવા કાર્યોમાં રાજવીનો સહકાર અને અમલદારોની ફરજનો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે 'જે રાજવીના રાજ્યમાં આવાં પૂન્યનાં સુકૃતો કે સ્થાપત્યો થતાં હોય તેના સંરક્ષણમાં જો રાજ્ય સુંદર ધ્યાન આપતું હોય તો તેવા પુણ્યકાર્યનો છઠ્ઠો ભાગ રાજવીઓને ફાળે જાય છે એમ પૂર્વ મહર્ષિઓ કહે છે. મતલબ કે ધાર્મિક પ્રસંગોમાં રાજ્યના સહકાર કે દુર્લક્ષમાં હિતાહિતનો સંબંધ છે' વગેરે જણાવીને ઉપસંહારમાં પ્રાસંગિક, ના. મહારાજાશ્રીના ચારિત્ર્યની પ્રશંસા કરી ભારપૂર્વક શીયળ અને બ્રહ્મચર્યગુણનો મહિમા વર્ણવ્યો હતો. આચાર્યશ્રીનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવચન એક કલાક સુધી ચાલવા બાદ **ડૉ. રતિલાલભાઈએ** સૌનો આભાર માનવા પછી સભા સમાપ્ત થતાં ઠાકોર સાહેબ રચનાના દર્શને પધાર્યા. તે વખતે પંન્યાસશ્રીજીએ રચનાઓનું રહસ્ય સમજાવ્યું. બાદ મહારાજાશ્રી આદિ સદ્‌ગૃહસ્થો ઉપરના સાહિત્યમંદિરના હૉલમાં પધારતાં ત્યાં ફૂલહાર તોરા વગેરેનો વિધિ કરવામાં આવ્યો હતો અને મુકામની ભવ્યતાથી મહારાજાશ્રીએ સંતોષ વ્યકત કર્યો હતો.

## શાંતિસ્નાત્રઃ

બપોરના બે વાગતાં **શાંતિસ્નાત્ર** રચનાના હૉલમાં ધામધુમપૂર્વક ભણાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પણ બપોરના સાડાચાર વાગતાં પુનઃ ના **ઠાકોર સાહેબ શ્રી બહાદુરસિંહજી** પૂજામાં પધારેલા હતા, જે વખતે શેઠ પોપટલાલ ધારશી, ડૉ. રતિલાલ, ધ્રાંગધ્રાવાળા શેઠ ભૂરજીભાઇ વગેરે સેંકડો જૈનોની હાજરી હતી. **છેલ્લી પૂજામાં ના. ઠાકોર સાહેબે નૈવેદ્ય શ્રીફળનો થાળ લઇ સૌ સાથે મંત્રોચ્ચારશ્રવણનો લાભ લીધો હતો.**

શાંતિસ્નાત્ર પ્રસંગે જૈન સાહિત્યમંદિરનો પરિચય આપતી ટ્રેકટ બુકો છુટથી વહેંચવામાં આવી હતી ને જીવદયાની સારી ટીપ પણ કરવામાં આવી હતી.

રાતના સાડાઆઠ વાગ્યે **રાણી સાહેબ** તથા **મા સાહેબ** તથા **કુંવરી** તથા **રાજકુમાર** વર્ગનું જૈન સાહિત્યમંદિરનું નિરીક્ષણ તથા ઉત્સવના દર્શનાર્થે અત્યંત ઉલ્લાસપૂર્વક આગમન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયું હતું. રાતની રોશનીના ભવ્ય દેખાવો વચ્ચે સહુ અત્યંત આનંદ પામ્યા હતા.

આ પ્રસંગે પ્રભાસપાટણવાળા શેઠ સુંદરજી હરચંદ તરફથી **નવકારશી** કરવામાં આવી હતી.

## સં. ૧૯૯૯ માં આચાર્યશ્રીનું પાલીતાણાનું ચોમાસું :

**સદ્‌ગત** આચાર્યશ્રી વ્યવહારદષ્ટિએ સુદીર્ઘ ચારિત્રપર્યાય-સંપન્ન અને પ્રખર જ્ઞાનાભ્યાસી હતા એ તો સર્વ કોઈને સુવિદિત હતું, પરંતુ નિશ્ચયદષ્ટિએ આત્મરમણતામાં તેઓશ્રી કેટલા આગળ વધ્યા હતા તે વસ્તુ તેઓના અંતિમ વર્ષોમાં વિશેષ જણાઈ આવતી હતી. વિ. સં. ૧૯૯૯ માં તેઓશ્રીનું તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં શ્રી જૈન સાહિત્યમંદિર પાલીતાણામાં ખૂબ જાહોજલાલી ભર્યું ચાતુર્માસ થયું. ચાતુર્માસમાં હિંમતનગરનિવાસી શેઠ ફતેચંદ મોતીચંદ તરફથી મંગલમય શ્રી ભગવતી સૂત્રની વાચનાનો ભવ્ય વરઘોડો વગેરે મહોત્સવ સાથે પ્રારંભ થયો. સિદ્ધાચલની પવિત્ર છાયામાં આત્મકલ્યાણ કરવાની ભાવનાથી ચાતુર્માસ રહેલા ધર્મપરાયણ શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્ છોટાલાલ ભીખાભાઈ સુરતવાલા, શેઠ મંગલદાસ લક્ષ્મીચંદ વડુ ( વડોદરા ) વાળા, શેઠ સુખલાલભાઈ હાકરશી વઢવાણવાળા વિગેરે સેંકડો ભાવિક આત્માઓને આચાર્યશ્રીનું સાન્નિધ્ય અને તેમાં તેઓશ્રીના પવિત્ર મુખે ભગવતી સૂત્રનું વ્યાખ્યાન શ્રવણ કરવાનો યોગ મળવાથી ખૂબ જ હર્ષ થયો.

ચાતુર્માસ દરમ્યાન અનેક નાની મોટી તપશ્ચર્યાઓ થઈ. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વનું આરાધન પણ ઘણા જ ઉલ્લાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને માસક્ષમણ જેવી મહાન્ તપસ્યાઓ સાથે થયું. ધ્રાંગધ્રા-નિવાસી શ્રેષ્ઠિવર્ય ઉદારચરિત વ્હોરા પરશોતમદાસ સુરચંદ પણ ખાસ પર્વાધિરાજની આરાધના માટે મુંબઈથી પાલીતાણા આવી પહોંચતા તેમની ઉદારતાથી પર્વાધિરાજની આરાધનામાં કોઈ ઓર ઝમક આવી. સંવત્સરી પ્રતિક્રમણમાં રૂપીઆ-રૂપીઆની પ્રભાવના થઈ. અને પર્યુષણ પ્રસંગે થયેલી મહાન્ તપશ્ચર્યા નિમિત્તે સાહિત્યમંદિરના વિશાલ હોલમાં શાંતિસ્નાત્ર તેમજ સુંદર તીર્થ રચનાઓ સાથે ભવ્ય મહોત્સવના મંડાણ મંડાયા. નેક નામદાર પાલીતાણા ઠાકોર સાહેબ શ્રીમાન્ બહાદુરસિંહજી સાહેબ, દિવાન સાહેબ વિગેરે અધિકારી મંડલ સાથે શાંતિસ્નાત્ર પ્રસંગે પધાર્યા. આસો મહિનામાં શ્રીયુત છોટાલાલ ભીખાભાઇની સરદારી નીચે શ્રી આગમ મંદિરમાં સેંકડો ભાઈઓ બ્હેનો સાથે સમહોત્સવ નવપદજી મહારાજનું અનુપમ આરાધન થયું. આરાધકોને છોટુભાઈ તરફથી ચાંદીની વાટકીઓ વગેરે આપવામાં આવ્યું અને પારણા કરાવાયા.

આ આરાધનાની પૂર્ણાહૂતિ બાદ, શેઠ સુખલાલભાઈ ઠાકરશી, શેઠ છોટાલાલ ભીખાભાઈ, શેઠ મંગલદાસ લખમીચંદ વગેરે ભાઈ-ઓની આર્થિક ઉદારતાથી શ્રુતજ્ઞાનની આરાધના નિમિત્તે મહા-મંગલકારી શ્રી ઉપધાનતપની ક્રિયાનો પ્રારંભ થયો. જેમાં સંખ્યા-બંધ ભાઇ-બ્હેનો જોડાયા. શેઠ છોટાલાલ ભીખાભાઇ, કે જેમની તબીયત બરાબર ન હતી તેઓ પણ આવો જંગમ અને સ્થાવર બન્ને તીર્થનો એક સાથે યોગ કયારે મલશે? એમ વિચારી શ્રી નવકારમંત્રનું આરાધન કરવાની ભાવનાથી ઉપધાનમાં દાખલ થયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્વિઘ્નપણે એ મહાન્ તપની પૂર્ણાહૂતિ થતાં શાંતિસ્નાત્ર માલા-પ્રતિષ્ઠાપનનો ભવ્ય વરઘોડો વિગેરે ધર્મક્રિયાઓ સહિત દબદબા-ભર્યો માલારોપણ મહોત્સવ ઉજવાયો. એ બધાય શુભકાર્યો ઉપ-રાંત સદ્દગત આચાર્યશ્રીના ઉપદેશથી ચાલુ અસહ્ય મોંઘવારીમાં મધ્યમવર્ગના સાધર્મિક બંધુઓની ભક્તિ નિમિત્તે હજારો રૂપી-આનું ફંડ કરાવી સસ્તા અનાજની દુકાન પણ ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રમાણે અનેક ધર્મપ્રભાવનાના કાર્યો સાથે ચોમાસું ઘણા જ આનંદથી સંપૂર્ણ થયું.

## ડભોઇના શ્રી સંઘની વિનંતિનો સ્વીકાર અને વિહાર દરમ્યાન થયેલ શાસન—પ્રભાવના:

દરમ્યાન અમદાવાદ, વડોદરા, અને ડભોઇના શ્રી સંઘમાં છેલ્લા બે ત્રણ વર્ષોથી પૂજ્ય આચાર્યશ્રીને ચાતુર્માસ કરાવવાના સુંદર મનોરથો ચાલતા હતા. અને તેને અંગે તેઓની આગ્રહ-ભરી વિનંતિઓ ચાલુ જ હતી. ડભોઈના શ્રી સંઘે બંને ત્યાં સુધી કોઇપણ ઉપાયે આચાર્યશ્રીને સપરિવાર ચાતુર્માસ કરાવવાનો નિર્ણય કર્યો. અને વિનંતિ કરવા માટે આગેવાન ભાઇઓનું ડેપ્યુટેશન પાલીતાણા આવી પહોંચ્યું.

છેલ્લા પાંચેક વર્ષથી કફના વ્યાધિ અંગે આચાર્યશ્રીનું શારીરિક બલ જોઇએ તેવું રહેતું નહિ, તો પણ ડભોઈના શ્રી સંઘનો ખૂબ જ આગ્રહ અને ભાવભરી ભક્તિને અંગે પૂજ્ય આચાર્યશ્રીએ ક્ષેત્રસ્પર્શનાની મર્યાદા પ્રમાણે ડભોઇની વિનંતિનો સ્વીકાર કર્યો. અક્ષય તૃતીયા પછી શુભમુહૂર્તે આચાર્યશ્રીએ વિશાલ પરિવાર સાથે પાલીતાણાથી ડભોઇ તરફ વિહાર લંબાવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળા, ધોલેરા, ખંભાત, બોરસદ, વાસદ, છાણી વિગેરે સ્થળોએ ભવ્ય સામૈયાઓ, આંગી, પૂજા, પ્રભાવના વિગેરે શુભ કાર્યોદ્વારા શાસનપ્રભાવના કરતા કરતા પૂ. આચાર્યશ્રી વડોદરા પધાર્યા.

લગભગ ૧૬ વર્ષોના લાંબા ગાળા બાદ આચાર્યશ્રી વડોદરા પધારતા હોવાથી ત્યાંના સ્થાનિક સંઘનો ઉત્સાહ અમાપ હતો. પૂજ્યશ્રીના વ્યાખ્યાન માટે ઘીકાંટાના વિશાલ ચોગાનમાં ધ્વજા, પતાકા સ્વાગત બોર્ડોથી સુશોભિત કરેલો ભવ્ય સમીયાણો-મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. મંગલમુહૂર્તે સોના ચાંદીની અંબાડીથી સુસજ્જ બનેલો હાથી, સંખ્યાબંધ ગાડીઓ અને શહેરનું સુપ્રસિદ્ધ સ્ટાર બેન્ડ વિગેરે સુંદર સામગ્રી સાથે દબદબા-ભર્યું સામૈયું થયું. શહેરના સંભાવિત સંખ્યાબંધ ગૃહસ્થો સામૈયામાં જોડાયા. વકીલ છોટાભાઈ ઝવેરભાઇ સુતરીયા, રાજરત્ન પ્રો. માણિકરાવજી વિગેરે અધિકારી વર્ગે પણ સામૈયામાં હાજરી આપી આચાર્યશ્રીના દર્શન કર્યા. રસ્તામાં સ્થલે સ્થલે સૌભાગ્યવંતી બ્હેનોએ રૂપાનાણા સાથે અક્ષતની ગહુંલીઓ કરી, એકંદર ત્રણસો ગહુંલીઓથી આચાર્યશ્રીને વધાવ્યા.

નવ વાગે શરૂ થયેલ સામૈયું શહેરના મોટા વિભાગમાં ફરીને લગભગ બાર વાગે ઘીકાંટે પહોંચ્યું. આચાર્યશ્રી ખૂબ જ પરિ-શ્રાન્ત થયા હોવા છતાં લગભગ એક કલાક સુધી માનવજીવનની મહત્તા વિષે ઘણું જ અસરકારક મંગલ પ્રવચન આપ્યું અને પ્રભાવના થઇ. કોઠીપોળના શ્રીસંઘે આચાર્યશ્રીની પધરામણી પ્રસંગે ત્રણ દિવસના મહોત્સવ સંબંધી કાર્યક્રમની યોજના અગાઉથી જાહેર કરી હતી. તે મુજબ ત્રણેય દિવસ સવારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન, બપોરે પૂજા, રાત્રે ભાવના અને ત્યારબાદ બ્હેનોના ગરબાઓ વિગેરે ધર્મકાર્યો ઘણાજ સારા પ્રમાણમાં થયા હતા. પૂજા-ભાવના માટે સંગીત માસ્તર દીનાનાથને બોલાવવામાં આવ્યા હતા.

ચોથે દિવસે બાબાજીપરા દેરાપોળ શ્રી સંઘના આગ્રહથી ભવ્ય સામૈયા સાથે આચાર્યશ્રી દેરાપોળ પધારતા ત્યાં પણ વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના, ભાવના અને ગરબા વગેરે પુણ્યકાર્યો થયાં. વડુવાળા શેઠ મંગળભાઈ લખમીચંદ કે જેઓએ વડોદરામાં નવા મુકામો લીધા હતા, તેઓને પાલીતાણાના ગયા ચાતુર્માસ દરમ્યાન આચાર્યશ્રીના વ્યાખ્યાનશ્રવણ વગેરેથી ઘણા જ ધાર્મિક લાભો થયેલા, તેથી ભક્તિભાવે એક દિવસ માટે પૂ૦ આચાર્યશ્રી સપરિવારની પોતાના મુકામે પધરામણી કરવાની ભાવના થતાં તે બાબત પૂજ્યશ્રીને વિનંતિ કરવામાં આવી અને વિનંતિનો સ્વીકાર થયો. મંગલભાઈએ પણ ખૂબ જ ઉલ્લાસથી હાથી, ઈન્દ્રધ્વજ, દરબારબેન્ડ, સંખ્યાબંધ સાંબેલાઓ વગેરે ભવ્ય સરંજામ સાથે દબદબાભર્યું સ્વાગત કર્યું. પોતાના મુકામની જોડેના ચોકમાં બાંધેલા ભવ્ય મંડપમાં આચાર્યશ્રીનું જોરદાર ભાવવાહી વ્યાખ્યાન થયું. તેમજ શ્રીફલની પ્રભાવના થઈ.

વાડીના જિનમંદિરની વરસગાંઠ હોઇ ત્યાંના ભાઈઓના આગ્રહથી આચાર્યશ્રી સાંજે વાડીએ પધાર્યા. આમ છેલ્લા છેલ્લા પાંચ દિવસમાં પણ વડોદરાના આંગણે ધર્મની અમૃતવર્ષા વરસાવી આચાર્યશ્રી ડભોઇ તરફ પધાર્યા. ડભોઈના શ્રી સંઘનો ઉલ્લાસ તો કોઇ નિરવધિ હતો. જ્યારથી પૂજ્ય આચાર્યશ્રીનું ખંભાત

પધારવું થયું, ત્યારથી ડભોઈના ભાવિક શ્રાવકોની આવ-જા ચાલુ હતી. ભીલુપુર, કેલનપુર, બન્ને સ્થલોએ સેંકડો શ્રાવક-શ્રાવિકાઓ આચાર્યશ્રીને વંદન કરવા માટે આવતા. ત્યાં સંઘ તરફથી સ્વામિવચ્છલો થયા હતા.

## ડભોઇમાં અપૂર્વ પ્રવેશ મહોત્સવ:

અનુક્રમે આચાર્યશ્રી જેઠ વદિ ૫ ના દિવસે ડભોઇ સ્ટેશન પાસે વાલજી લધાભાઇના જીનમાં પધાર્યા. બીજે દિવસે ( જેઠ વદિ ૬ ) શહેરમાં પ્રવેશ હોવાથી જીનમાં પણ આખોય દિવસ શ્રાવકોની આવકજાવક ચાલુ હતી. જેઠ વદિ ૬ ની સુપ્રભાતે આચાર્યશ્રીનો ડભોઇ શહેરમાં ભવ્ય સ્વાગત સાથે લગભગ નવ વાગે પ્રવેશ થયો. જૈન યુવક મંડળના સભ્યોએ દિવસો અગાઉ સ્વાગત માટે તૈયારી કરી હતી.

પૂજ્યશ્રીનો જે દરવાજેથી પ્રવેશ હતો. ત્યાંથી ઠેઠ જૈન ઉપાશ્રય શ્રીમાલી વગા સુધીના રસ્તાઓમાં ધ્વજા-પતાકા અને સ્થલે સ્થલે ભવ્ય કમાનો, દરવાજાઓ ઊભા કરવામાં આવ્યા હતા. સામૈયા માટે વડોદરાથી ખાસ સ્ટારબેન્ડને બોલાવવામાં આવ્યું હતું. સામૈયામાં સામગ્રી પણ ઘણી જ મનોરમ હતી. અહીં પણ લગભગ સોળ વર્ષે પૂજ્યશ્રીની પધરામણી થતી હોવાથી સર્વ-કોઈના મુખ ઉપર હર્ષની રેખાઓ દેખાતી હતી. મુનિપ્રવર શ્રી યશોવિજયજી દીક્ષા ગ્રહણ કર્યા બાદ જન્મભૂમિમાં પ્રથમ પધારતા હોવાથી દ્વિગુણ હર્ષવૃધ્ધિ થઈ હતી. સામૈયામાં પચાસ કે સો ડગલા ચલાય એટલે અનેક સૌ. બ્હેનો ગહુંલીઓ કરી રૂપામ-હોર અને અક્ષતથી આચાર્યશ્રીને વધાવે. કોઈ કોઈ સ્થલે તો

સાચા મોતીની પણ ગહુંલીઓ થઇ હતી.

આમ સુંદર સત્કાર–સન્માનને ઝીલતા આચાર્યશ્રી લગભગ એક વાગ્યે શ્રીમાલી વગામાં પધાર્યા. અર્ધપદ્માસને બિરાજમાન તીર્થપતિ શ્રી લોઢણપાર્શ્વપ્રભુ તેમજ શામલાજી મહારાજના દરાસરે દર્શન કરી, ઉપાશ્રયે વ્યાખ્યાનપીઠ ઉપર બિરાજ્યા. આચાર્યશ્રીના પ્રાથમિક મંગલાચરણ થયા બાદ મુનિપ્રવરશ્રી યશો–વિજયજીએ ઘણી જ મનનીય મંગલદેશના આપી. છેવટ શ્રીફળની પ્રભાવના થઈ.

## ડભોઈના ચાતુર્માસ દરમ્યાન થયેલ સુંદર ધર્મકાર્યો:

**આચાર્યશ્રી** તેમજ તેમના વિદ્વાન શિષ્યો આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ, ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજ વગેરેના દૈનિક પ્રવચનો શરૂ થયાં. દિવસે દિવસે શ્રોતાઓની પણ ઠઠ જામવા લાગી અને ધર્મભાવનામાં વૃધ્ધિ થતી ગઈ. શ્રી સંઘના અપૂર્વ ઉલ્લાસથી મંગલમય શ્રી ભગવતી સૂત્રની વાચનાનો ભવ્ય વરઘોડો વિગેરે ઉત્સવ સાથે પ્રારંભ થયો. પર્વાધિરાજનું આરાધન પણ ઘણા જ ઠાઠથી થયું. મુનિશ્રી દાન–વિજયજીએ માસક્ષમણની તપસ્યા શરૂ કરી અને સંઘમાં અનેક ભાઈઓ બ્હેનો ૧૬–૧૫–૧૪–૧૧–૯–૮ વિગેરે મોટી તપસ્યામાં જોડાયા. સંવચ્છરી જેવા દિવસે એકાસણું પણ મુશ્કેલીથી કરનારા યુવાન ભાઈઓએ ૧૧–૧૧ ઉપવાસ કર્યા. અક્ષયનિધિતપની પણ આરાધના થઇ. અને એ બધાયની ઉજવણી નિમિત્તે પર્યુષણ પછી ઉપાશ્રયના વિશાલ હોલમાં અનેક તીર્થરચનાઓ–શાંતિ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્નાત્રાદિ ધર્મક્રિયાઓ સાથે મહાન મહોત્સવ ઉજવાયો.

મહોત્સવ પ્રસંગે જલયાત્રા તેમજ અક્ષયનિધિતપનો ઘણા જ ઠાઠથી વરઘોડો ચઢાવવામાં આવ્યો, જે પ્રસંગે અમદાવાદથી સુપ્રસિદ્ધ સુસ્તુફા બેન્ડને પણ બોલાવાવમાં આવ્યું હતું.

ડભોઇમાં ૩૦૦ લગભગ જૈનોના ઘરો હોવા છતાં શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતાની સંસ્થાનો અભાવ હોવાથી આયંબિલ જેવી મંગલમય તપસ્યામાં શિથિલતા હતી. તે બાબત ચાતુર્માસની શરૂઆતમાં ઉપદેશ આપતા ઉદાર ભાઇઓ તરફથી તાત્કાલિક થોડું ફંડ શરૂ કરી આંબેલ ખાતું ચાલુ કર્યું. અનેક ભાઇઓએ વર્ધમાન તપના થડા બાંધ્યા અને દિનપ્રતિદિન તે ખાતા તરફ જનતાનો પ્રેમ વધવાથી તે સંસ્થા ચોમાસાના ચાર માસ પર્યંત પ્રતિવર્ષ માટે કાયમી જેવી થઇ ગઇ. આચાર્યશ્રીના ઉપદેશથી એ સંસ્થાનું અસ્તિત્વ થવાથી સંસ્થા સાથે આચાર્યશ્રીનું પવિત્ર નામ પણ જોડવામાં આવ્યું.

ડભોઇના શ્રીસંઘને આચાર્યશ્રીના ઉપદેશદ્વારા અનેક લાભો અગાઉ થયા હતા. ૬૪ ની સાલમાં આચાર્યશ્રીએ ચાતુર્માસ કરેલ ત્યારે ઘણાજ ઠાઠથી ઉપધાનની ક્રિયા કરાવવામાં આવેલ. સં. ૧૯૮૦ તેમજ ૧૯૮૪ ના ચોમાસામાં પણ ઉપધાન; બ્યારાનો સંઘ તેમજ બ્હેન રાધિકા તરફથી સોના-ચાંદીનો પ્રભુનો રથ બનાવવા માટે સવા છ હજાર રૂપીઆની રકમ અર્પણ કરવામાં આવી હતી અને તે પ્રમાણે ઘણો જ સુંદર ચાંદીનો રથ તૈયાર કરવામાં આવ્યો હતો.

૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ચાતુર્માસમાં પણ ઉપર જણાવ્યા મુજબ **વર્ધમાન-તપ આયંબિલ સંસ્થાની** સ્થાપના વગેરે ધર્મકાર્યો ઉપરાંત શેઠ ચુનીલાલ કસ્તુરચંદ જીનવાળા તરફથી ઘણા જ સુંદર ચાંદીના બનાવેલા અને ગંગાજમની રસેલા લગભગ પાંચ હજારની કિંમતના ચૌદ સ્વપ્નો શ્રીસંઘને અર્પણ કરવામાં આવ્યા. પર્યુષણમાં તે નવા સ્વપ્નોનો ઉપયોગ કરવામાં આવેલો હોવાથી સ્વપ્નો સંબંધી ઉછામણીની આવક પણ પ્રતિવર્ષની અપેક્ષાએ અઢી ત્રણગુણી થઈ હતી.

આશ્વિનમાસમાં શ્રી સિદ્ધચક્ર ભગવંતનું આરાધન પણ સમુદાય સાથે ઘણા જ ઉલ્લાસથી થયું. સંઘમાં ધર્મની ભાવનાના પૂર દિવસે દિવસે વૃધ્ધિ પામતા હતા. વલી સં. ૧૯૮૦ માં આચાર્યશ્રીની અધ્યક્ષતામાં ઉપધાન થયા હતા. ત્યારબાદ વીશ વર્ષના લાંબા ગાળામાં ઉપધાન તપની મંગલમય ક્રિયા થયેલી ન હતી. આ બાબત આચાર્યશ્રીનો ઉપદેશ થતાં ભીલોડીઆવાળા ધર્મશ્રધ્ધાળુ બ્હેન ગીરજાએ આચાર્યશ્રીના એ ઉપદેશને ઝીલ્યો. અને ઉપધાન જેવી મહાન્ તપસ્યા કરાવવામાં આગેવાની-ભર્યો આર્થિક સહાયદ્વારા ભાગ લીધો. મંગલમુહૂર્તે ઉપધાનમાં સંખ્યાબંધ ભાઇ-બ્હેનોએ પ્રવેશ કર્યો અને તે શુભ કાર્ય પણ સંઘના સહકારથી બહુ જ વ્યવસ્થાપૂર્વક ચાલવા લાગ્યું.

## આચાર્યશ્રીના પુન્ય દેહમાં બીમારીની શરૂઆતઃ

**સા**માન્ય રીતે આચાર્યશ્રીની પ્રકૃતિ છેલ્લા પાંચેક વર્ષોથી ઉધરસ, કફ અને હૃદયના દબાણના વ્યાધિને અંગે અસ્વસ્થ રહેતી હતી, તોપણ ડભોઈમાં આચાર્યશ્રી જેઠ વદિ ૬ ના શુભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિવસે પધાર્યા ત્યારથી લગભગ ચોમાસાની પૂર્ણાહૂતિ થવા આવી ત્યાં સુધી રીતસર તબીયત સારી રહી. ડભોઇના હવાપાણી તેમની તબીયતને અનુકૂલ હોય તેમ સહુ કોઇને દેખાવા લાગ્યું. શ્રી મહાવીર નિર્વાણકલ્યાણક અને જ્ઞાનપંચમીના પર્વ દિવસોમાં આચાર્યશ્રીએ ઉપવાસ વિગેરે તપસ્યા સાથે પર્વારાધન કર્યું.

દરમ્યાન કાર્તિક શુ. ૯–૧૦ થી આચાર્યશ્રીના પુન્યદેહમાં મેલેરીયા તાવની અસર શરૂ થઈ. એક દિવસ તાવ આવે, એક દિવસ ન આવે એમ ઉપલક દષ્ટિએ તો તાવનું સામાન્ય સ્વરૂપ જણાયું; પરંતુ એ દેખાતા સામાન્ય તાવની બીમારીએ કફ તેમજ હ્રદયની નબલાઇમાં વધુ અસર કરી. ત્રણ–ચાર દિવસ બાદ વડોદરાથી સુપ્રસિદ્ધ વૈદ્યરાજ શ્રીમાન્ જમનાભાઇના ચિ. શ્રીયુત શાંતિભાઈ વૈદ્ય તથા ડો. શ્રી. ચંદુલાલને બોલાવવામાં આવ્યા, તેમણે આચાર્યશ્રીને તપાસ્યા, હાર્ટ વધુ પડતું નબલું જણાયું. આચાર્યશ્રીના પટ્ટધર શ્રીમાન્ વિજયપ્રતાપસૂરિજી વિગેરે શિષ્યવર્ગ તેમજ આગેવાન શ્રાવકવર્ગને વધુ સાવચેત રહેવાની સૂચના સાથે તેઓએ યોગ્ય ચિકિત્સા શરૂ કરી. કાંઇક પ્રકૃતિમાં સુધારો પણ જણાયો.

મુનિપ્રવર શ્રી યશોવિજયજીના સંસારી વડિલબંધુ ધર્મપ્રેમી **શ્રી નગીનદાસ નાથાભાઇને** ત્યાં ચોમાસું બદલાવવાનું હોવાથી તેમની ખૂબ જ આગ્રહભરી વિનંતિથી તબીયત હજુ બરાબર નહિં છતાં એ ભાગ્યવંતની ભાવનાને સંતોષવા માટે આચાર્યશ્રીએ તેમને ત્યાં પધરામણી કરી તેમને સંતુષ્ટ કર્યા. પુનઃ આચાર્યશ્રી ઉપાશ્રયે પધાર્યા પણ ત્યારબાદ પ્રકૃતિ દિવસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિવસે વધુ અસ્વસ્થ થવા લાગી. કા. વદિ ત્રીજના દિવસે હેડકી ઉપડી. ચોથના દિવસે શરદીનું જોર વધવા લાગ્યું. વડોદરા–અમદાવાદ–મુંબઇ–ખંભાત વિગેરે સ્થલોએ તારટપાલ દ્વારા તબીયતના ખબરો અપાયા. વડોદરા વિગેરે સ્થલોએથી અનેક આગેવાન ભાઇઓ આવી પહોંચ્યા. ડો. શ્રીમાન ચંદુભાઇ, સર્જન સાહેબ ડો. શ્રીમાન્ પ્રાણલાલભાઇ નાણાવટી વગેરે ડોકટરો, વૈદ્યરાજ શ્રીમાન્ વાડીલાલ મગનલાલ તથા વૈદ્યરાજ શાંતિલાલ જમનાદાસ વિગેરે આચાર્યશ્રીની સેવામાં હાજર થયા.

ભક્તવર્ગ જ્યારે આ પ્રમાણે આચાર્યશ્રીની સેવાભક્તિ–શુશ્રૂષામાં સાવધાન હતો ત્યારે આવી માંદગીમાં પણ આચાર્યશ્રી તો સંપૂર્ણ આત્મિક જાગૃતિમાં સાવધાન હતા. ત્રિષષ્ઠિ–દશમા પર્વમાં વર્ણવેલ **નંદનમુનિની** આરાધનાના શ્લોકો અને તેનો ભાવ વારંવાર શ્રવણ કરવામાં એકતાન હતા અને બહારગામથી આવનાર શ્રાવકો સાથે યથાયોગ્ય ધાર્મિક વાર્તાલાપ ચાલુ હતો. ડોકટરો તેમજ વૈદ્યોએ આવીને આચાર્યશ્રીના દેહની ચિકિત્સા શરૂ કરી.

## આચાર્યશ્રીની ભવિષ્યવાણી :

**વાર્તાલાપના** પ્રસંગમાં આચાર્યશ્રીના મુખમાંથી પંચમીની સાંજે એ શબ્દો નીકળી પડયા કે–આજની રાત્રિ મારા માટે ભારરૂપ લાગે છે, જો આજની રાત સહીસલામત પસાર થઇ જાય તો હજુ થોડો વધુ વખત હું મારું આત્મકલ્યાણ સાધી શકીશ. બન્યું પણ તેમજ. સાંજના ખૂબ જ જાગૃતિ અને સ્વસ્થતાપૂર્વક પ્રતિક્રમણ કર્યું. પ્રતિક્રમણ બાદ રાત્રે તબીયતમાં ગંભીર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પલટો દેખાયો. વૈદ્યરાજ શાંતિભાઈ તો પૂજ્યશ્રીની સેવામાં હાજર હતા. તેમણે આચાર્યની નાડી તપાસી. તપાસતાં તેઓ પણ ચમકયા. તૂરત જ આ. શ્રી. પ્રતાપસૂરિજીને બાજુમાં બોલાવી સૂચના આપી દીધી કે–"શ્વાસ ઉપડયો છે. કદાચ 'પંચમી ભારે છે' એ સૂરિમહારાજના શબ્દો સાચા પડી જાય માટે જે કાંઈ કરવા યોગ્ય હોય તે કરી લ્યો."

આગેવાન શ્રાવકોને તૂરત જ ખબર આપવામાં આવતા જોત-જોતામાં સકલ સંઘ ઉપાશ્રયમાં ભેગો થયો. આચાર્યશ્રી તો કેવલ પોતાના ધ્યાનમાં જ મગ્ન હતા. મુખારવિંદમાંથી અરિહંત અરિહંત–વીર–વીરના પવિત્ર નામોનું ઉચ્ચારણ કરી રહ્યા હતા. નાના મોટા સર્વ શિષ્ય–પ્રશિષ્યોને બોલાવી દરેકને ઉચિત હિતશિક્ષા આપી દીધી હતી. તેમજ સર્વની સાથે ક્ષમાપના પણ કરી લીધી હતી અને સંપૂર્ણ સમાધિમાં વર્તતા હતા. આગેવાન શ્રાવકો પૂજ્યશ્રી પાસે આવ્યા. બે હાથ જોડી બધાય ભાઈઓએ આચાર્યશ્રીને વિનંતિ કરી કે, 'અમારા લાયક કાંઈ પણ આજ્ઞા હોય તે ફરમાવો.' શ્રાવકોની વિનંતિ શ્રવણ કરી આચાર્યશ્રીએ ઉચ્ચાર્યું કે, 'આ ચાતુર્માસમાં મારી ધારણા કરતાં ઘણા સુંદર ધર્મકાર્યો થયાં છે.'

'ડભોઈના શ્રી સંઘની ધાર્મિક ભાવના જોઈને મને ઘણો જ હર્ષ થયો છે. મેં પાલીતાણાથી અહિં આવવા માટે જ્યારે વિહાર કર્યો ત્યારે મારી એવી માન્યતા ન હતી કે ડભોઈનો સંઘ આવા ગૌરવભર્યા ધર્મકાર્યો કરશે અને ચાતુર્માસને દીપાવશે. મને બધી રીતે જો કે આનંદ થયો છે, છતાં તમો બધાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાઈઓ ભેગા થઈને કાંઈ પણ આજ્ઞા ફરમાવવા માટે મને જ્યારે વિનંતિ કરો છો તો મારૂં બીજું કાંઈ પણ ફરમાન નથી. ફક્ત એક જ ફરમાન છે કે, તમારા શ્રી વિજય સભા (ગચ્છ)માં જે જરા કુસંપ જેવું છે તે કુસંપને દુર કરી તમો બધાએ એક સરખા સંપીલા બની જાઓ તો મારા આત્માને ઘણો જ સંતોષ થાય.

## માંદગીમાં પણ સંઘના ઉત્કર્ષ માટે આચાર્યશ્રીની અનુપમ ભાવના અને અપૂર્વ સદ્બોધ.

**આ**વી ભયંકર માંદગીના બિછાનેથી પણ શ્રી સંઘ માટે આચાર્યશ્રીના અંતઃકરણમાં કેવી પવિત્ર ભલી અને કલ્યાણકારી ઉચ્ચ ભાવના !!! સંઘના ભાઈઓ પણ આચાર્યશ્રીના મુખમાંથી નીકળેલા ભાવવાહી શબ્દો શ્રવણ કરી મુગ્ધ બની ગયા. આચાર્યશ્રી પાસેથી ઊભા થઈ બાજુની અગાસીમાં ભેગા થઈ, જે કાંઈ બાંધછોડ અને વિચારોની આપ–લે કરવી હતી તે કરી મનના મેલને દુર કરવાનો નિર્ણય કરી પુનઃ આચાર્યશ્રી પાસે આવ્યા. બધાય ભાઈઓએ અતિનમ્રભાવે પૂજ્યશ્રીને જણાવ્યું કે, 'અમારા શ્રીસંઘના કલ્યાણ અને ઉત્કર્ષ માટે આપશ્રીએ જે આજ્ઞા ફરમાવી તે અમારે શિરસાવંદ્ય છે. આજથી અમો અંતરના મેલને દુર કરી સંઘનું સંગઠ્ઠન કરવામાં અમારી શક્તિઓ ખર્ચીશું. આજથી અમો બધાય એક જ મહાવીર પિતાના પુત્રો છીએ એમ માની પરસ્પર ભાઈચારો રાખીશું.'

આચાર્યશ્રી પણ સંઘની આગેવાન વ્યક્તિઓના મુખથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરોક્ત શબ્દો શ્રવણ કરી ખૂબ જ આનંદમાં આવી ગયા. આનંદના અતિરેકમાં સંથારામાં બેઠા થઇ ગયા અને સંઘના સર્વે ભાઈઓને સુંદર સદ્બોધ આપવો શરૂ કર્યો. લગભગ અર્ધો–પોણો કલાક સુધી આજ સુધીના જીવન અનુભવનાં માખણ-રૂપે તારવણી જ હોય કે શું તેવા કોઇ વાર નહિં શ્રવણ કરેલા વાક્યો તેઓશ્રીના પવિત્ર મુખારવિંદમાંથી નીકળવા લાગ્યા.

**"સંઘ એ તો સાચા મોતીની માળા છે, અને પ્રત્યેક સંઘના ભાઇઓ સાચા મોતીના દાણા જેવા છે."**

"જો સંપરૂપી દોરો વિદ્યમાન હોય તો બધાય ભાઇઓ વ્યવસ્થિત-પણે શોભા પ્રાપ્ત કરે, અને એ સંપનો દોરો જો તૂટી જાય તો મોતીના દાણાઓની જેમ સંઘના બંધુઓ પણ અવ્યવસ્થિત થઈ જાય" "સંઘ એ તો ગુણરૂપી રત્નનો સમુદ્ર છે. સમુદ્રમાં મોતી પણ પાકે અને છીપલા જેવી સામાન્ય વસ્તુઓ પણ પેદા થાય, પણ સમુદ્ર એ સારી–ખોટી બધી વસ્તુને ગંભીરતાથી પોતાનામાં અપનાવે. એમ સંઘે પણ કોઈ વખતે કોઇ અલ્પ-બુધ્ધિવાળા આત્માઓ હોય તેને પણ ગંભીરતાદિ ગુણોવડે અપનાવી લેવા જોઇએ." આવાં આવાં તો અનેક સુવાક્યો દૃષ્ટાંતો સાથે ઉચ્ચાર્યા અને એ સદ્બોધ શ્રેણીની અખંડ વચનધારામાં સહજભાવે પૂજ્યશ્રીના મુખમાંથી એ શબ્દો સરી પડ્યા કે, 'આ વખતે તો હું ત્રણ દિવસના આમરણાંત વ્યાધિમાંથી અત્યારે તો બચી ગયો છું.' આ શબ્દો શ્રવણ થતાં શિષ્ય–પ્રશિષ્યાદિ સમુદાયમાં તેમજ સંઘની આબાલવૃદ્ધ પ્રત્યેક વ્ય-ક્તિમાં કેવો અવર્ણનીય આનંદ થયો હશે!!! શું માનવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેખિની એ આનંદ શબ્દોદ્વારા વર્ણવી શકે ખરી !!!

બસ ! ત્યારથી આચાર્યશ્રીની પ્રકૃતિમાં ધીમે ધીમે સુધારો થયો. શ્રીસંઘ તરફથી આ અવર્ણનીય હર્ષના નિમિત્તે જિન-મંદિરોમાં બીજે દિવસે પ્રભુજીને સુંદર આંગીઓ રચાવવામાં આવી. શ્રીસંઘમાં સેંકડો આયંબિલની તપસ્યાઓ થઈ. શ્રીસંઘની નાની-મોટી પ્રત્યેક વ્યક્તિઓના મુખ ઉપર આગલા દિવસે જે ઉદાસીનતા છવાએલી હતી તેની જગ્યાએ આનંદ, આનંદ અને આનંદ દેખાવા લાગ્યો.

## આચાર્યશ્રીની હાજરીમાં જ ઉજવાયેલાં ધર્મકાર્યો:

લગભગ સવા મહિના સુધી તબીયત રીતસર ઠીક રહી. મહામંગલકારી શ્રી ઉપધાન તપની ક્રિયા ચાલુ હતી તે પણ આનંદથી સમાપ્ત થઈ. માલારોપણ મહોત્સવ ભવ્ય સમારોહથી શરૂ થયો, માળનો વરઘોડો પણ ઘણા જ આડંબરથી ચઢાવવામાં આવ્યો. અને પૂજ્ય આચાર્યશ્રીએ પોતે જ માલા-રોપણની ક્રિયા કરાવી. માળાની ઉપજ પણ હજારો રૂપી-આની થઇ.

બહારગામથી આ પ્રસંગે લગભગ પાંચસોની સંખ્યામાં સાધર્મી બંધુઓ આવેલ, તેમની પાંચ દિવસ સુધી સવાર-સાંજ ઉપધાન કરાવનાર ભાગ્યશાળી તરફથી સુંદર ભક્તિ કરવામાં આવી. અને છેવટ શાંતિસ્નાત્ર પણ ભણાવાયું. આ પ્રમાણે આરંભેલ મંગલમય કાર્ય પણ શાંતિપૂર્વક પાર પાડયું. ઉપધાનની માળ પ્રસંગે થયેલ ઉપજમાંથી ૮૦૧) રૂપીઆ વડોદરા શ્રી આદીશ્વર ભગવંતના દેરાસરજીના જીર્ણોદ્ધાર માટે અને રૂા. ૭૦૧) પેટલાદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદીશ્વરપ્રભુ જિનમંદિરના જીર્ણોદ્ધાર માટે આચાર્યશ્રીના ઉપદેશથી અપાયા. બાકીની ઉપજમાંથી પૂજ્યશ્રીના ઉપદેશ પ્રમાણે શ્રીસંઘ માટે ચાંદીનું સમવસરણ કરાવવાનો નિર્ણય થયો.

## પુનઃ માંદગીએ લીધેલું ગંભીર સ્વરૂપઃ

**આ** પ્રમાણે લગભગ દોઢ મહિના સુધી તબીયત મધ્યમ રીતે ઠીક દેખાઇ, પરંતુ એકંદર હૃદયની બીમારીમાં ખાસ જે સુધારો થવો જોઇએ તે ન થયો, પોષ દશમ ( માર્ગ. વદિ. ૧૦ ) પછી પુનઃ એ બીમારીએ ઉગ્ર સ્વરૂપ લીધું. દિવસે દિવસે શારીરિક સ્થિતિ નબળી પડતી ગઈ. મહારાજશ્રીના પરમભક્ત શેઠ આણંદજી કલ્યાણજીની જૈન પેઢીના આગળ પડતા ટ્રસ્ટી ધર્મશ્રદ્ધાલુ શેઠ ભગુભાઈ ચુનીલાલ સુતરીયાએ પૂજ્યશ્રીની સારવાર માટે અમદાવાદથી ગુજરાત આયુર્વેદિક ફાર્મસીના માલિક, વૈદ્યકલ્પતરૂ માસિકના તંત્રી વૈદ્યરાજ **શ્રીમાન્ રવિશંકરભાઈને** ડભોઈ મોકલી આપ્યા. તેમણે ખૂબ જ કાળજી ભરી મહારાજશ્રીની સેવા કરી.

વડોદરાવાલા **વૈદ્યરાજ શ્રીયુત વાડીભાઇ** તેમજ **વૈદ્યરાજ શાંતિભાઈ** તો માંદગીની શરૂઆતથી છેવટ સુધી લગભગ હાજર જ હતા. અનેક પ્રકારના ઉપચારો, ડભોઈના શ્રી સંઘની ખૂબ જ કાળજી ને ભક્તિભરી વૈયાવચ્ચ અને આચાર્યશ્રીના ભક્તિપ્રધાન શિષ્યપ્રશિષ્યો સર્વેની સંપૂર્ણ ભક્તિ હોવા છતાં દીપકમાં દીવેલ જ જ્યાં ખૂટી ગયું હોય ત્યાં શું ઉપાય ચાલે ? માર્ગ. વદિ ૧૩ ના દિવસે ડભોઇનો સકલ સંઘ પૂજ્યશ્રી પાસે એકઠો થયો. સહુ કોઇ ભાઈ—બ્હેનોએ પૂજ્યશ્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિમિત્તે દાન-પુન્યના માર્ગે રકમો નોંધાવવી શરૂ કરી. જોતજોતામાં સેંકડો રૂપીઆ નોંધાઈ ગયા.

## જીવલેણ માંદગીમાં પણ આચાર્યશ્રીની અપૂર્વ આત્મજાગૃતિ

દિવસે દિવસે પૂજ્યશ્રીની તબીયતમાં જો કે વધુ નબળાઇ આવતી હતી તો પણ તેમની આત્મજાગૃતિ તો દિન-પ્રતિદિન વધુ સતેજ થતી હોય તેમ પાસે બેસનાર હરકોઈ વ્યક્તિને દેખાઇ આવતું હતું. છેવટની ઘડી સુધી પોતાની એક પણ આવશ્યક ક્રિયા કરાવનાર સાધુઓ ક્રિયામાં જરા ઉતાવળ કરે તો તેઓશ્રી પોતે ફરમાવતા કે, 'ભાઈ ! ઉતાવળ શા માટે કરો છો ? શાંતિથી ક્રિયા કરાવો, મારા નિમિત્તે ઉતાવળ ન કરશો.'

પ્રતિક્રમણ-પડિલેહણ દેવદર્શનાદિ સર્વક્રિયાઓમાં તેઓશ્રીની સંપૂર્ણ જાગૃતિ હતી. પાસે બેઠેલ સાધુઓ કે શ્રાવકો પાસે પણ ધર્મની વાત સિવાય બીજી કોઇ પણ વાત તેઓશ્રી ઉચ્ચારતા નહિં. પોતાના શિષ્યો તેમજ પ્રશિષ્યો વિગેરેને અવસરે એક જ હિતશિક્ષા આપતા કે, **"સંયમ સારી રીતે પાળજો અને બધાય સંપીને રહેજો."** વડોદરાનિવાસી શ્રીયુત્ લાલચંદ નંદલાલ વકીલ જેઓ આચાર્યશ્રીના ગુણાનુરાગી પરમ ભક્ત હતા અને જેઓની સેવાભક્તિ ખૂબ જ પ્રશંસનીય હતી તેમને પણ પોતાના સમુદાય માટે યથાયોગ્ય જે કાંઈ સૂચના કરવા લાયક હતી તે કરી હતી.

પોતાના પટ્ટધર આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી, તથા પ્રશિષ્ય ધર્મવિજયજી, યશોવિજયજી અને જયાનંદવિજયજી કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેઓની ગુરુભક્તિ એકધારી ચોવીશે કલાક ચાલુ હતી, તેમને પણ સંઘાડાની અભિવૃદ્ધિ માટે વારંવાર યથોચિત સૂચનાઓ આચાર્યશ્રીએ આપેલ હતી.

આ પ્રમાણે આવશ્યક ક્રિયાઓમાં સંપૂર્ણ જાગૃતિ, સમુદાય માટેની યથોચિત ભલામણો વિગેરે સાથે જ્યારે જુઓ ત્યારે તેઓશ્રી પંચ પરમેષ્ઠિમંત્ર, શ્રીસૂરિમંત્ર, શ્રી શત્રુંજય ગિરિરાજ, શ્રી લોઢણ પાર્શ્વપ્રભુ વિગેરે પવિત્ર નામોનું ઉચ્ચારણ-સ્મરણ કરતા હોય તેમ સ્પષ્ટ દેખાતું હતું. આવી માંદગીમાં કોઇપણ દવા અથવા વાપરવાની વસ્તુ તેમને આપવામાં આવે કે તૂર્ત જ કહે કે-ભાઇ ! જરા થોભી જાઓ, નવકારમંત્ર ગણી લેવા દ્યો, અર્થાત્ નવકાર ગણ્યા સિવાય કોઈ વસ્તુ તેઓશ્રી મુખમાં મૂકવા દેતા ન હતા. નાના બાળકો તેઓશ્રી પાસે બેઠા હોય ત્યારે તે બાળકોને પણ એમ જ કહેવામાં આવે કે-લોઢણ પાર્શ્વપ્રભુની જય બોલો. યશોવિજયજી, જયાનંદવિજયજી વિગેરેને તો વારંવાર પાસે બેસાડીને સ્મરણ તેમજ ચઉસરણ-આઉરપચ્ચકખાણ વિગેરે સંભળાવવાની જ માગણી કર્યા કરે ! એ પૂજ્યશ્રીના અંતરમાં કેટલી નિર્મળ પરિણતિ અને આત્મિક જાગૃતિ હશે ? તેનો સચોટ પુરાવો આપી રહે છે.

## પોષ શુદિ નવમી શનિવાર-સિદ્ધિયોગનો અંતિમ દિવસ અને હંમેશ કરતાં પણ વધુ આત્મજાગૃતિ.

દિવસો ઉપર દિવસો જતા ગયા. પોષ શુદિ ૯ શનિવારનો દિવસ આવી પહોંચ્યો. હંમેશ કરતાં આજે તો આચાર્યશ્રી ખૂબ જ વહેલા જાગૃત થયા. શિષ્યો સાથે પ્રતિક્રમણાદિ ક્રિયા કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડિલેહણ બાદ, પ્રભુજીના દર્શન કર્યા. ચૈત્યવંદન-સ્તુતિ વિગેરે દ્વારા ખૂબ ભાવના ભાવી. આ ભવમાં જાણે આ છેલ્લા જ પ્રભુદર્શન-ચૈત્યવંદન કરવાનાં હોય કે શું તેમ ક્ષીણશક્તિ છતાં ઉચ્ચસ્વરે આચાર્યશ્રી સ્વયં अद्याभवत् सफलता नयनद्वयस्य ઇત્યાદિ શ્લોકો બોલવા લાગ્યા. બાજુના રૂમમાં બેઠેલા સાધુઓ યશોવિજયજી વિગેરે પણ પૂજ્યશ્રીના મુખારવિંદમાંથી નીકળતા પવિત્ર શ્લોકો શ્રવણ કરવા આવી પહોંચ્યા. પ્રભુ પાસે ખૂબ જ ભાવના ભાવી લીધી ત્યાર બાદ પચ્ચકખાણ પારવાનો સમય થયે પચ્ચક્ખાણ પરાવ્યું. દવા માટે વિનંતિ કરતા તેઓશ્રીએ જવાબ આપ્યો કે–

આજે મને કોઈ પણ જાતની દવા વિગેરે ન આપશો. હવે તો મારા આત્માના કલ્યાણ માટે મને પ્રભુના નામની ભાવ-દવા જ આપો. જરૂર જણાય તો પાણી આપવાનું રાખશો. સિવાય બીજું કાંઇ પણ લેવાની ઈચ્છા નથી. બુઝાતો દીપક વધુ સતેજ થાય તેની માફક હંમેશાની અપેક્ષાએ આજની જાગૃતિ અને મુખમંડળનું તેજ કોઇ જુદું જ હતું. કલાક પછી કલાકો વીતતા ગયા. પ્રવર્તની સાધ્વીજી કલ્યાણશ્રીજીની શિષ્યાઓ સાધ્વીજી કમલાશ્રીજી અંજનાશ્રીજી વિગેરે લગભગ અગિઆર વાગે વંદન માટે આવતા, પૂજ્યશ્રીના પવિત્ર હસ્તનો વાસક્ષેપ નખાવવાની ભાવના જણાવતા પૂજ્યશ્રીએ પ્રત્યેક સાધ્વીઓને સૂરિમંત્ર ગણવાપૂર્વક બહુ જ શાંતિથી વાસક્ષેપ કર્યો અને સાધ્વીઓની પવિત્ર ભાવનાને પૂર્ણ કરી.

રાજકોટથી વકીલ શ્રીયુત **ઉજમશીભાઈ શીવલાલ**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યશ્રીની તબીયત નરમ સાંભળી, વંદન અને સુખશાતા પૂછવા માટે ત્રણ દિવસથી આવેલા, આજે કાંઈક તબીયત ઉપરથી ઠીક જણાતા બપોરે એક વાગે ઘેર જવાની ઈચ્છાથી આચાર્યશ્રી પાસે રજા લેવા તેમ જ વાસક્ષેપ નખાવવા આવ્યા, છેલ્લો છેલ્લો તેમને પણ વાસક્ષેપ બહુ જ શાંતિપૂર્વક કર્યો. જવાની ભાવના વકીલે જણાવી એટલે પૂજ્યશ્રીએ ટૂંકમાં જવાબ આપ્યા કે-"રહો તો સરખું છે અને જાઓ તો પણ સરખું છે." વકીલ તો આચાર્યશ્રીને વંદન કરી સ્ટેશન તરફ વિદાય થયા.

## આખરે એ દિવ્ય દીપક બૂઝાયોઃ

લગભગ એક વાગી ગયો હતો. અન્ય સાધુઓ ગોચરી વાપરવા માટે બેઠા હતા. પૂજ્ય શ્રી ધર્મવિજયજી પૂ૦ આચાર્યની સેવામાં હાજર હતા. તેમને મહારાજશ્રીએ પૂછ્યું કે આજે કઈ તિથિ અને શું વાર છે? જવાબમાં ધર્મવિજયજીએ નવમી અને શનિવાર કહેતા પૂજ્યશ્રી બોલ્યા કે, 'ત્યારે તો આજે સિધ્ધિયોગ છે.' પાંચ મિનિટ બાદ તેઓશ્રીએ જણાવ્યું કે, હવે મને આ સંથારામાંથી ઉપાડીને એક ચોકખું સંથારીયું પાથરી તેના ઉપર બેસાડો.

ગોચરી વાપરીને આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી તેમજ યશોવિજયજી વિગેરે આવી પહોંચતા પૂજ્યશ્રીની ઇચ્છાનુસાર તેઓશ્રીને સ્વચ્છ આસન ઉપર પર્યંકાસને બિરાજમાન કરવામાં આવ્યા. પાસે બેઠેલા સાધુઓ પૂજ્યશ્રી પાસે નવકાર મંત્ર વિગેરેનું ઉચ્ચારણ કરતા હતા. આચાર્યશ્રી સ્વયં પણ એ પવિત્ર મંત્રોને ઉચ્ચારતા હતા. લગભગ સવા-બે વાગ્યા હશે. આચાર્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીનો વચનયોગ સ્ખલિત થવા માંડ્યો. શ્રી યશોવિજયજીએ પૂજ્યશ્રીની નાડી તપાસતાં નાડીમાં ફેરફાર લાગવાથી તુર્ત જ વૈદ્યને બોલાવવામાં આવ્યા. વૈદ્યરાજે પૂજ્યશ્રીને જોયા, જોતાં જ જણાવ્યું કે, તબીયતમાં ખૂબ જ ગંભીર પલટો આવતો જાય છે. બસ, લગભગ ત્યારબાદ પંદર મિનીટ પછી બરાબર ૨-૩૫ કલાકે એ દિવ્યદીપક બુઝાયો. પૂજ્ય પ્રાતઃસ્મરણીય સૂરીશ્વરજીનો અમર આત્મા શ્રી શિષ્ય-પ્રશિષ્યાદિ સકલ સંઘની અશ્રુભીની આંખો વચ્ચેથી સ્વર્ગે સીધાવી ગયો.

## ભવ્ય સ્મશાનયાત્રા અને હજારો જૈન-જૈનેતરોની હાજરીઃ

ડભોઈના આબાલવૃધ્ધ સકલ સંઘની હાજરી તો અગાઉથી હતી જ. સંઘના આગેવાનોએ, પૂજ્યશ્રીનો સમાધિપૂર્વક કાલધર્મ થતાં દશમ-રવિવારે સવારે દશ વાગ્યા બાદ અગ્નિસંસ્કાર કરવાનો નિર્ણય કરી અમદાવાદ, વડોદરા, મુંબઇ વિગેરે સ્થલોએ ટ્રંકકોલ દ્વારા તેમજ નાના-મોટા હિંદના ઘણા શહેરોમાં તારદ્વારા એ શોકજનક સમાચાર તુર્ત જ પહોંચાડયા. વડોદરા, મુંબઇ વિગેરે સ્થળોએથી સેંકડો ભાઈ-બ્હેનો ડભોઇ સવારે આઠ વાગે આવતી ટ્રેઈનમાં આવી પહોંચ્યા.

ડભોઇ સંઘના ધર્મપરાયણ યુવાન બંધુઓએ આખી રાત્રિ ખૂબ જ જહેમતથી તૈયાર કરેલી પાંચ શિખર અને કલશવાળી જરીયાન શિબિકામાં આચાર્યશ્રીના પવિત્ર દેહને બિરાજમાન કરવામાં આવ્યો. આખા શહેરમાં પણ જૈનોના મહાન્ આચાર્ય-શ્રીના અવસાન સંબંધી ખબર વાયુવેગે પ્રસરી જતા સમગ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શહેરમાં પાખી પાળવામાં આવી અને હજારો જૈન-જૈનેતરો આચાર્યશ્રીની ભવ્ય શ્મશાનયાત્રામાં જોડાયા. સ્થળે-સ્થળે આચાર્યશ્રીના પવિત્ર દેહને પુષ્પોના હાર પહેરાવવામાં આવ્યા. વડોદરાના લોકજ્ઞ નાયબ દિવાન છોટાભાઈ ઝવેરભાઈ સુતરીયા, તથા રાજરત્ન પ્રો. શ્રીયુત્ માણિકરાવજી પણ આ અવસરે આવી પહોંચ્યા. શ્મશાનયાત્રા આખા શહેરમાં ફરી લગભગ બાર વાગે નાંદોદી ભાગોળ બહાર **યશોવાટિકા** (જ્યાં મહામહોપાધ્યાય વાચકશેખર **પૂ૦ યશોવિજયજી** મહારાજના પવિત્ર ચરણપાદુકાનો સ્થૂભ તેમજ તેની આજુબાજુ ફરતો જૈન સંઘની માલીકીનો સુંદર વિશાલ બગીચો છે તે જગ્યા) માં આવી પહોંચી. પવિત્ર જગ્યાએ લગભગ ચંદનના કાષ્ટોની ચિતા તૈયાર કરવામાં આવી અને તેમાં આચાર્યશ્રીના પવિત્ર દેહથી અલંકૃત શિબિકાને સ્થાપન કરી, અગ્નિસંસ્કાર માટે સેંકડો રૂપીઆના ચઢાવાઓ થયા. વડોદરાથી આવેલ ચુનીલાલ કપુરચંદભાઈએ આદેશ લઇ અશ્રુભીની આંખે એ પવિત્ર દેહને અગ્નિસંસ્કાર કર્યો.

બાજુના વિશાલ મેદાનમાં વડોદરાના વર્તમાન લોકજ્ઞ નાયબ-દિવાન છોટાભાઇ સુતરીયા, રાજરત્ન પ્રો. માણિકરાવજી વૈદ્યરાજ વાડીલાલ મગનલાલ વિગેરે અનેક ભાઇઓએ હજારો મનુષ્યોની હાજરીમાં આચાર્યશ્રીના ગુણાનુવાદ કરી એ પૂજ્ય મહાત્માને ભાવભીની અંજલી અર્પણ કરી.

## આચાર્યશ્રીના અવસાન નિમિત્તે વિશાળ શોકસભાઃ

**બ**પોરે ચાર વાગે ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન હોલમાં વડોદરાના સુપ્રસિદ્ધ રાજવૈદ્ય **મણિભાઈ બાપુભાઈ**ના અધ્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


ક્ષસ્થાને શોકસભા ભરવામાં આવતા સેંકડો જૈન–જૈનેતરોએ તેમાં હાજરી આપી. અનેક વિદ્વાન વકતાઓએ આચાર્યશ્રીના પવિત્ર જીવન સંબંધી સુંદર અને છટાદાર શૈલીમાં વિવેચનો કર્યાં અને આવા એક મહાન્ જૈનાચાર્યના અવસાન બદલ શોક પ્રદર્શિત કરી તેને લગતો ઠરાવ કરવામાં આવ્યો. સાથે સાથે આચાર્યશ્રીના સ્થાવર અને જંગમ બન્ને પ્રકારના સ્મારક માટે પણ યોજનાઓ રજૂ કરવામાં આવી, જેમાં સ્થાવર–સ્મારક તરીકે પૂ૦ આચાર્યશ્રીના પવિત્ર દેહનો જે જગ્યાએ અગ્નિસંસ્કાર કરવામાં આવેલ છે ત્યાં સુંદર ગુરુમંદિર બંધાવી તેમાં એ પૂજ્યશ્રીની પવિત્ર ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરવાની યોજનાનો અમલ તો બરાબર એક જ માસમાં આચાર્યશ્રીના ગુણાનુરાગી ભક્ત શ્રાવકોની આર્થિક સહાય અને ડભોઇ સંઘ તથા યુવક મંડળની સંપૂર્ણ જહેમતથી ઘણા જ ઉલ્લાસ સાથે થયો. બરાબર માહ શુદ ૧૧ ના દિવસે પૂજ્યશ્રીની ચરણપાદુકાની પ્રતિષ્ઠા સુંદર રીતે તૈયાર થયેલ ગુરુમંદિરમાં શાંતિસ્નાત્ર, ભવ્ય વરઘોડો, શત્રુંજયગિરિરાજ તથા સમ્મેતશિખરજી વિગેરે તીર્થરચનાનો અઠ્ઠાઈ મહોત્સવ, સવાર–સાંજની નવકારશી ઈત્યાદિ સમારોહ સાથે દબદબાભરી કરવામાં આવી, અને જંગમ સ્મારક તરીકે યોજનાના અમલમાં શ્રાવક સમાજને અત્યંત ઉપયોગી થઇ શકે તેવો આ અમૂલ્ય ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો.

## શ્રી ગુરુ ચરણપાદુકા-પ્રતિષ્ઠા મહોત્સવ:

ડભોઈને આંગણે ગયા અઠવાડીયામાં શ્રી ગુરુચરણ–પાદુકાની પ્રતિષ્ઠા નિમિત્તે મહોત્સવ ઉજવાયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસનપ્રભાવક સમર્થ વ્યાખ્યાનકાર પરમપૂજ્ય
પ્રાતઃસ્મરણીય આચાર્ય દેવ શ્રી



વિજયમોહનસૂરીશ્વરજી મહારાજશ્રીનાં પુનીત ચરણપાદુકાની
ભવ્ય દહેરી — સ્થળ :: ડભોઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગત પોષ શુદી ૯ શનિવારે શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મહારાજનું ડભોઈ મુકામે સ્વર્ગારોહણ થયું. એ પૂજ્યશ્રીના પુણ્ય સ્મરણાર્થે સ્થાનિક સંઘોમાં મહોત્સવ કરવાનાં આંદોલનો જાગૃત થયાં, પરંતુ જે જગાએ એ પૂજ્યશ્રીના પવિત્રદેહનો અગ્નિ સંસ્કાર થયો છે તે ( ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સ્તૂપની નજીક આવેલી ) જગ્યા ઉપર ભવ્ય ગુરુમંદિર તૈયાર થાય અને તેમાં પૂ૦ ગુરુદેવની ચરણ–પાદુકા બિરાજમાન કરવામાં આવે તેમજ તે પ્રસંગની સાથે જ જો મહોત્સવ કરવામાં આવે તો ખૂબજ ઉલ્લાસ આવે, એમ સમગ્ર સંઘની ભાવના થતાં અગ્નિસંસ્કારની જગ્યાએ ગુરુમંદિર તૈયાર કરવાનું કાર્ય શરૂ થયું. સંઘનાં પ્રેમી ભાઈઓનો સાથ તો હતો તેમાં વડોદરાનાં ધર્મપ્રેમી વૈદ્યરાજ વાડીલાલ મગનલાલ તેમજ તેમની દેખરેખ નીચે વડોદરા શ્રી આદીશ્વર પ્રભુનાં મંદિરમાં જીર્ણોધ્ધારનું કાર્ય કરનાર મીસ્ત્રી મુલચંદભાઈ વિગેરેનો સુંદર સહકાર મળતાં પંદરથી વીસ દિવસના ઘણાં જ ટુંકા ગાળામાં રમણીય વિમાન જેવું ભવ્ય ગુરુમંદિર તૈયાર થઈ ગયું અને તેમાં પૂ૦ ગુરુદેવની ચરણ–પાદુકાની પ્રતિષ્ઠા નિમિત્તે ભવ્ય મહોત્સવનાં મંડાણ મંડાયા, સેવાભાવી યુવાન ભાઇઓની ઘણાજ દિવસો અગાઉની મહોચ્છવ અંગેની તૈયારીઓને અંગે બાહ્ય રચનાઓનો દેખાવ ખુબજ સુંદર બન્યો.

શ્રી વિજયદેવસૂર ગચ્છના મુખ્ય ગણાતાં શ્રી શામળા પાર્શ્વનાથજીનાં દેરાસરમાં મહોચ્છવ કરવાનો નિર્ણય થયેલો હોવાથી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાશ્રયનો જ્ઞાનભંડાર

દેરાસર તેમજ દેરાસરની આજુઆજુનાં દૂરદૂર સુધીનાં રસ્તાઓ, ધ્વજપતાકા, કમાનો, મંડપો તેમજ સ્વાગતબોર્ડોથી ખૂબ શણગારવામાં આવ્યા. દેરાસરજીના બાહ્યભાગના વિશાલ મંડપમાં વીશ તીર્થંકરની નિર્વાણભૂમિ શ્રી સમેતશિખરજી તીર્થની રચના શેઠ પોલીદાસ ડુંગરશી અમદાવાદવાળા તરફથી બનાવવામાં આવી. તેમજ ગામની બહાર શ્રી ગુરુમંદિરમાં બાજુનાં આલીશાન મંડપમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની રચના શેઠ છોટાલાલ ભીખાભાઇ સુરતવાલા તરફથી કરવામાં આવી.

શ્રી વિજયદેવસૂર સંઘ તરફથી હિંદભરનાં નાનાં મોટાં શહેરોમાં લગભગ દરેક ઠેકાણે મહોચ્છવને અંગે આમંત્રણ-પત્રિકાઓ મોકલવામાં આવી અને મહા શુદી ૫ ગુરૂવારથી ખૂબજ હર્ષ સાથે મહોચ્છવનો પ્રારંભ થયો. વાસદવાળા શેઠ ચુનીલાલ મગનલાલ, પાલેજવાળા શેઠ સુરેશચંદ્ર મોહનલાલ, શેઠ પુનમચંદ છોટાલાલ, શેઠ ચીમનલાલ સરૂપચંદ કપાસીયાવાળા, શેઠ ત્રિકમલાલ છગનલાલ લોદરાવાલા, શાહ પુલચંદ ગુલાબચંદ અમદાવાદવાલા વિગેરે સદ્‌ગૃહસ્થો તરફથી હંમેશાં પૂજા, આંગી, ભાવના, બ્હેનોનાં ગરબા, પ્રભાવનાઓ વિગેરે ધર્મકાર્યો શરૂ થયાં. ધર્મ-રસિક સંગીતકલાવિશારદ શ્રીયુત મોહનલાલ પાનાચંદ સુરતવાલા, સંગીતમાસ્તર મનહરલાલ વિગેરે બહારથી આવેલ ગવૈયાઓ ઉપરાંત સ્થાનિક ગવૈયાઓ શ્રીયુત મુલજીભાઇ ચુનીલાલ તથા સુંદરલાલ વિગેરેની હાજરીથી પૂજા તથા ભાવનામાં ખૂબજ આનંદ આવ્યો અને હજારો જૈન—જૈનેતરોએ પ્રભુભક્તિનો લાભ લીધો.

મહા શુદી ૬ શુક્રવારે શેઠ પુનમચંદ છોટાલાલ તરફથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંભસ્થાપન કરવામાં આવ્યું. મહા શુદી ૮ રવિવારે નવગ્રહ દશ-દિક્પાલાદિ પૂજન થયું અને મહા શુદી ૫ સોમવારે જલયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો. વરઘોડામાં સોનાચાંદીનો સુંદર રથ, ઇન્દ્રધ્વજ, ચાંદીની પાલખી, સંખ્યાબંધ સાંબેલાઓ તેમજ સુરતનું રઝાકબેન્ડ વિગેરે લાવવામાં આવેલ. બપોરના લગભગ ત્રણ વાગે શરૂ થયેલો વરઘોડો સમગ્રશહેરમાં ફરી લગભગ સાંજના સાત વાગે પુનઃ શામળાજીના દેરાસરે આવી પહોંચ્યો. મહા શુદી ૧૦ સવારે દશ વાગે શ્રી આત્માનંદ જૈન પાઠશાલાનો ઈનામી મેલાવડો કરવામાં આવેલ હતો, થોડા દિવસો અગાઉ જ પરીક્ષક વાડીલાલ મગનલાલ પાઠશાલાના બાલક–બાલિકાઓની પરીક્ષા લઈ ગયેલા તેમાં પાસ થએલા નંબર પ્રમાણે ઓછા વધતાં કુલ લગભગ રૂા. ૨૦૦) સુધીના ઇનામ વહેંચવામાં આવ્યા હતા. સંઘના સંગઠ્ઠનને અંગે પણ કેટલીક યોજનાઓ રજુ કરવામાં આવી તેમજ ચરણપાદુકાની પ્રતિષ્ઠાને દિવસે નવકારશીનું જમણ થાય તો વધુ ઉત્તમ એમ સહુ ભાઈઓની ભાવના થતાં સવાર–સાંજનું નવકારશીનું પણ નક્કી થયું.

ડભોઈમાં ભૂતકાળમાં નવકારશી સાંજની જ થયેલી, જ્યારે આ અવસરે સવારે–સાંજે એમ બેઉ વખતની નવકારશીનો નિર્ણય થવાથી સંઘનાં આબાલ-વૃદ્ધ હરકોઈ ભાઈઓને અવર્ણનીય આનંદવૃદ્ધિ થઈ.

આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરવાના શુભપ્રસંગે એ સ્વ૦ આચાર્યશ્રીના ગુરુદેવ પરમકારૂણિક બાલબ્રહ્મચારી શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયકમલ-સૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા કરવાનો તેમજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ ઉપાધ્યાય મહારાજની ચરણપાદુકા જે દેરીમાં બિરાજમાન કરેલ છે, તે દેરી ઉપર જ ધ્વજાદંડ ચઢાવવાનો પણ નિર્ણય થયો હતો, અને જે દિવસ એ બધાય મંગલ કાર્યો કરવાનો હતો, તે દિવસ મહા શુદિ ૧૧ બુધવારનો હતો. એ એકાદશીના પ્રભાતથી જ જૈનપ્રજાનો હર્ષ કોઇ અપૂર્વ દેખાતો હતો.

સવાર–સાંજની નવકારશી હોવાથી બ્હેનોને રસોઈ–પાણીની ખટપટ મટી ગઈ હતી. અને તેથી અગીઆરશની વહેલી સવારે ગુરુચરણપાદુકા તથા ધ્વજાદંડના અભિષેક અને પ્રાણપ્રતિષ્ઠાની ક્રિયામાં પણ વિશાલ માનવસમૂહની હાજરી દૃષ્ટિ ખેંચનારી હતી. એ મંગલક્રિયા થઇ ગયા બાદ એ પાદુકા તથા ધ્વજદંડને સુંદર વિક્ટોરિયામાં પધરાવી બેન્ડ–વાજાં વગેરે સામગ્રી સાથે સકળ સંઘ શ્રી ગુરુમંદિરે આવી પહોંચ્યો. હજારોની સંખ્યાને અંગે વિશાલ જગ્યા પણ સંકીર્ણ થઇ. ગુરુપાદુકા તેમજ ધ્વજાદંડ વગેરેને અંગે ઉછામણી થવા લાગી અને પ્રતિષ્ઠાનો ટાઇમ થતાં અમદાવાદનાં પ્રસિદ્ધ લોખંડની સી૦ કે૦ વ્હોરાની કું૦ ના માલીક શાહ ધોળીદાસ ડુંગરશી તથા શેઠ નેમીચંદ પોપટલાલ અમદાવાદવાળાએ રૂા. ૧૮૦૧) માં આદેશ લઇ પૂ૦ આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાને બિરાજમાન કરી. સ્વ૦ આચાર્યશ્રીના પટ્ટધર આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજે વાસક્ષેપ કર્યો. શેઠ મંગળભાઈ લક્ષ્મીચંદ વડુવાળા, શેઠ હિંમતલાલ બાપુભાઇ, શેઠ ચુનીલાલ નરોતમ વાસણવાળા, શેઠ વીરચંદ ગમનાજી કડોદવાળા વગેરે ભાઇઓએ સેંકડો રૂપીઆની બોલી બોલીને જુદા જુદા આદેશો લીધા, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇએ પૂ૦ કમલસૂર મહારાજની ચરણપાદુકા બીરાજમાન કરી, તો કોઇએ ધ્વજાદંડ ચઢાવ્યા, એકંદર ઘણા જ આનંદથી પ્રતિષ્ઠાનું કાર્ય થયું. શેઠ મંગળભાઈ લક્ષ્મીચંદ વડુવાળા તરફથી પ્રભાવના કરવામાં આવી.

બપોરે ત્રણ વાગે શ્રી શામલા પાર્શ્વનાથજીનાં દેરાસરમાં ધ્રાંગધ્રાનિવાસી શેઠ પરશોતમ સુરચંદ તરફથી ઘણા જ ઠાઠ સાથે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું. તે પ્રસંગે જીવદયાની ટીપ થતાં થોડા વખતમાં જ સેંકડો રૂપીઆ ભરાઈ ગયા. છેવટ પ્રભાવના કરવામાં આવી, અને સાંજે નવકારશીનું જમણ થયું.

બારશને દિવસે સકલ સંઘ સહિત વાજતે–ગાજતે શ્રી ગુરુમંદિરના દ્વારોદ્દઘાટનની ક્રિયા શેઠ ફકીરચંદ નેમચંદના શુભહસ્તે કરવામાં આવી. બપોરે ત્યાં ગુરુમંદિરના મંડપમાં જ ઘણા જ ઠાઠથી નવાણું પ્રકારી પૂજા ભણાવાઈ, અને રાત્રે ભાવના થતાં તેમાં પણ સેંકડો પુરૂષોએ લાભ લીધો.

જૈનશાસનના જ્યોતિર્ધર તાર્કિક શિરોમણિ ઉપા૦ યશોવિજયજી મહારાજનો “ જીવન જ્યોતિ મહોત્સવ ” ઉજવવાનો કાર્યક્રમ બારશ ગુરૂવારે રાખેલ હોવાથી પ્રારંભમાં તેઓશ્રીના ગુણકીર્તન થવાપૂર્વક મુનિવર શ્રીમાન્ યશોવિજયજીએ લગભગ દોઢેક કલાક સુધી ઉપાધ્યાયજી મહારાજના જીવન પર સુંદર પ્રકાશ ફેંકતું ધારાવાહી પ્રવચન આપ્યું હતું.

આ મહોત્સવ પ્રસંગે અમદાવાદ, સુરત, મુંબઇ, વડોદરા, પાલીતાણા, ખંભાત વગેરે દૂરના તેમજ આજુબાજુના પ્રદેશોમાંથી સેંકડો મહેમાનો આવતાં ડભોઈના સંઘે તે સર્વેનું સુંદર સ્વાગત કર્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી ગુરુચરણ પાદુકાની પ્રાણપ્રતિષ્ઠા તેમજ શાંતિસ્નાત્રનું વિધાન કરવા માટે છાણીથી શ્રેષ્ઠિવર્ય શ્રીમાન્ નગીનદાસ ગરબડદાસ પધાર્યા હતા. એકંદર સ્વ૦ આચાર્યશ્રીનો પુન્યપ્રભાવ તેઓશ્રીના પટ્ટધર આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ, પંન્યાસ શ્રી ધર્મવિજયજી (ધર્મસૂરિજી), જયાનંદવિજયજી વગેરે મુનિમંડળનો સદુપદેશ તેમજ આચાર્યશ્રીના સમુદાયનાં મુખ્ય સાધ્વી પૂ૦ કલ્યાણશ્રીજીનું સંઘની વિનંતિથી આવાગમન અને સંઘના નાના–મોટા ભાઈઓનો તન, મન, અને ધનથી એકસહકાર વગેરે કારણોથી આ મહોત્સવ શાસનપ્રભાવક તેમજ ચિરસ્મરણીય બન્યો છે. મુંબઈ, અમદાવાદ, જુનાગઢ, રાજકોટ, વથલી, વઢવાણકેમ્પ, વેરાવલ વગેરે સ્થાનોના ગુણાનુરાગી ભાઈઓએ પણ આ મહોત્સવમાં સારો સાથ આપ્યો છે.

વળી આ મહોત્સવ પ્રસંગે સ્વ૦ પૂ૦ આચાર્યશ્રીના સ્મરણાર્થે એક સ્મારક ફંડની પણ પંચવર્ષીય યોજના કરવામાં આવેલ છે. જેમાં અનેક ભાઈઓએ સહકાર આપવાના વચનો આપ્યા છે. સ્મારક ફંડનો ઉદ્દેશ "વર્તમાન ઉગતી યુવાન પ્રજામાં જૈનધર્મના સંસ્કારો સુદ્રઢ થાય અને જૈનધર્મના મુખ્ય–મુખ્ય સિદ્ધાંતોનું જાણપણું થઈ શકે તેવી ટ્રેક્ટ બુકો સરલ ભાષામાં તૈયાર કરાવવી, અને ઓછી કિંમતે પ્રચાર કરવો." એ પ્રમાણે રાખવામાં આવ્યો છે. આ યોજનાના અંગે વિશેષ હકીકત હવે પછી રજુ કરવામાં આવશે.

શાસનપ્રભાવક પૂ૦ **આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ**નું ગુણગૌરવભર્યું ચરિત્ર જેટલા વિસ્તારથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખવું હોય તેટલા વિસ્તારથી લખી શકાય તેવા તે મહર્ષિમાં ગુણો હતા. અહિં તો ઘણા સંક્ષેપમાં એ જીવનને આલેખવામાં આવેલ છે. અને તેમાં બને ત્યાં સુધી કયાંઇ અતિશયોક્તિને અવકાશ આપ્યો નથી. એ મહાનપુરૂષના અવસાનથી જૈનસમાજે શાસનની ભવ્ય ઇમારતના અનેક સ્થંભો પૈકી એક સ્થંભ ગુમાવ્યો છે. સમર્થ વ્યાખ્યાનકારોની ટુંકી નામાવલીમાંથી એક નંબરની ગણના ઓછી થઇ છે. જૈન સંઘે શાસનમાંથી એક ઓજસ્વી અને પ્રભાવશાળી સુકાની ગુમાવેલ છે.

તપાગચ્છાધીશ પૂ૦ શ્રી મૂલચંદજી મહારાજના સમુદાયનો તેજસ્વી હીરો અદ્રશ્ય થયો છે, અને સદ્ગત આચાર્યશ્રીના શિષ્ય-પ્રશિષ્યોનો વિશાલ પરિવાર આજે શિરછત્ર વિનાનો બન્યો છે. એમ છતાં સદ્ગત પુન્યનામધેય આચાર્યશ્રીના અંતઃકરણમાં વર્ત્તતી સ્વ-પરકલ્યાણ સાધનાની યશોગાથાઓ, શાસનવફાદારી અને શુધ્ધપ્રરૂપણાના પુન્યશ્લોકો તેમજ શત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં તથા ગુજરાતના પાટનગર સરખા વડોદરામાં સુપ્રસિધ્ધ જૈન સાહિત્ય મંદિર તથા જ્ઞાનમંદિરના કીર્તિસ્થંભો જુગજુગ સુધી અમર રહેશે. પૂ૦ આચાર્યશ્રીનો વિદ્વાન શિષ્યવર્ગ તેમજ ગુણાનુરાગી ભક્ત શ્રાવકવર્ગ આચાર્યશ્રીની આશાઓ તથા અભિલાષાઓને અમલમાં લાવી એ અમર યશોગાથાઓ તેમજ કીર્તિસ્થંભો ઉપર સુવર્ણકલશ ચઢાવી જૈનશાસનની સેવામાં અભિવૃધ્ધિ કરશે.

**વંદન હો અમારા, એ સ્વ૦ સૂરિદેવને !**

**[સમાપ્ત]**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી રાજનગરમાં જબ્બર ઠાઠથી પૂજ્ય ગુરુજીને સંવત ૧૯૮૦ના માઘ વદ ૧૦ ને દિવસે આચાર્યપદારોપણ થયું, તે સમયનાં

## : ગીતો :

### [ ૧ ]

( સુંદર શામળીયા નામ જપીશ નિત્ય તહારૂં—એ રાગ )

સૂરિવર પદ પાયા, વિજયમોહનસૂરિરાયા;
સૂરિમંત્રો ધ્યાયા, સંઘે મોતીડે વધાયા.
સૂરિવર૦ એ આંકણી

રાજનગરમાં આજ દીવાળી, બાળા મંગળમાળા શાળી;
ઉચ્ચરે સ્વસ્તિક રચી ટંકશાળી, તરીયા તોરણ દ્વાર વિશાળી.
વાજીંત્ર નાદ બજાયાં. સૂરિવર૦ ૧

ઓગણીસેંહને એંશી વર્ષે, મહા વદ દશમી દિન અતિ હર્ષે;
વિજયનેમિસૂરીશ્વર ઉત્કર્ષે, વાસ ઠવે સૂરિનો શીર સ્પર્શે.
સંઘે સૂરિ ગુણ ગાયા. સૂરિવર૦ ૨

પંચ ઇંદ્રિયનો સંવર કરવા, બ્રહ્મચર્ય નવવિધ અનુસરવા;
ચૌ કષાયનો મળ પરિહરવા, એહ અઢાર ગુણો આદરવા.
સૂરિપદ લે ગુરુરાયા. સૂરિવર૦ ૩

પંચ મહાવ્રત પંચાચારે, પંચ સમિતિ ત્રણ ગુપ્તિ પાળે;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અતિચાર દોષો સૌ ટાળે, એ છત્રીશ ગુણ ગુરુ અજવાળે.
સફળ કરે નિજ કાયા. સૂરિવર૦ ૪

મહિતળમાં ચિરકાળ વિચરજો, ભવિ નરનારીને ઉદ્ધરજો;
જંગમતીર્થ ભવોદધિ તરજો, સંઘ સકલના પાતક હરજો.
**સાંકલચંદ** ગુણ ગાયા. સૂરિવર૦ ૫

---

[ ૨ ]

( આવો આવો જશોદાના કંત—એ રાગ )

આજ આનંદ આનંદ સંઘ સકલમાં થાવે રે,
આજ મંગળમાળા ગુણમણી માળા ગાવે રે;
આજ વિજયમોહનસૂરિ સૂરીશ્વર પદવી પાવે રે,
રચી ગુંહવળી સોહાગણ ગુરુને મોતીડે વધાવે રે. આજ૦ ૧

આજ વિજયનેમિસૂરીશ્વરના હાથે ભાળે રે,
સૂરિ મંત્રિત વાસક્ષેપ ગુરુ માથે ચઢાવે રે;
પરિસહ બાવીશ સહી ચૌદ ગ્રંથી જે ટાળે રે,
એ છત્રીશ ગુણ ગ્રહી મહાવ્રતને અજવાળે રે. આજ૦ ૨

ગુરુ ગચ્છ ધુરંધર ધીર ગંભીર ગુણ દરીયા રે,
જે સ્વ-પર સમયના જાણ જ્ઞાનઘટ ભરીયા રે;
ગુરુ અકલુષ અમલ અમાય કષાય નિવારી રે,
**સાંકળચંદ** સરવા કાજ એ પદવી સ્વીકારી રે. આજ૦ ૩

---

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી તરફથી કરવામાં આવેલી

## સૂરિસ્તુતિ

[ ૩ ]

( મંદાક્રાન્તા છંદ )

જેહને દેખી બહુશ્રુતધરો પૂર્વના સાંભરે છે,
જેહના પ્રત્યે સકલ જનતા માન મોટું ધરે છે;
જેહના નામે પણ વિલસતાં મંગલો સર્વ થાવે,
તે શ્રી નેમિસૂરિ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે. ૧

જે ભાનુની જિમ જગતમાં બ્રહ્મ-તેજે તપે છે,
જેહને તેજે હૃદયકમલો ભવ્યતા ઉલ્લસે છે;
ને નેત્રોમાં કુમત ઘુવડો અંધતાને ધરે છે,
તે શ્રી નેમિસૂરિ ચરણમાં ચિત્ત મારૂં ઠરે છે. ૨

સિધ્ધાંતોમાં સુરગુરુ સમા સર્વ ભાવો કહે છે,
જે સત્ત્વોમાં શશી તણી પરે શાંતતાને વહે છે;
જેહને ચિત્તે સ્વ-પર મતના ન્યાયશાસ્ત્રો રમે છે,
નિત્યે તે શ્રી ઉદયસૂરિને દાસ હેતે નમે છે. ૩

---

## શીખરણી

ધરી ચિત્તે નિત્યે જિનવચન પ્રીતિ અતિ બહુ,
વિલોક્યાં શ્રદ્ધાથી સમયસર શાસ્ત્ર વળી સહુ;
ધરે હૈયે જેઓ ચરણરૂચિને પ્રેમથી પૂરી,
સદા જયવંતા હો મુનિપ્રવર શ્રી મોહનસૂરિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

[ ૪ ]

( મનમોહન સુંદર મેળા, ધન લોક નગર ધન વેલા—એ દેશી )

સૂરિપદનો ઓચ્છવ થાયે, મન હર્ષ ન સહુને માયે.
રાજનગર રંગ ભરાયું, અતિ ઉમળકે ઉભરાયું;
કરી ઓચ્છવ લ્હાવો લીધો, ગુરુભક્તિ અમૃતરસ પીધો. સૂરિ૦
સૂરિ વિજયકમળ ગુણવંતા, તસ શિષ્ય મોહન વિજયંતા;
પંન્યાસપદે જેહ રાજે, તસ સૂરિપદ અર્પે આજે. સૂરિ૦
શ્રી નેમિવિજય સૂરિરાયા, બ્રહ્મચર્યે શ્રેષ્ઠ મનાયા;
એ શાસન સિંહના હસ્તે, પદ દેવા એ શુભ રસ્તે. સૂરિ૦
સાલ એંશી વિક્રમકેરી, વદી દશમી માઘ ભરેલી;
વીર ચોવીસસો પચાસે, આજ પદવીદાન ઉલ્લાસે. સૂરિ૦
મળીયું આમંત્રણ મન હર્ષ્યાં, ગુરુભક્તિનાં સૌ તરસ્યા;
સિધ્ધક્ષેત્રની મોટી ટોળી, અહીં આવી હર્ષે દોડી. સૂરિ૦
ધન ધન અવસર આ આવ્યો, શ્રી નેમિપ્રતાપે પમાયો;
શ્રી વિજયમોહનને દીધું, પદ આચારજ ઠીક દીધું. સૂરિ૦

—શ્રી સિધ્ધક્ષેત્ર પાલીતાણા જૈન સંઘ મોટી ટોળી.

---

## ગુરુગુણ કાવ્ય

[ ૫ ]

( મહાવીર તમારી મોહન મૂરતિ, દેખી મન લલચાય—એ રાગ )

આજ ઉત્સવ રાજનગરમાં, પદવી આચાર્યનો થાય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આકાશ આનંદે ગાજી રહ્યું છે, સુરપતિ જોવા મીલાય.

ગુરુ મોહનવિજય મહારાયા,
જ્ઞા ના બ્ધિ માં ઝી ૫ લા યા.
સૂરિ વિજયનેમિ મહારાજ પ્રતાપે, ઉત્સવ શોભા સાર....આજ૦ ૧

બહુ પરિસહ પડ્યા શીર તુટી;
પણ શાંતિ બુટી નવી છુટી.
નહિ માર્ગવીરનો છોડી પામ્યા, કીર્તિ જૈન સમાજ....આજ૦ ૨

વીર તત્ત્વ પુષ્પ ફેલાવા,
સમકિત રૂપી બીજ રોપાવા.
ઉપદેશ જળામૃત સિંચી કીધો, મંડળ બહુ ઉપકાર....આજ૦ ૩

મહામોહ વિદારણ કાજે;
ગુરુ નામજ મોહ-ન સ્થાપે.
વિજયકમલસૂરિ ભક્તિ સાચી, પામ્યા ધર્મ પ્રતાપ....આજ૦ ૪

ગુરુ-ભક્તિથી છ લ કા તા;
શ્રી વીર ઉપાસક સાચા.
યુવક મંડળ ગુરુરાજ પ્રતાપે, હૃદય ચંદ વિકસાય....આજ૦ ૫

શ્રી વીરધર્મ ઉપાસક-જૈન યુવક મંડળ-વડોદરા.

**શ્રી લાલચંદ.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री सद्गुरुचरणकमलाभ्यां नमः ॥

# आचार्यदेव श्रीमन्मोहनसूरिगुणस्तुतिद्वात्रिंशिका

रचयिता : व्याकरणतीर्थ-महोपाध्यायपदविभूषित

## मुनिवर श्री जयानन्दविजयः

श्रीवीरं देवं नमस्कृत्य, गुरुं च तदनन्तरम् ।
मोहनाख्यगुरोः किञ्चिद्-गुणान्स्मृत्वा प्रकाश्यते ॥ १ ॥

वक्तुमीशः फणीशोऽपि, गुणग्रामं न ते गुरोः ।
कथं तदा समर्थोऽहं, जयानन्दोऽतिमन्दधीः ॥ २ ॥

तथापि ते पदाम्भोज—रजोऽञ्जनशलाकया ।
किञ्चित् प्रवक्तुकामोऽहं, निर्मलीकृत्य लोचनम् ॥ ३ ॥

परमेष्ठिनमस्कारं, कुर्वन् सिद्धासने स्थितः ।
अत्याक्षीन्नश्वरं देहं, सूरीशो मोहनो गुरुः ॥ ४ ॥

वसुन्धरा निराधारा, निरालम्बा सरस्वती ।
संसारो दृश्यतेऽसारो, योगीशं मोहनं विना ॥ ५ ॥

चारित्रदर्शनाभ्यां यत्, सम्यग्ज्ञानं चकास्ति ते ।
गुरो ! नान्यत्र कुत्रापि, साम्प्रतं तन्निरीक्ष्यते ॥ ६ ॥

व्याख्याने माधुरी या ते, चातुरी च प्रबोधने ।
कुत्रचिन्नैव सा दृष्टा, न च लब्धा श्रुताऽपि वा ॥ ७ ॥

अज्ञानतिमिराऽऽछन्न—दर्शने दीपवद्गुरुः ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

संसारसिन्धुमग्नानां, तारणे तरीसन्निभः ॥ ८ ॥
साधुमुख्येष्वनेकेषु, सुशीलो मोहनो गुरुः ।
शुद्धा सुमधुरा रम्या, वाणी यस्य मुखे सदा ॥ ९ ॥
शम्बरारिविनाशे हि, साक्षात् श्रीवृषभध्वजः ।
मिथ्यात्वध्वान्तसंहारे, सूरीशस्सूर्यसन्निभः ॥ १० ॥
करालकलिकालेऽब्धौ, दुर्वाह्या धर्मनौरियम् ।
तथापि तेन वीरेण, तारिता दुस्तरा तरी. ॥ ११ ॥
गुरुर्यदा यदा धर्म—मुपदेष्टुमुपस्थितः ।
तदा तस्य सुजिह्वाग्रे, शारदा स्वयमागता ॥ १२ ॥
यदि जिह्वागता वाणी, का पृच्छा विषये गिरः ।
सुवर्णं गन्धयुक्तं चेत्, कस्य न प्रहृतं मनः ॥ १३ ॥
भवदुःखाग्निदग्धानां, शान्त्यै मेघसमो ध्रुवम् ।
भानुवन्मोहनः सोऽयं, सम्यक्त्वाब्जविकाशने ॥ १४ ॥
न्याय—व्याकृति—साहित्य—दर्शनाऽऽगमविद्यया ।
गुरवोऽलङ्कृता धर्म—शास्त्रे प्रत्यक्षमूर्त्तयः ॥ १५ ॥
विजित्य भुवि कामादी–नन्तःशत्रून् त्वया गुरो ! ।
जयार्थं बाह्यशत्रूणां, प्राप्ता शक्तिरलौकिकी ॥ १६ ॥
कुसुमेभ्यो यथा भृङ्गः, सारं गृह्णन्ति सर्वथा ।
तथैव सर्वशास्त्रेभ्यः, सारो येन समुध्धृतः ॥ १७ ॥
काचः काञ्चनसंयोगाद्, धत्ते मारकतिं यथा ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

तथैव सूरिसंसर्गादबुधोऽपि बुधायते ॥ १८ ॥

कुवाद्यनेकनागानां, मर्मस्थलविनाशने ।
आसीत् पञ्चाननः साक्षात्, सूरीशो मोहनो नु किम् ॥ १९ ॥

कस्तूर्या गन्धमात्रेण, कर्षयन्ति जनान् समान् ।
तथैवाऽऽकर्षिता लोका, गुणगन्धेन सूरिभिः ॥ २० ॥

सर्वेषां गुणरत्नानां, धारणे सागरोपमः ।
विषयातपतप्तानां, सुखार्थं चन्द्रवद्गुरुः ॥ २१ ॥

शशिरश्मिर्यथा लोके, कुमुदानन्ददायिनी ।
तथैवासीत्प्रभा यस्य, भव्यकैरवनन्दिनी ॥ २२ ॥

अभ्रभेदी यथा वायु-स्तमोभेदी च भास्करः ।
तत्समं संकटोच्छेदि, सुशुभं यस्य दर्शनम् ॥ २३ ॥

यस्य वाणी सदा रम्या, शास्त्रतत्त्वानुगामिनी ।
समासीत् सर्वलोकानां, मनोवांछितदायिनी ॥ २४ ॥

कल्पवृक्षो यथा लोके, सकलाभीष्टदायकः ।
तथैव दर्शनं यस्य, सर्वेष्टफलदायकम् ॥ २५ ॥

यस्य साहित्यसुस्नेहो, विख्यातो वसुधातले ।
निर्मितं तज्जनादर्शं, जैनसाहित्यमन्दिरम् ॥ २६ ॥

अन्याप्युद्घाटिता येन, बहुज्ञानप्रपा भुवि ।
जिज्ञासवो नरा यत्र, पिबन्ति ज्ञानकं सदा ॥ २७ ॥

पादपास्सन्ति पान्थानां, समर्थास्तापवारणे ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गुरवो भव्यजीवानां, स्थित्वा हि स्वयमातये ॥ २८ ॥
गोक्षीरमुज्ज्वलं लोके, सुधांशुकिरणं यथा ।
तथा ख्यातं यशः सूरे-र्दिक्षु सर्वासु सर्वदा ॥ २९ ॥
संसारव्याधिमग्नानां प्राणिनां व्याधिभेदने ।
संगीतशस्त्रमद्भूतं, वचनं तत्समं मुनेः ॥ ३० ॥
धर्ममूर्त्ति—र्यशोमूर्त्ति—र्जयमूर्त्तिः प्रतापवान् ।
क्वानन्दमूर्तिर्गतवान्, आचार्यो मोहनो गुरुः ॥ ३१ ॥
गुरो ! लोकमनोहारिन् ! विहारिन् ! मम मानसे ।
विहाय बालं गतवान् कुत्र मां शरणागतम् ॥ ३२ ॥
भास्वज्ज्ञानमहं वन्दे, शुद्धात्मानं दयामयम् ।
प्रकाशितजयानन्दं 'जयानन्दो' नतोऽनिशम् ॥ ३३ ॥

[ समाप्ता चेयं व्याकरणतीर्थमहोपाध्यायपदविभूषित–मुनिवर–
श्रीजयानन्दविजयविरचिता श्रीमन्मोहनगुणमञ्जरद्वात्रिंशिका
वि. सं. २००१ ]

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust